પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૬-૧૧-૨૦૨૪- શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૨૮ ● અંક : ૨૮૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# ઝાંસીની મેડીકલ કોલેજમાં આગમાં ૧૦ નવજાત શિશુનાં મોત

## સરકારી મેડીકલ કોલેજની ભયાનક આગમાં ૪૦ બાળકોને રેસક્યુ કરાયા : દુર્ઘટના અંગે ૧૨ કલાકમાં તપાસ રિપોર્ટ મોકલવા સરકારે કરેલો હુકમ

નવી દિલ્હી,તા.૧૬

ઉતર પ્રદેશનાં ઝાંસીમાં સરકારી મેડીકલ કોલેજનાં બાળકોનાં વિભાગમાં ભયાનક આગ લાગતા ૧૦ નવજાત શિશુના મોત નિપજ્યા હતા. અંદાજીત ૪૦ બાળકોને રેસ્કયુ કરવામાં આવ્યા હતા.શોર્ટ સર્કીટથી આગ લાગી હોવાની શંકા વ્યકત થઈ રહી છે. મુખ્યમંત્રી યોગી આદીત્યનાથે તાબડતોબ તપાસ રીપોર્ટ આપવાનો આદેશ જાહેર કર્યો હતો અને મૃતકોનાં પરિવારોને પાંચ-પાંચ રૂપિયાની સહાય જાહેર કરી છે.





ઝાંસીમાં સરકાર સંચાલીત મહારાણી લક્ષ્મીબાઈ મેડીકલ હોસ્પીટલનાં આઈસીયુ વોર્ડમાં રાત્રે અચાનક આગ ફાટી નીકળી હતી.આગની જવાળા દેખાતા તાત્કાલીક આગ બુઝાવવાની કામગીરી કરવા ઉપરાંત વોર્ડમાં દાખલ બાળદર્દીઓને બચાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.સીનીયર અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જીલ્લા કલેકટર અખિલેશકુમારે કહ્યું કે શોર્ટસર્કીટથી આગ લાગ્યાની શંકા છે. દુર્ઘટના વખતે કુલ ૫૪ બાળકો દાખલ હતા. ૧૬ ને નાની મોટી ઈજા છે જયારે ૨૮ સંપૂર્ણ સુરક્ષીત છે.હોસ્પીટલના આઈસીયુ વોર્ડમાં રાત્રે સવા દસ વાગ્યાનાં અરસામાં દુર્ઘટના બની હતી.આગ દેખાતા જ નાસભાગની સ્થિતિ સર્જાઈ હતી. ૬ ફાયર ટેન્કરોએ બે કલાકની જહેમત બાદ આગ કાબુમાં લીધી હતી.આગ બાદ 'એલાર્મ' વાગ્યો ન હતો. પરિણામે રેસ્કયુ કામગીરીમાં ઢીલ થઈ હતી.ઓકસીજન કોન્સનટ્રેટરમાં આગને કારણે તે ઝડપથી પ્રસરી હતી. સમગ્ર જીલ્લામાં પ્રસુતી તથા બાળરોગ માટે આ મુખ્ય હોસ્પીટલ હતી.આગને પગલે નાસભાગ તથા પરિવારોનાં ઉશ્કેરાટને ધ્યાને રાખીને પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો આગ વચ્ચે બારીના કાચ તોડીને લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.આ ઘટના વિશે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દુ:ખ દર્શાવ્યુ હતું. ૧૨ કલાકમાં તપાસ રીપોર્ટ આપવાનો આદેશ કર્યો હતો મૃત બાળકોનાં પરિવારોને ૫-૫ લાખ તથા ઈજાગ્રસ્તોને ૫૦-૫૦ હજારની સહાય જાહેર કરી હતી.નાયબ મુખ્યમંત્રી બૃજેશ પાઠક તથા આરોગ્ય સચીવ પાર્થસારથી શર્માને દુઘર્ટના સ્થળે દોડાવ્યા હતા.

સુત્રોના કહેવા પ્રમાણે ૧૦ બાળકો પૈકી અમુક જીવતા ભડથુ થઈ ગયા હતા જયારે અમુક ગુંગળામણને કારણે મોતને ભેટયા હતા. આગ પછી સૈન્ય ટુકડીને પણ મદદ માટે દોડાવવામાં આવી હતી.દુર્ઘટના વધુ ગંભીર ન બને તે માટે હોસ્પીટલમાં વિજ પુરવઠો કાપી નાખવામાં આવ્યો હતો.

# ગુજરાતનાં વિદ્યાર્થીઓને અમેરિકન વિઝા માટે તત્કાલ એપોઈન્ટમેન્ટ

### આઈ-૨૦ કેટેગરીના વિદ્યાર્થીઓ એક અથવા બે દિવસમાં એપોઈન્ટમેન્ટ મળશે

નવી દિલ્હી,તા.૧૬

આઈ-૨૦ કેટેગરીના વિદ્યાર્થીઓ એક અથવા બે દિવસમાં એપોઈન્ટમેન્ટ મેળવી શકશે : અગાઉ છ મહિના રાહ જોવી પડતી હતી

અમદાવાદઃ આ શિયાળામાં અમેરિકન સરકાર ગીફ્ટ લઈને આવી છે. ગુજરાતનાં વિદ્યાર્થીઓને હવે વિઝા ઈન્ટરવ્યુની તારીખો સરળતાથી મળી શકશે, જેનાથી ઘણાં વિદ્યાર્થીઓને નોંધપાત્ર ફાયદો થશે અને તણાવ ઘટશે.

ભારત અને ગુજરાતનાં સેંકડો વિદ્યાર્થીઓ દર વર્ષે અમેરિકન યુનિવર્સિટીઓમાં સ્નાતક અને માસ્ટર ડિગ્રીના અભ્યાસક્રમો માટે જાય છે. આ વર્ષે, યુએસ વિઝા માટે અરજી કરનારા ગુજરાતનાં વિદ્યાર્થીઓ ઈન્ટરવ્યુ માટે ખૂબ ઓછી રાહ જોઈ રહ્યાં છે.

અગાઉનાં વર્ષોમાં જયારે તારીખ નક્કી કરવી એ તણાવપૂર્ણ કાર્ય હતું. જેમાં અઠવાડિયા કે મહિનાઓ લાગી જતાં હતાં, પણ હવે સ્લોટ સરળતાથી ઉપલબ્ધ છે, જે મહત્વાકાંક્ષી વિદ્યાર્થીઓ અને વિઝા કન્સલ્ટન્ટને રાહત આપે છે.

૧૨ નવેમ્બરના રોજ, યુએસ એમ્બેસીએ સોશિયલ મીડિયા દ્વારા જાહેરાત કરી હતી કે શિયાળાનાં સેસન્સ માટે ભારતમાં ઘણાં ઈન્ટરવ્યુ સ્લોટ ઉપલબ્ધ છે. આંતરરાષ્ટ્રીય શિક્ષણ સપ્તાહ દરમિયાન આ વર્ષનાં શિયાળામાં વિદ્યાર્થીઓ માટે વિઝા

અનુસંધાન પાના ૭ પર

# મણિપુરના જીરીબા ખાતેથી ત્રણ મહિલાઓના મૃતદેહો મળ્યા

### ત્રણેય મૃત મહિલાઓની ઓળખ થઈ નથી

નવી દિલ્હી,તા.૧૬

ઈમ્ફાલમાં ૬ લોકોને બંધક બનાવ્યા હતા. મણિપુરના જીરીબામ જિલ્લામાં તણાવ ચાલુ છે. અહીં સોમવારે શંકાસ્પદ કુકી આતંકવાદીઓએ ત્રણ મહિલાઓ અને ત્રણ બાળકોને બંધક બનાવી લીધા હતા. તે જ સમયે, શુક્રવારે મણિપુરના જીરીબામ જિલ્લામાં ત્રણ મહિલાઓના મૃતદેહ મળી આવ્યા હતા, જેમના મૃતદેહોને આસામના સિલચરમાં શબઘરમાં લાવવામાં આવ્યા હતા. હજુ મૃતદેહોની ઓળખ થઈ શકી નથી.

સૂત્રોએ જણાવ્યું કે શબઘર જિરીબામથી લગભગ ૫૦ કિમી દૂર સિલ્ચર મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ (SMHC)માં છે. સૂત્રોએ જણાવ્યું હતું કે શુક્રવારે સાંજે ૭ વાગ્યે મૃતદેહોને શબઘરમાં લાવવામાં આવ્યા હતા, તેમણે ઉમેર્યું હતું કે શહેરમાં યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવે જીરીબામમાં મળેલા મૃતદેહોનું પોસ્ટમોર્ટમ SMHC ખાતે કરવામાં આવે છે.

અનુસંધાન પાના ૭ પર

# પાક.ના નનકાના સાહિબમાં હિન્દુ તીર્થ યાત્રીની ગોળી મારીને હત્યા

### તીર્થયાત્રા માર્ગ પર ગોળીબાર કરી લાખો રૂપિયાની લૂંટ

નવી દિલ્હી,તા.૧૬

પાકિસ્તાનના નનકાના સાહિબમાં એક હિન્દુ તીર્થયાત્રીની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે તે વ્યક્તિ ગુરુ નાનક દેવના ૫૫૫મા પ્રકાશ પર્વની ઉજવણીમાં ભાગ લેવા જઈ રહ્યો હતો. દરમિયાન, એક પાકિસ્તાની હિંદુ યાત્રાળુની લૂંટારાઓએ ગોળી મારીને હત્યા કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક સિંધ પ્રાંતના લરકાના શહેરનો વતની હતો, જેની ઓળખ રાજેશ કુમાર તરીકે થઈ છે. રાજેશ કુમાર પોતાના મિત્ર અને સંબંધી સાથે કારમાં લાહોરથી નનકાના સાહિબ જઈ રહ્યા હતા. દરમિયાન, લાહોરથી લગભગ ૬૦ કિલોમીટર દૂર માનનવાલા-નનકાના સાહિબ રોડ પર ત્રણ લૂંટારાઓએ તેમનો રસ્તો રોકી દીધો હતો.

ઘટના અંગે માહિતી આપતા પોલીસે જણાવ્યું હતું કે, બંદૂકધારીઓએ ત્રણેય પાસેથી ૪.૫ લાખ રૂપિયા અને ડ્રાઈવર પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા છીનવી લીધા હતા. જ્યારે રાજેશ કુમારે તેનો વિરોધ કર્યો તો લૂંટારાઓએ તેના પર ગોળીબાર કર્યો અને ભાગી ગયા.

બુધવારે રાત્રે લૂંટ અને ગોળીબારની ઘટના બાદ રાજેશ કુમારને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ગુરુવારે તેમનું મૃત્યુ થયું હતું.

અનુસંધાન પાના ૭ પર

# બિજનૌરમાં કાર ઓટો રિક્ષા સાથે અથડાતા સાતનાં મોત

### ગાઢ ધૂમ્મસના કારણે ગમ્ખ્વાર અકસ્માત સર્જાયો

નવી દિલ્હી,તા.૧૬

શનિવારે સવારે બિજનૌરના ધામપુર વિસ્તારમાં ગાઢ ધુમ્મસના કારણે એક માર્ગ અકસ્માતમાં સાત લોકોના મોત થયા હતા અને બે ઘાયલ થયા હતા. ધામપુરમાં દેહરાદૂન નૈનીતાલ નેશનલ હાઈવે પર એક ઝડપી કારે પાછળથી થ્રી વ્હીલરને ટક્કર મારવાને કારણે આ અકસ્માત થયો હતો.

આ અકસ્માતમાં થ્રી વ્હીલરના ચાલક સહિત સાત લોકોના મોત થયા હતા. અકસ્માતમાં મૃતક તમામ ઝારખંડમાં લગ્ન કરીને પોતાના ગામ તિબરી પરત ફરી રહ્યા હતા. મળતી માહિતી મુજબ, એક જ પરિવારના ૬ લોકો હતા અને આ લગ્ન વિશાલ નામના યુવકના હતા.

આ લોકો ટ્રેન દ્વારા મુરાદાબાદ આવ્યા હતા અને પછી મધરાતે થ્રી વ્હીલરમાં ગામ જઈ રહ્યા હતા. જ્યારે તે ધામપુર નગીના રોડ પર ફાયર સ્ટેશન પાસે પહોંચ્યો ત્યારે પાછળથી આવતી ક્રેટા કારે તેને ટક્કર મારી હતી. આ તમામ ૬

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હીમાં હવા પ્રદૂષણમાં સતત વધારો : એર ક્વોલીટી ઈન્ડેક્સ ૪૦૦થી ઉપર નોંધાયો

## પ્રદૂષણમાં વધારો થતા બસ સેવા અને મેટ્રો ટ્રેનની ટ્રીપમાં વધારો કરાયો

નવી દિલ્હી,તા.૧૬

શનિવારે સવારે પણ દિલ્હીમાં પ્રદૂષણ ખૂબ જ ખતરનાક સ્તરે નોંધાયું હતું. દિલ્હીના ૧૦થી વધુ સ્ટેશનો પર સવારે ૭ વાગ્યે છઊૈં ૪૦૦+ નોંધાયો હતો. જહાંગીરપુરીમાં AQI સૌથી વધુ ૪૪૫ પર પહોંચ્યો હતો.

પ્રદૂષણને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી આતિશીએ સરકારી ઓફિસો માટે સમયમાં ફેરફાર કરવાની જાહેરાત કરી હતી. કેન્દ્ર સરકારની ઓફિસો સવારે ૯ વાગ્યાથી સાંજના ૫:૩૦ વાગ્યા સુધી, દિલ્હી સરકારની ઓફિસો સવારે ૧૦ વાગ્યાથી સાંજના ૬:૩૦ વાગ્યા સુધી અને એમસીડી ઓફિસો સવારે ૮:૩૦થી સાંજે ૫ વાગ્યા સુધી કામ કરશે.દિલ્હીની તમામ પ્રાથમિક (ધોરણ ૫ સુધી) સ્કૂલોમાં ઓનલાઈન વર્ગો ચલાવવાની જાહેરાત શુક્રવારે જ કરવામાં આવી હતી. હવે ધોરણ ૬ થી ૧૨ સુધીની સ્કૂલો માટે પણ માસ્ક ફરજિયાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.સરકારે લોકોને પોતાના વાહનો ન ચલાવવાની અપીલ કરી છે. આ માટે ૧૦૬ વધારાની ક્લસ્ટર બસો અને મેટ્રોની ૬૦ વધુ ટ્રીપો વધારવામાં આવી છે. એર કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) અu NCR એટલે કે હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનથી આવતી બસોને દિલ્હી આવવા પર પણ પ્રતિબંધ મૂક્યો છે.અમેરિકન વૈજ્ઞાનિક હિરેન જેઠવાએ ૧૪ નવેમ્બરે દિલ્હીની સેટેલાઈટ તસવીરો શેર કરી હતી. આવામાં દિલ્હીમાં ગાઢ ધુમ્મસ જોવા મળી રહ્યું છે. હિરેન અમેરિકાની મોર્ગન સ્ટેટ યુનિવર્સિટીમાં એરોસોલ રિમોટ સેન્સિંગ વિજ્ઞાની છે. નાસાએ

અનુસંધાન પાના ૭ પર


















# સ્વાતંત્ર્ય સંગ્રામના જનનાયક બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી

## મહુવામાં એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલનું ખાતમૂર્ત કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલ

સુરત, તા.૧૬

આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી બિહારના જમુઈથી 'પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન-પી.એમ.જનમન'ના લાભાર્થીઓ સાથે ઈ- સંવાદ સાધ્યો હતો. આ સાથે જ દેશવ્યાપી 'ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન'નો શુભારંભ પણ કરાવ્યો હતો. જેના ભાગરૂપે સુરત જિલ્લાના મહુવા તાલુકાના બારતાડ ગામે કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના 'જનજાતિય ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે મંત્રીના હસ્તે રૂ.૩૦ કરોડના ખર્ચે તૈયાર થનારા એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રીએ મહાનાયક બિરસા મુંડાની જન્મજયંતિની શુભકામનાઓ આપતા જણાવ્યું હતું કે, આદિજાતિઓના વિકાસ માટે સરકારે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકી છે. આદિજાતિ સમાજ સર્વાંગીણ અને નક્કર વિકાસ તરફ આગળ વધે તે દિશામાં ગુજરાતે સમગ્ર દેશમાં નેતૃત્વ લીધું છે. જનનાયક બિરસામુંડાના જીવનમાંથી લોકો પ્રેરણા લે તે માટે વડાપ્રધાને જનજાતિય દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

રાજયમાં આદિજાતિઓની વિકાસગાથા વર્ણવતા કહ્યું હતું કે, રાજયમાં સરકારી છાત્રાલયો માટે વર્તમાન વર્ષે ૧૩૦ કરોડની જોગવાઇ, શૈક્ષણિક સુવિધાઓ માટે ૭૫ આદર્શ નિવાસી શાળાઓ પાસે રૂ.૧૨૨૭ કરોડ, સમરસ છાત્રાલયો માટે ૨૪.૮૭ કરોડની જોગવાઈ સહિત અનેકવિધ જોગવાઈ ઓ કરી હોવાની વિગતો તેમણે આપી હતી. ધારાસભ્ય મોહનભાઈ દ્વારા મહુવા વિસ્તારમાં સંયુક્ત ખાતાઓમાં પડતી મુશ્કેલીઓના કારણે યોજનાના લાભો મળી શકતા ન હોવાની રજુઆત સંદર્ભે મંત્રીએ યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી. આ અવસરે ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયાએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં એકલવ્ય મોડલ સ્કુલનું નિર્માણ થવાથી તાલુકાના ૫૦ ટકા વિધાર્થીઓને સિધો પ્રવેશ મળશે. સરકારે રસ્તા, પુલ તથા પાણી સહિતના અનેકવિધ કામો કર્યા છે. નવ નદીઓના વિસ્તાર હોવાથી નદીઓ ૫૦થી પુલોના

અનુસંધાન પાના ૭ પર

# ચેક રિટર્ન કેસમાં ગોડાદરાના દિનેશ બલદાણીયાને એક વર્ષ કેદની સજા

## ચેકની મૂળ રકમ છ ટકા વ્યાજ સાથે ચૂકવી દેવા કોર્ટનો હુકમ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૫

ચેક રીટર્ન કેસમાં સુરત શહેરના ગોડાદરા વિસ્તારના રહીશ દિનેશ બલદાણીયાને ૧ વર્ષની સાદી કેદની સજા કોર્ટે સંભળાવી હતી.

ફરીયાદી વિજયભાઈ બાબુભાઈ શિંગાળા અને આરોપી દિનેશભાઈ બલદાણીયા વચ્ચે ઘણા સમયથી એમ્બ્રોઈડરી જરીનો ધંધાકીય વ્યવહાર શરૂ થયો હતો, અને આરોપીએ ફરીયાદીની પેઢીમાંથી અલગ અલગ તારીખે એમ્બ્રોઈડરી જરીનું મટીરીયલ વેપાર કરેલ, જે નાણાંની ફરીયાદીએ વારંવાર માંગણી કરતા આરોપી દિનેશભાઈ બલદાણીયાએ તેમની પેઢીનો ફરીયાદીને ચેક આપેલા, જે ચેક પરત ફરતા ફરીયાદી વિજયભાઈ બાબુભાઈ શિંગાળાએ એડવોકેટ નરેશ નાવડીયા, ભાવેશ નાવડીયા,સંદીપ માંગુકીયા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેમાં આરોપીએ પોતાના બચાવમાં મુખ્ય તકરાર કાયદેસરના લેણાં, નાણાં માટે કેપીસીટી, હિસાબના ચોપડા રજુ કરેલ નથી, માલ ખરીદ કરેલ નથી તેમજ નોટીસ બજવણી સંબંધની લીધેલ, જે કેસ નામદાર કોર્ટમાં ચાલી જતાં, નામદાર કોર્ટે ઠરાવ્યું કે, આરોપીએ પોતાનો બચાવ પોતાના પુરાવાથી જ પુરવાર કરવો પડે, પ્રોબેબલ અનુમાનો પર નહી, જયારે આરોપીનો બચાવ નોટીસ બજવણી સંબંધમાં લેવામાં આવેલો તેમજ માલ ખરીદ કરેલ નથી તે બાબતનો બચાવ લેવામાં આવેલ.જેમાં નામદાર હાઈકોર્ટ,

અનુસંધાન પાના ૭ પર



# ચીખલી તલુકાના દિનકર ભવન ખાતે જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરાઇ

## આદિમ જૂથના વિવિધ યોજનાકીય લાભાર્થીઓના કેન્દ્રીય મંત્રી પાટીલના હસ્તે લાભોનું વિતરણ

નવસારી, તા.૧૬

કેન્દ્ર સરકારના આદિજાતિ વિકાસ મંત્રાલય દ્વારા આદિમ જૂથોના વિકાસ માટે "પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન અંતર્ગત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષતા હેઠળ બિહાર રાજ્યના જમુઈ ખાતેથી વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરના આદિમ જૂથના લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેના ભાગરૂપે આજે કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને ચીખલી તાલુકાના દિનકર ભવન ખાતે જિલ્લા કક્ષાના જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આજના શુભ અવસરે આદિજાતિ બાળકોના સર્વાંગી વિકાસ હેતુસર વાંસદા તાલુકાના સરાગામ ખાતે એકલવ્ય રેસિડેન્સીયલ સ્કૂલનું ખાતમહુર્ત વર્ચ્યુલ માધ્યમથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. તદુપરાંત અહીં મહાનુભાવોના હસ્તે આદિમ જૂથના વિવિધ યોજનાકીય લાભાર્થીઓને લાભોનું વિતરણ પણ કરાયું હતું. આ પ્રસંગે કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ભારત સરકાર આદિમજૂથ પરિવારના છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચાડીને લોકોના જીવનશૈલીમાં બદલાવ લાવવા માટે પીએમ જન મન અભિયાન અંતર્ગત ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન કટિબદ્ધ છે. આજે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રજાને સરકારી યોજનાઓનાં લાભો અપાવવા માટે આદિજાતિ વિસ્તારના ગામે ગામ પીએમ-જનમન મહાઅભિયાન હેઠળ દરેક લાભાર્થીને યોજનાનો લાભ મળી જાય તે માટે વ્યવસ્થા ઉભી કરી છે. વધુમાં તેમણે જણાવ્યું કે વર્ષ ૨૦૪૭ સુધીમા વિકસિત ભારત સંકલ્પને હાંસલ કરવા માટે આદિમજૂથ સમુદાયના લોકોનો સર્વાંગી વિકાસ થાય તે પીએમ-જનમન અભિયાનનો મુખ્ય હેતુ છે. આદિવાસી સમાજ સશકત અને મજબૂત બને તે માટે અનેક યોજનાઓ શરૂ કરવાનું કાર્ય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, રસ્તા, આરોગ્ય, સિંચાઈ જેવી સુવિધાઓ આદિવાસી પરિવારોને મળી રહે તે માટે સરકાર હંમેશા કટિબદ્ધ રહી છે. છેવાડે રહેતા આદિમજૂથના પરિવારોને સુવિધાઓ મળી રહે તે માટે વડાપ્રધાને જનમન યોજના અમલમાં મુકીને તમામ પરિવારોની ચિંતા કરી હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે ગણદેવીના ધારાસભ્યશ્રી નરેશભાઈ

અનુસંધાન પાના ૭ પર



# ડિંડોલીમાં મહારાષ્ટ્રીયન સમાજ પરિવારનું સ્નેહ મિલન યોજાયું

## ૫૦૦ પરિવારો દ્વારા વ્યસનમુક્તિ તથા શિક્ષણમાં આગળ વધવાનો સંકલ્પ

સુરત, તા.૧૬

સુરત શહેરના ડીડોલી વિસ્તારમાં સાંઈ પાર્ટી પ્લોટ ખાતે મહારાષ્ટ્ર સમાજ નો પરિવાર સ્નેહ મિલન સમારોહ યોજાયો છે. મુળ મહારાષ્ટ્ર નાં વતની હાલ, સુરત અમદાવાદ,મધ્યપ્રદેશનાં ખરગોન કાબરી, સેંધવા, પાનસમલ સહિત મહારાષ્ટ્રનાં મુંબઈ, શિરપુર થી ૫૦૦થી વધુ પરિવારનાં સભ્યો સ્નેહ મિલન સમારોહમાં એકત્રિત થયા હતા. કાર્યક્રમની શરૂઆત ભારતીય સંવિધાનના ઘડવૈયા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરજી અને બુદ્ધને પુષ્પ અર્પણ કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્યક્રમમાં પરિવારનાં યુવાનોને શિક્ષણમાં આગળ વધારવાની સાથે વ્યસન મુક્ત તરફ લઈ જવા સંકલ્પ કરાવ્યો હતો.સાથે જ નાની મોટી વાતોને ભૂલીને પરિવારને એકત્રિત રહેવા વડીલો દ્વારા વિચાર મુકવામાં આવ્યા હતા.આ સમારોહમાં બાળકોએ ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની સંસ્કૃતિ પર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી લોકોનું મનોરંજન કર્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વડીલો સહિત પરીવાર લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં અંતમાં વધુ પરિવારના સભ્યો સમૂહ ભોજન કર્યું હતું.




# કાલે એલપી સવાણી રોડ પર નિર્મલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલનું ઉદ્દઘાટન

## કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલના વરદ હસ્તે નવી હોસ્પિટલનું લોકાપર્ણ કરાશે

સુરત, તા.૧૬

સૂરતના હાર્દ સમા અડાજણ ખાતે ૧૨૦ પથારી ધરાવતી અત્યાધુનિક નિર્મલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પીટલનું ભારત સરકારના જલ મંત્રી શ્રી. સી. આર. પાટીલના વરદ હસ્તે ઉદઘાટન રાખવામાં આવેલ છે.

નિર્મલ હોસ્પીટલ અને આરોગ્ય સૂરતીઓ માટે એકબીજાનો પર્યાય બની ગયો છે. આ હોસ્પીટલ વિષે માહીતી આપતા ચેરમેન ડો. નિર્મલ ચોરારીયાએ યોજાયેલ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે લગભગ ૪૨ વર્ષ પહેલા ૧૫-૫-૧૯૮૩ ના રોજ ૯ બેડ થી શરુઆત કરનાર નિર્મલ હોસ્પીટલ વિશાળ વટવૃક્ષ બની ગઈ છે. રીંગરોડ ખાતે ૧૨૦ બેડની સુવિધા ધરાવતી હોસ્પીટલ સાથે આ નિર્મલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પીટલ સૂરતની જનતાને નવલું નજરાણું છે.

નિર્મલ હોસ્પિટલ પ્રાઈવેટ લિમિટેડ આરોગ્ય સેવા ક્ષેત્રમાં સુરતના લોકો માટે ભરોસાનું નામ છે. વિશ્વસનીય અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ આપવાની પ્રતિબદ્ધતા સાથે હોસ્પિટલ સુરતમાં આરોગ્ય ક્ષેત્રે નવી સિદ્ધિઓ હાંસલ કરવા માટે કટીબધ્ધ છે.

આ હોસ્પીટલમાં ૧૨૦ બેડની સુવિધાઓ સાથે ૪ અતિઆધુનિક મોડયુલર ઓપરેશન થિયેટરો છે. આ હોસ્પીટલમા હૃદય વિભાગમાં કેથ લેબ દ્વારા હૃદયને લગતી કોઈ પણ બિમારીની સારવાર આપી શકાશે તથા હૃદયને લગતા ઓપેરેશનો કરવામાં આવશે. આ ઉપરાંત હાડકાં વિભાગ અને સાંધા બદલવાની સર્જરી, પેટ તથા આંતરડાના રોગોને લગતી સારવાર તથા ઓપરેશનો, મગજના રોગોનો વિભાગ અને તેના ઓપરેશનો, કિડની વિભાગ અને તેના લગતા ઓપરેશનો, લેપરોસ્કોપીક સર્જરી, જનરલ સર્જરી, કેન્સર વિભાગ, પ્લાસ્ટિક અને રિકન્સ્ટ્રકટીવ સર્જરી

અનુસંધાન પાના ૭ પર

# મનપાના ૧૪૬ ડ્રાઈવરોની બદલી કરી દેવાતા વિરોધ

સુરત, તા.૧૬

સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન અને જુદા જુદા ખાતાઓમાં ફરજ બજાવતા ૧૪૬ જેટલા ડ્રાઈવરો અને જુદા જુદા મશીન ચલાવતા ઓપરેટરની સામૂહિક રીતે ફાયર ખાતામાં,એકાએક બદલી કરી નાખવામાં આવેલ છે.જેના વિરોધમાં સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) યુનિયન દ્વારા તારીખ ૧૬ મી નવેમ્બરને શનિવારે સાંજે ૫:૩૦ કલાકે સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, મુગલીસરા,સુરત ખાતે હલ્લાબોલ અને સામૂહિક રજૂઆતનો કાર્યક્રમ આપવામાં આવેલ છે.




# બેંકના ૧૧૧ કર્મચારીઓ દ્વારા અંગદાન કરવા સંકલ્પ કરાયો

## ડોનેટ લાઈફ ટ્રસ્ટમાંથી યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના કર્મીઓ ઉમદા કાર્ય માટે પ્રેરિત બન્યા

સુરત, તા.૧૬

દેશમાં સૌ પ્રથમ વખત ડોનેટ લાઈફ સંસ્થા ના માધ્યમથી બેંકિંગ ક્ષેત્રમાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયા ક્ષેત્રીય કાર્યાલય સુરતના ક્ષેત્ર પ્રમુખ શ્રીમતિ શ્વેતા સાવે સહિત ૧૧૧થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓએ અંગદાનના સંકલ્પ પત્ર ભરી ઉમદા ઉદાહરણ પૂરું પાડયું.

યુનિયન બેંક ઓફ ઈન્ડિયા ક્ષેત્રીય કાર્યાલય સુરત દ્વારા તા. ૨૪ અને ૨૫ ઓક્ટોબરના રોજ ક્ષેત્રીય કાર્યાલય ખાતે વિઝીલન્સ અવેરનેસ વીક-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડોનેટ લાઈફના સ્થાપક નીલેશ માંડલેવાલાને વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. નીલેશ માંડલેવાલાએ બ્રેઈનડેડ એટલે શું? કયા કયા અંગોનું દાન થઈ શકે? અંગદાન કોણ કરી શકે? અંગદાન શા માટે જરૂરી છે? વગેરે બાબતોની વિસ્તૃત માહિતી ઉપસ્થિત સૌ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને આપી, અંગદાનનું મહત્વ અને તેની સમગ્ર પ્રક્રિયા સમજાવી હતી. નિલેશ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, દેશમાં દર વર્ષે લાખો વ્યક્તિઓ સમયસર અંગ ન મળવાને કારણે મૃત્યુ પામે છે. તેમણે જણાવ્યું હતું કે, તમારા સ્વજનના અંગોની સ્વર્ગમાં જરૂર નથી પરંતુ પૃથ્વી પર જરૂરિયાતમંદ વ્યક્તિઓને ચોક્કસ જરૂરીયાત છે.

નિલેશ માંડલેવાલાએ વધુમાં જણાવ્યું હતું કે, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાની પરિકલ્પના રજૂ કરી છે ત્યારે વર્ષ ૨૦૪૭માં જયારે આપણો દેશ આઝાદીના શતાબ્દી વર્ષની ઉજવણી કરશે ત્યારે આપણા દેશમાં કોઈ પણ વ્યક્તિનું મૃત્યુ અંગ ન મળવાને કારણે નહીં થશે એ ડોનેટ લાઈફનું મિશન છે. તેઓએ ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને અંગદાનનો સંકલ્પ લેવા વિનમ્ર અનુરોધ કર્યો હતો.

આ સેમીનારમાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયા ક્ષેત્રીય કાર્યાલય સુરતના ક્ષેત્ર પ્રમુખ શ્રીમતિ શ્વેતા સાવેએ અંગદાનનો સંકલ્પ પત્ર ભરી એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું, ત્યારબાદ યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ૧૦૬માં સ્થાપના દિવસે ૧૧૧થી વધુ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ અંગદાનનો સંકલ્પ પત્ર ભરી દેશમાં એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અંગદાનનો સંકલ્પ લેનાર તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને ભારત સરકારના સ્વાસ્થ્ય મંત્રાલયનું અંગદાન સંકલ્પ પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

યુનિયન બેંક ઓફ ઈન્ડિયા ક્ષેત્રીય કાર્યાલય સુરતના ક્ષેત્ર પ્રમુખ શ્રીમતિ શ્વેતા સાવેએ ડોનેટ લાઈફ સંસ્થા દ્વારા અંગદાનના ક્ષેત્રમાં થઈ રહેલા ઉમદા કાર્યને બિરદાવી અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી. એક અંગદાતા આઠથી નવ વ્યક્તિઓને નવજીવન આપી શકે

અનુસંધાન પાના ૭ પર

# સુરત જિલ્લામાં ૮૦૦૦થી વધુ ગેરકાયદે ઝીંગા તળાવો પાસેથી હપ્તાની વસુલી

## એનજીટીનો આદેશ છતા હજારો ઝીંગા તળાવો તોડી પાડવા વહીવટી તંત્રને રસ નથી

સુરત, તા.૧૬

સુરત જિલ્લાના ઓલપાડ, મજુરા અને ચોર્યાસી તાલુકામાં કુલ મળીને ૮૦૦૦થી વધુ બિનઅધિકૃત ઝીંગા તળાવનો મુદ્દો ફરી ઉછળતા તળાવ ધારકો પાસે દર મહિને ઉઘરાવાતા હપ્તા અંગેનો પણ ઘટસ્ફોટ થયો છે. દર મહિને તળાવ દીઠ હપ્તો ઉઘરાવવા માટે ડઝન થી વધુ ટાઉટો ને કામ પર લગાડવામાં આવતા હોવાની માહિતી પણ બહાર આવી રહી છે.સુરત જિલ્લાના ઓલપાડમાં સૌથી વધુ બિનઅધિકૃત ઝીંગા તળાવો હોવાની માહિતીને આધારે વર્ષ ૨૦૨૦માં બ્રેકીશ વોટર રિસર્ચ સેન્ટર દ્વારા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) સમક્ષ કેસ દાયર કરવામાં આવ્યો હતો. જે અન્વયે કલેક્ટરને નોટિસ ઈશ્યુ કરવામાં આવી હતી અને તળાવોને સરવે કરીને રિપોર્ટ સબ મીટ કરવા અમુક મુદ્દત આપવામાં આવી હતી. આ મુદ્દતે પુર્ણ થયેથી સુરત જિલ્લા કલેક્ટરે એફિડેવિટ પર જણાવ્યું હતું કે, સરવે દરમિયાન માત્ર ૨૦ ટકા જ તળાવો અધિકૃત મળી આવ્યા છે. આ સિવાયના ૮૦ ટકા તળાવો બિનઅધિકૃત રીતે ધમધમી રહ્યાં છે.આ રિપોર્ટ પછી ગુસ્સાથી લાલચોળ થયેલા NGTએ બિનઅધિકૃત ઝીંગા તળાવો તોડી પાડવામાં આદેશ કર્યો હતો પરંતુ રાજકારણીઓની મોટી વગ તેમજ ભ્રષ્ટ બ્યુરોક્રેટની સિન્ડીકેટમાં કલેક્ટર ફાવ્યા ન હતા અને બિનઅધિકૃત ઝીંગા તળાવો તોડી શક્યા ન હતા. આ મામલે NGTએ કલેક્ટરને ઠપકો પણ આપ્યો હતો એવી માહિતી સુત્રો દ્વારા પ્રાપ્ત થઈ છે.જોકે, આ બધી કાર્યવાહી વચ્ચે ભ્રષ્ટ રાજકારણી અને બ્યુરોક્રેટની સિન્ડીકેટ દર મહિને તળાવ દીઠ ૩૦૦૦ રૂપિયાનો હપ્તો ફિક્સ કરી દીધો છે. જેની ઉઘરાણી માટે કાંઠા વિસ્તારના એક ડઝનથી વધુ ટાઉટોને કામે લગાડવામાં આવ્યા છે. ૧થી ૧૦ તારીખ વચ્ચે ઉઘરાણી પૂર્ણ કરી દેવામાં આવે છે અને ૧૫મી તારીખ સુધી જે-તે રાજકારણી અથવા બ્યુરોક્રેટના સુરક્ષિત સ્થળે રૂપિયા પહોંચતા કરી દેવામાં આવતા હોવાનું જાણવા મળી રહ્યું છે

# દારૂના નશામાં ત્રણ વાહનોને અડફેટે લેનાર નિલાંગ ગાયવાલાની ધરપકડ

## નશામાં ચકનાચૂર પાલિકા આસિસ્ટન્ટ ઈજનેરની ગાડી ડિવાઈડર કુદીને સામે છેડે પહોંચી ગઈ

સુરત, તા.૧૬

સત્તાના નશામાં ચકનાચૂર એવા બેફામ વાણી-વિલાસના ધની નિલાંગ ગાયવાલાએ ગઈકાલે રાત્રે દારૂના નશામાં ચકનાચૂર થઈને અનેક વાહનોને ઉડાવી દીધા હતા જેને પગલે ત્રણ વાહનોનો ખુડદો બોલી ગયો હતો.

સુરત મહાનગર પાલિકામાં આસિસ્ટન્ટ ઈજનેર તરીકે ફરજ બજાવી રહેલા વિવાદાસ્પદ આસિસ્ટન્ટ ઈજનેરની ચકાચોંધ લાઈફ સ્ટાઈલ જોઈને ભલભલા મોઢામાં આંગળી નાંખી દે તેમ છે. હાઈ-ફાઈ લાઈફ સ્ટાઈલ, મોંઘાદાટ વસ્ત્રો, હેવી સૂઝ અને લાખોની કિંમતની રિસ્ટ વોચના શોખિન એવા નિલાંગ ગાયવાલાને સત્તાનો એટલો નશો છેકે, તેની સામે જતાં લોકોને અત્યંત ધિક્કારની નજરે જુએ છે તેમજ અત્યંત તોછડી ભાષામાં અપમાન કરીને કાઢી મુકે છે. સતત વિવાદોથી ઘેરાયેલા ગાયવાલાએ ઝાંપાબજારની એક જુની મિલકતમાં પણ કડદો કરીને અસલ માલિકને ભારે આર્થિક નુકશાન પહોંચાડવાનું પાપ કર્યું હતું. પાલિકાના આસિસ્ટન્ટ કક્ષાના ઈજનેર હોવાં છતાં કમિશનર જેવો ફાંકો રાખતા નિલાંગના વર્તનને

અનુસંધાન પાના ૭ પર

# રવિવારે સુરતી દરજી જ્ઞાતિ વિદ્યોત્તજક કેળવણી મંડળની સામાન્ય સભા

સુરત, તા.૧૬

શ્રી સુરતી દરજી જ્ઞાતિ વિદ્યોત્તેજક કેળવણી મંડળ, સુરતની વાર્ષિક સામાન્ય સભા તા.૧૭-૧૧-૨૦૨૪ના રોજ રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે શ્રી સુરતી દરજી પંચની વાડીમાં, વાંકી બોરડી, શાહપોર, સુરત મુકામે એજન્ડામાં જણાવેલ કામો સારુ મળશે તો શ્રી સુરતી દરજી સમાજના આજીવન સભ્યો આ વાર્ષિક સામાન્ય સભામાં આજીવન સભ્યના કાર્ડ સાથે મોટી સંખ્યામાં હજાર રહેવા માટે ખાસ વિનંતી કરવામાં આવે છે.



**કીટી પાર્ટીનું આયોજન શ્રીમતિ પુર્ણિમાબેન શાહ (પથ્થરવાળા) દ્વારા પાલ ખાતે કરવામાં આવ્યું છે જેમાં સભ્ય બહેનો હાજર રહી પુષ્ટિમાર્ગીય ભજન કીર્તન પાઠની સાથે ભુલાઈ ગયેલી ઘરમાં રમાતી રમતો નું આયોજન કરવામાં આવ્યું હતું અને વિજેતા સભ્ય બહેનોને ઈનામો આપવામાં આવ્યા હતા. શ્રીમતિ પુર્ણિમાબેન શાહ (પથ્થરવાળા) સૌનું સ્વાગત કરી આભાર વ્યક્ત કર્યો હતો. સભ્ય બહેનોએ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો.**

# બહેનો, દિવાળીનો થાક ઊતર્યો કે નહીં?

ફેસ્ટિવ સીઝનમાં દોડધામ કરીને થાકી ગયાં હો તો હવે મસાજ-થેરપી લઈ થઈ જાઓ હળવાંફૂલ

હાલમાં જ દિવાળીનો તહેવાર ગયો. ઘરની સાફસફાઈ, ફરસાણ-મિષ્ટાન્ન બનાવવા, શૉપિંગ તેમ જ મહેમાનોની સરભરામાં બહેનોને પોતાના શરીરનું ધ્યાન રાખવાનો સમય જ નહીં મળ્યો હોય. ખરેખર ફેસ્ટિવ સીઝનમાં બહુ થાકી જવાય. વાસ્તવમાં દિવાળીમાં સુંદર દેખાવા માટે બહેનો બ્યુટી-પાર્લરની મુલાકાત લે છે, પરંતુ તહેવાર બાદ શરીરને આરામ આપવાની દિશામાં ખાસ વિચારતી નથી. આ સમય દરમ્યાન એટલીબધી દોડાદોડી કરી છે તો હવે થોડો આરામ પણ કરી લો. શરીરને હળવુંફૂલ બનાવવા અને તહેવારોનો થાક ઉતારવા માટે સ્પા ઍન્ડ બૉડીમસાજ-થેરપી ખૂબ જ કારગત નીવડશે. આજે આપણે એક્સપર્ટ પાસેથી રિલૅક્સ થવાના ઉપાયો વિશે જાણીશું.

ફેસ્ટિવ સીઝન પૂરી થયા બાદ તન અને મનને રિફ્રેશમેન્ટની જરૂર પડે છે એમ જણાવતાં મુલુંડમાં આવેલા બ્રાઇડ ઍન્ડ બ્યુટીનાં ફાઉન્ડર ઍન્ડ બ્યુટિશ્યન નીતા સોલંકી કહે છે, 'સામાન્ય રીતે આપણે ખાસ દિવસને ફોકસમાં રાખીને જ બ્યુટી-ટ્રીટમેન્ટ કરાવીએ છીએ. તહેવારમાં સુંદર દેખાવું અનિવાર્ય છે, પરંતુ બધી જ ધાંધલધમાલ પૂરી થયા બાદ રિલૅક્સેશન પણ એટલું જ જરૂરી છે. બૉડીમસાજનો કન્સેપ્ટ જ શરીરને આરામ આપવા માટેનો છે. દિવાળીની સીઝનમાં વાતાવરણમાં પૉલ્યુશનનું પ્રમાણ વધારે હોય છે. એમાંય જો બહારગામ ફરીને આવ્યાં હો તો બૉડીમસાજને નજરઅંદાજ ન કરતાં. આ સમયગાળા દરમ્યાન સ્કિન-ટૅનિંગની સમસ્યા વધુ જોવા મળે છે. કુદરતી પોષક તત્વોથી મસાજ કરાવવાથી ટૅનિંગ દૂર થશે તેમ જ થાક પણ ઊતરી જશે. બૉડીમસાજમાં સૌથી પહેલાં આખા શરીર પર ફ્રેશ ફ્રૂટ્સ, ડ્રાયફ્રૂટ્સ અથવા વેજિટેબલના પલ્પમાં ઑઇલ ભેળવી શરીર પર સ્ક્રબિંગ કરવામાં આવે છે. સ્ક્રબિંગ માટે દાણાદાર સામગ્રીનો ઉપયોગ કરવો જોઈએ. દાખલા તરીકે ફ્રૂટ્સ મસાજ કરાવવાનો હોય તો સ્ટ્રૉબેરી અને ડ્રાયફ્રૂટ્સ મસાજમાં અંજીરનો ઉપયોગ થાય છે. ત્યાર બાદ કેળાં જેવાં લીસાં ફ્રૂટને મસળી ક્રીમ બનાવી મસાજ કરવામાં આવે છે. બૉડીને સ્ટીમિંગ આપ્યા બાદ છેલ્લે એ જ ફ્રૂટની છાલને ગ્રાઇન્ડ કરી એમાં ઑઇલ ભેળવી પૅક લગાવવામાં આવે છે. માથાથી પગની પાની સુધી આ રીતે મસાજ કરવાથી સ્કિન-ટૅનિંગ દૂર થઈ જાય છે. બૉડી-પૉલિશિંગ થવાથી સ્કિન ગ્લો થાય છે.'

ઑઇલ એક પ્રકારનું મોઈશ્ચરાઈઝર છે અને એનો જ મહત્તમ ઉપયોગ કરવો જોઈએ એવો મત વ્યક્ત કરતાં તેઓ કહે છે, 'આજે લોકો ફરીથી આયુર્વેદ તરફ વળ્યા છે. શાસ્ત્રોમાં શરીર પર તેલથી મસાજ કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. આપણે ત્યાં નવજાત બાળકને પણ તેલથી માલિશ કરવામાં આવે છે. તુલસી, હળદર, અલોવેરા, ઑલિવ અથવા બદામના ઑઇલ વડે મસાજ કરી હૂંફાળા પાણી વડે નાહવાથી બહુ સારું લાગે છે. આટલું તો આપણે બધા ઘરમાં જ કરી શકીએ છીએ. રોજિંદા જીવનમાં પણ થોડી ચીવટ રાખો તો શારીરિક થાક નથી લાગતો તેમ જ ઑઇલથી હાડકાં મજબૂત થાય છે. નિયમિતપણે મસાજ કરવાથી શરીર પર કરચલીઓ નથી પડતી. મસાજ-થેરપી વૃદ્ધાવસ્થાને દૂર ધકેલવાનો શ્રેષ્ઠ ઉપચાર છે.'



**શાસ્ત્રોમાં શરીર પર તેલથી મસાજ કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. આપણે ત્યાં નવજાત બાળકને પણ તેલથી માલિશ કરવામાં આવે છે. તુલસી, હળદર, અલોવેરા, ઓલિવ અથવા બદામના ઓઇલ વડે મસાજ કરી હૂંફાળા પાણી વડે નાહવાથી બહુ સારું લાગે છે. આટલું તો આપણે બધા ઘરમાં જ કરી શકીએ છીએ.**

બૉડીમસાજ માટે ઓછામાં ઓછી ૪૫ મિનિટ ફાળવવી જોઈએ એમ જણાવતાં નીતાબહેન કહે છે, 'અમે જ્યારે મસાજ આપીએ છીએ ત્યારે હળવું મ્યુઝિક રાખીએ. સંગીતથી તમારા મનમાં નેગેટિવ વિચારો નથી આવતા. શરીરની સાથે મન પણ હળવુંફૂલ થાય તો જ પરિણામ સારું આવે. આ ઉપરાંત અરોમા કૅન્ડલ પ્રગટાવવાથી વાતાવરણમાં સુગંધ પ્રસરી જાય છે. માત્ર થાક ઉતારવા માટે જ નહીં તન-મનને સુંદર અને સ્વસ્થ રાખવા માટે મહિનામાં એક વાર બૉડીમસાજ કરાવવો જ જોઈએ. આમાં સાઇડ-ઈફેક્ટની કોઈ જ શક્યતા નથી એથી ટીનેજરથી લઈ ૭૦ વર્ષની બહેનો પણ કરાવી શકે છે.'

રિલૅક્સ, રિફ્રેશ અને બ્યુટીનો સમન્વય એટલે મસાજ-થેરપી એવો અભિપ્રાય આપતાં મલાડનાં બ્યુટિશ્યન તૃપ્તિ શાહ કહે છે, 'તહેવારો દરમ્યાન બહેનો પોતાના ચહેરાની સુંદરતા પર વિશેષ ધ્યાન આપે છે, પરંતુ ફેસ્ટિવ સીઝન પૂરી થયા બાદ બૉડીને રિલૅક્સ કરવાની બાબતમાં બેદરકારી દાખવે છે. દિવાળીના જોશમાં ખૂબ દોડધામ કરવાથી એનર્જી ખતમ થઈ જાય છે. હેર-સ્પા અને બૉડીમસાજથી બધો જ થાક ઊતરી જાય છે અને નવેસરથી રોજિંદા કામમાં જોતરાઈ જવા માટેનું બળ મળે છે. તલ અથવા બદામના તેલથી શરીરના દરેક અંગ પર હળવે હાથે મસાજ કરવો જોઈએ. ઘણા લોકો તેલ લઈને શરીર પર રગડ-રગડ કરે છે. આ રીત સાવ જ ખોટી છે. તમે બહુ રગડ્યા કરો તો ત્વચા ઢીલી પડી જાય. મસાજ કરતી વખતે આંખોના મસાજ પર ફોકસ રાખવું જોઈએ. આંખને આરામ મળે એ રીતે વીસેક મિનિટ સુધી ક્રીમ વડે મસાજ કરવો. બૉડીમસાજ થયા પછી દસેક મિનિટ આમ જ પડ્યા રહેવું. ત્યાર બાદ ગરમ પાણીમાં ટુવાલ ભીનો કરી બૉડીને સ્ટીમ આપવી. મસાજથી બ્લડ-સર્ક્યુલેશન ઈમ્પ્રૂવ થાય છે, શુષ્ક ત્વચામાં જાન આવે છે. સમસ્ત પ્રક્રિયા એવી રીતે થવી જોઈએ કે તમને ઊંઘ આવવા લાગે. મસાજ ચાલતો હોય ત્યારે રૂમની લાઇટ ડીમ રાખવી જોઈએ. અસરકારક પરિણામ જોઈતું હોય તો કોઈ પણ પ્રકારના આડાઅવળા વિચારો અને ઘરના ટેન્શનને મનમાંથી કાઢી માત્ર તમારા પોતાના આરામનો જ વિચાર કરવો.'

બૉડીની સાથે માથાના વાળમાં પણ સારી રીતે મસાજ થવો જોઈએ એમ જણાવતાં તેઓ કહે છે, 'માથાનો ભાર હળવો કરવા તેમ જ વાળની મજબૂતી માટે ઑઇલ વડે મસાજ કરવો જોઈએ. દિવાળી પહેલાં તમે હેર-સ્પા કરાવ્યું હોય તો પણ હેરમસાજને પ્રાધાન્ય આપો. આ કામ તમે ઘરમાં પણ સારી રીતે કરી શકો છો. માથામાં તેલથી મસાજ કર્યા બાદ ગળી ગયેલાં કેળાં, ઑલિવ ઑઇલ અને દહીંને મિક્સરમાં મિક્સ કરી એકરસ કરી લો. વાળમાં જે રીતે મેંદી લગાવો છો એ જ રીતે આ પૅકને લગાવો. અડધો કલાક બાદ ઠંડા પાણી વડે માથું ધોઈ લો. આ ઉપચાર મહિનામાં બે વખત કરવાથી વાળની ચમક જળવાઈ રહેશે. આ જ રીતે મેથીના દાણાને રાતે પલાળી સવારે દહીં, મધ અને લીંબુ નાખી પૅક બનાવી લગાવી શકાય અથવા મીઠા લીમડાનાં પાનને ક્રશ કરી એમાં દહીં નાખી વાળમાં લગાવો. તન-મનની સ્ફૂર્તિ માથાના વાળ સહિત દરેક અંગ માટે મસાજ-થેરપી બેસ્ટ છે.'



# આવતી કાલની ચિંતામાં ખોવાઈ જવા કરતાં આજને જીવી લેવામાં જ મજા છે

જો બદલી ન શકીએ તો જાણીને શું ફાયદો? વિધાતાનું કાર્ય હાથમાં લેવા શું આપણે સક્ષમ છીએ ખરા? તો શું કરવું જોઈએ? તો ચાલો આજમાં જીવીએ અને આજનું વિચારીએ, કારણ કે આજના જીવનમાંથી જ આખરે આવતી કાલનું સર્જન થશે

વિક્રમ સંવત ૨૦૭૪ તાજેતરમાં જ પૂરું થયું અને હવે આપણે વિક્રમ સંવત ૨૦૭૫માં દાખલ થયા. નવું વર્ષ ચાલુ થાય એટલે બીજી બધી બાબતોની જેમ એક બીજી રસપ્રદ બાબત એ બને કે લોકોને પોતાનું આગામી વર્ષ કેવું રહેશે એ જાણવાની તાલાવેલી થાય. લોકોની આ જ તાલાવેલીને પોષવા અખબારો અને સામયિકોથી માંડી પંચાંગ વગેરેમાં પ્રત્યેક રાશિનું ભવિષ્ય ભાખતી આગાહીઓ થાય. નામી જ્યોતિષાચાર્યોનાં આ વિષય પર પુસ્તકો પ્રકાશિત થાય. ટૅરો કાર્ડરીડર્સની ડિમાન્ડ વધી જાય અને એકાએક ભવિષ્યવેત્તાઓનો બિઝનેસ વધી જાય. પોતાનું આવનારું જીવન કેવું રહેશે એ જાણવાની ઉત્સુકતા કોને ન હોય? બધાને જ હોય. મને પણ છે, પરંતુ એ બધું બે ઘડીની ગમ્મત પૂરતું જ હોવું જોઈએ, એનું વળગણ ન પળાય. બલકે બીજી જ ક્ષણે કપડાં પરની ધૂળની જેમ આ અતિજ્ઞાનને ખંખેરીને આગળ વધી જવું જોઈએ.

કારણ કે જે વસ્તુ આપણા હાથમાં છે જ નહીં એની બહુ ચિંતા કર્યા કરવાનો કોઈ અર્થ નથી. જે છે આ ક્ષણ છે. વાસ્તવમાં આપણામાંથી કોઈ નથી જાણતું કે આવનારા વર્ષમાં, આવનારા દિવસમાં, આવનારી ક્ષણમાં પોતાની સાથે શું થવાનું છે. એ દૃષ્ટિએ જુઓ તો ભવિષ્ય એક ઘેરો અંધકાર માત્ર છે. જે પ્રકાશમય છે એ તો આ ક્ષણ છે. જીવતી, જાગતી, જીવનથી ધબકતી. એથી આપણે જે પુરુષાર્થ કરવાનો છે એ માત્ર આ ક્ષણને સુંદર બનાવવાનો જ હોવો જોઈએ.

વળી કલ્પના કરો કે કોઈ દિવસ તમને તમારું એક્ઝૅક્ટ ભવિષ્ય ખબર પડી પણ જાય તોય શું? શું તમે એને બદલી શકવાના છો? સહદેવ એને બદલી શક્યો હતો? અમારા ઓળખીતામાં એક જ્યોતિષાચાર્ય હતા. કાશીમાં ભણ્યા હતા. લોકોનો ચહેરો જોઈ તેમનું ભવિષ્ય કહી દેતા. સંસ્કૃત બોલવામાં તો એટલા પાવરધા કે સંસ્કૃતના શ્લોકો બોલવાની સ્પર્ધાઓમાં ભાગ લેતા. તેમણે પોતાનું મોત જોઈ લીધું હતું. તેઓ મૃત્યુ પામવાના હતા એના આગલા દિવસે પોતાના પરિવારના બધા સભ્યોને તેમણે ભેગા કર્યા, પોતાનું વિલ બતાવ્યું, બધાને સાથે મળીને રહેવાની સલાહ આપી. અરે એટલું જ નહીં, પોતાની બારમા-તેરમાની વિધિમાં લોકોને કઈ-કઈ વાનગીઓ બનાવીને ખવડાવવી એની સૂચનાઓ પણ આપી, પરંતુ પોતાના મોતનો સમય તેઓ બદલી ન શક્યા. તેમણે કહ્યું હતું બરાબર એ જ ક્ષણે તેમનો જીવ ગયો હતો.

આઇ ઍમ શ્યૉર, તમારા ઓળખીતા-પાળખીતામાં પણ તમે આવા એકાદ-બે કિસ્સા તો સાંભળ્યા જ હશે. કહેવાનું તાત્પર્ય એ છે કે જેઓ ખરેખર ભવિષ્ય જોઈ શકે છે તેઓ પણ એને બદલી નથી શકતા. એટલી તાકાત ભગવાને કોઈને નથી આપી. કેટલાક રાઇટ્સ તેણે પોતાના માટે રિઝર્વ રાખ્યા છે. એથી તેના પેંગડામાં પગ નાખવાનો પ્રયત્ન વ્યર્થ છે.

એક જ્યોતિષી વિશે એવો પણ વ્યંગ છે કે એક વાર એક જ્યોતિષી એક મોટા શેઠને મળવા ગયો અને તેમની હસ્તારેખા જોવાની જીદ કરી. શેઠે ના કહી. જ્યોતિષીને એ શેઠ પાસેથી સારાએવા પૈસા પડાવી લેવાની લાલચ હતી. એથી તેણે શેઠના ભવિષ્ય વિશે બધું સારું-સારું બોલવાની તૈયારી પણ કરી રાખી હતી. તેણે ખૂબ દબાણ કર્યું એટલે શેઠે તેને પોતાનો હાથ જોવાની પરવાનગી આપી. જ્યોતિષીએ પણ પોતાના પ્લાન મુજબ બધી વાતો કરી. શેઠે હસતાં-હસતાં સાંભળી લીધી. જવાનો સમય થયો એટલે જ્યોતિષી ઊભા થયા. શેઠ ન કંઈ બોલ્યા, ન કંઈ દક્ષિણા આપી. જ્યોતિષીથી રહેવાયું નહીં એથી તેણે સામેથી પૈસા માગ્યા એટલે શેઠે કહ્યું, તમે કેવા જ્યોતિષી છો?

મારી હસ્તરેખા જોઈ હું તમને પૈસા આપીશ કે નહીં એ પણ તમે જાણી ન શક્યા? મારું તો શું, તમે તમારું ભવિષ્ય પણ ન જોઈ શક્યા?


અહીં જ્યોતિષજ્ઞાનનું અપમાન કરવાનો કોઈ ઇરાદો નથી, માત્ર લેભાગુઓથી બચવા માટેનો વ્યંગ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે નિયતિમાં જે લખાયેલું છે એને કોઈ બદલી શકતું નથી. ભવિષ્યની ચિંતા કરનારા અને વારતહેવારે જ્યોતિષવિદ્યાનો સહારો લેવાનો પ્રયત્ન કરનારા એવી દલીલ કરે છે કે ભવિષ્યમાં શું થવાનું છે એ પહેલેથી સમજાઈ જાય તો એની પૂર્વતૈયારી કરી શકાય અને સૂડીનો ઘા સોયથી ટાળી શકાય, પરંતુ એવુંય નથી થઈ શકતું. કારણ કે નિયતિમાં લખાયેલું ભગવાન પોતે પણ બદલી નથી શકતા. વિચારી જુઓ, ભગવાન રામને તો ખબર જ હતી કે પોતે વનવાસમાં જવું પડશે, જ્યાં સીતાનું હરણ થશે. તેઓ ધારત તો આસાનીથી એને બદલી શક્યા હોત, પરંતુ તેમણે એ ન કર્યું અને જે થવાનું લખાયેલું હતું એ થવા દીધું. એવી જ રીતે ભગવાન કૃષ્ણ પણ આસાનીથી મહાભારતનું યુદ્ધ અટકાવી શક્યા હોત, પરંતુ તેમણે એવું ન કર્યું. જે થઈ રહ્યું હતું એ થવા દીધું, પોતે માત્ર સાક્ષીભાવે તેમાં હાજર રહ્યા.

ક્યાંક આ પ્રકારનું જીવન જીવીને ભગવાન પણ આપણને એવું તો નહીં કહેવા માગતા હોયને કે જે છે એ આ ક્ષણ જ છે? સામે આવેલી પ્રત્યેક ક્ષણમાંથી બધાએ પસાર થવું જ પડે છે. તો પછી શા માટે એને મનભરીને પૂર્ણપણે જીવી ન લેવી? આમ પણ સંપૂર્ણ જીવન તો જ જીવેલું કહેવાય જો તમે જીવનના પ્રત્યેક રંગ જોયા હોય. પ્રત્યેક ઉતાર-ચડાવમાંથી પસાર થયા હો. સફળતાનો નશો માણ્યો હોય તો નિષ્ફળતાનો સ્વાદ પણ ચાખેલો હોય.

# આ વર્ષે કેવા રેઝોલ્યુશન લેવા જોઈએ?

**અલ્ટીમેટલી આ જ લોકો છે જે તમે બીમાર પડશો ત્યારે તમારી બાજુમાં આવીને ઊભા રહેશે અને તમારા માથે હાથ ફેરવશે. ફૅમિલી ફર્સ્ટનો રેઝોલ્યુશન લો અને ફૅમિલીને મહત્વ આપતાં શીખો. સન્ડે મોબાઇલ વિનાનો જશે તો બનશે**

વહેલા જાગવું, જિમ જૉઇન કરવું કે વેઇટ ઓછું કરવું. રેઝોલ્યુશનની યાદીમાં આવી વાતો લખનારા સેલ્ફ-સેન્ટર્ડ લોકો છે. રેઝોલ્યુશન કેવા લેવા જોઈએ એ જાણો આપણને બધાને થર્ટી-ફર્સ્ટ ડિસેમ્બર પછી આવતું નવું વર્ષ વધારે ગમતું હોય છે અને ખાસ કરીને યંગસ્ટર્સને, પણ હું એમાં થોડો અલગ છું. મને આપણું આ નવું વર્ષ એટલે કે વિક્રમ સંવત વધારે ગમે છે. લોકો ઈસુના વર્ષના અંતે રેઝોલ્યુશન લે, પણ હું તો આપણા આ હિન્દુસ્તાની નવા વર્ષની પૂર્વસંધ્યાએ રેઝોલ્યુશન લેતો હોઉં છું અને એ પાળવાની ટ્રાય પણ કરતો રહું. બને એવું કે મેં થોડા રેઝોલ્યુશન લીધા હોય તો એમાંથી બે-ચાર તૂટે અને બે-ચાર લાઇફ-સ્ટાઇલ બની જાય એટલે કન્ટિન્યુ રહે. પહેલાં મને જે રેઝોલ્યુશન તૂટતા એના માટે અફસોસ થતો, પણ પછી ધીમે-ધીમે સમજાયું કે તૂટતા રેઝોલ્યુશન માટે અફસોસ કરવાને બદલે એ કરવા માટે પ્રયાસ કર્યો એની ખુશી હોવી જોઈએ.



આપણે ત્યાં રેઝોલ્યુશન મોટા ભાગે એવા જ લેવામાં આવે છે જેમાં કાં તો પૈસાની વાત હોય, જૉબની વાત હોય અને કાં તો પર્સનલ મૅટર હોય. હું સવારે વહેલો જાગી જઈશ, હું એક્સરસાઇઝ કરવા જઈશ, હું જિમ જૉઇન કરીશ કે પછી એવા જ બીજા બધા, પણ મારું કહેવું એ છે કે જો તમારા માટે આ બધી વાતો રેઝોલ્યુશન જેવી હોય તો માનજો કે તમે ખરેખર હજી રેઝોલ્યુશન લેવાને લાયક નથી બન્યા અને કાં તો તમે રેઝોલ્યુશન બનાવવા માટેની ગંભીરતા નથી સમજ્યા. રેઝોલ્યુશન એવા લેવાના છે જે ખરેખર જીવન બદલનારા હોય. વાત સાચી જ છે કે જે મોડે સુધી પથારીમાં પડ્યા રહે છે એ લોકો પણ જો વહેલા જાગતાં થઈ જાય તો તેમની લાઇફ પણ બદલાવાની જ છે, પણ આ કામ કરવાનું તો કોઈ પણ તેને શીખવી શકે અને એ કરવું જ જોઈએ. સૂરજને પણ જો પોતાનાં ટાઇમિંગ યાદ રહેતા હોય તો નૅચરલી આપણે તો જીવતાંજાગતાં માણસો છીએ, આપણને તો ખબર પડવી જ જોઈએ કે આપણે ક્યારે જાગી જવું જોઈએ. હું એમ નહીં કહું કે તમે સવારના પાંચ વાગ્યે જાગો, જો જાગી શકો તો બહુ સારી વાત છે, પણ ઍટ લીસ્ટ સવારના સાડાસાત સુધીમાં જાગી જવાનું રાખો તો એ પણ સારી વાત છે. રેઝોલ્યુશન પર્સનલ લાઇફના લેવાને બદલે જો એ સમાજલક્ષી લેવામાં આવે તો એનાથી ચોક્કસ બેનિફિટ થશે અને સોસાયટી તંદુરસ્ત થશે. જો આ વર્ષે તમારે રેઝોલ્યુશન લેવો હોય તો એ લેજો કે તમે દર મહિને એક ગરીબ બાળકને ચંપલ કે કપડાં લઈ આપશો. નવાં જ લઈ આપવાનાં, ઘરમાં હોય એવાં કે જૂનાં થઈ ગયાં હોય એવાં નહીં આપવાનાં અને ધારો કે એવું કરવું હોય તો કોઈ એક સારો દિવસ પસંદ કરીને તમારા કબાટમાંથી બધાં કપડાં કોઈને દાન કરી દો. પર્યુષણ, ધારો કે તમે જૈન હો તો સંવત્સરીની સવારે તમારા કબાટને ખાલી કરી નાખો અને કપડાં શાકવાળાને, ડ્રાઇવરને કે પછી તમારી આજુબાજુમાં જે કોઈ જરૂરિયાતવાળું હોય તેને આપી દો. એ બહાને તમે નવાં કપડાં લઈ શકશો, તમારો આખો વૉર્ડરોબ નવો થઈ જશે અને તમારાં સાજાંસારાં કપડાં બીજા લોકોને કામ લાગશે. પહેર્યા હોય એ કપડાં આપી દેવાનાં. પછી એમાં એવું પણ નહીં કરવાનું કે આ ટી-શર્ટ મને ગમે છે કે મને આ શર્ટ તો મારી ગર્લફ્રેન્ડે લઈ દીધો હતો. આપી જ દેવાનાં કપડાં અને તમારા માટે નવાં લઈ લેવાનાં. આ સિસ્ટમ મારા એક ફ્રેન્ડના ફાધરે કરી છે. એને લીધે એવું બને છે કે તે પોતે જ ઓછાં કપડાં લે અને દર વર્ષે ઑટોમૅટિકલી તેમની પાસે નવા કપડા આવી જાય.

આપણે વાત કરતા હતા દર મહિને એક બાળકને ચંપલ કે કપડાં લઈ આપવાની. આવો જ બીજો રેઝોલ્યુશન છે- જે કોઈ માગવા આવે તેને પૈસા આપવાને બદલે ખાવાનું લઈ આપવાનું. આપણે મોટા ભાગે જોતાં હોઈએ કે ખાવાના સ્ટૉલ કે રેસ્ટોરાં પાસે માગવાવાળા બહુ હોય. આપણે તેને પાંચ-દસ રૂપિયા આપી પણ દઈએ પણ એવું કરવાને બદલે તેને પૂછીને જ તેના ખાવાનો ઑર્ડર આપી એ પાર્સલ તેને ખાવા માટે આપી દેવાનું. ખાવાનું મળશે તો તે સારું ખાઈ શકશે.

મારા એક ફ્રેન્ડની વાઈફે આવો જ નિયમ રાખ્યો છે. તે જે કંઈ ખાતાં હોય એ ખાવાનું જ માગવાવાળાને ખવડાવે. પેલો પૈસા માગે તો કારણ પૂછે અને કારણ વાજબી ન લાગે તો ના પાડી દે. સુરતમાં તેમની પાસે કોઈ માગવા આવ્યું ત્યારે તે સુરતનો બહુ ફેમસ કોકો પીતાં હતાં. તેમણે તરત જ એ માંગવાવાળા છોકરા માટે કોકોનો ઑર્ડર આપી દીધો. હું તો જોઈને જ આભો થઈ ગયો. મારી સામે એવું પહેલી વાર બનતું હતું. એ પછી હું તેમને અમદાવાદમાં મળ્યો. અમદાવાદમાં અમે 'ઑનેસ્ટ'ની પાંઉભાજી ખાઈને બહાર નીકળ્યાં ત્યાં જ એક ગરીબ છોકરો અમારી પાસે માગવા આવી ગયો. મારે તેમનો આ નિયમ ચેક કરવો હતો એટલે મેં ખિસ્સામાંથી દસ રૂપિયા પેલા છોકરાને આપ્યા. છોકરાએ લઈ લીધા અને તે જવા માંડ્યો એટલે તેણે તરત જ તેને રોક્યો અને પૂછ્યું કે પાંઉભાજી ખાશે? પેલા છોકરાએ હા પાડી એટલે તેમણે ચીઝ પાંઉભાજી વિથ એક્સ્ટ્રા પાંઉનો ઑર્ડર આપીને પૈસા ચૂકવી દીધા એટલું જ નહીં, ઑર્ડર આવે નહીં ત્યાં સુધી ઊભાં પણ રહ્યાં અને પછી પેલાને પાર્સલ મળી ગયું એટલે ત્યાંથી નીકળ્યાં. કોઈ વ્યક્તિ આટલું સરસ કામ કરે છે તો આપણે એમાંથી પ્રેરણા લઈએ અને ઍટ લીસ્ટ એવું નક્કી કરીએ કે જે માગવા આવે તેને પૈસા આપવાને બદલે ખાવાનું લઈ આપીએ. અરે, બહુ મોટી આઇટમ નહીં તો ઍટ લીસ્ટ બિસ્કિટ કે વેફર્સ લઈ આપો, ચોકલેટ લઈ આપો. આવું બધું ખાવાનું મન તો તેમને પણ થતું જ હશે. સ્વાભાવિક છે. જો તમે એ ખાઈ શકો તો પછી તે પણ માણસ છે, તેને પણ ખાવાનો હક છે. તમારા પાંચ-દસ રૂપિયામાં એનું કંઈ વળવાનું નથી, એના કરતાં તેને મદદ પણ કરો અને એ મદદની સાથોસાથ તેને ખુશ પણ કરો. યાદ રાખજો, ખુશી વહેંચવાથી બમણી થઈને પાછી આવે છે. રેઝોલ્યુશન લેવું હોય તો મોબાઇલનો ઉપયોગ ઓછો કરશો એવું નક્કી કરો. મોબાઇલ સામે મારો કોઈ વિરોધ નથી, પણ મોબાઇલને કારણે તમારી આજુબાજુનાં જે રિલેશન છે એના પર ધ્યાન નથી આપી શકાતું એ પણ એટલું જ સાચું છે. મોબાઇલનો ઉપયોગ ઓછો કરશો તો એનાથી લાભ પણ થશે. હમણાં હું રાજકોટ ગયો ત્યારે મને ત્યાં ચાલતી એક મૂવમેન્ટની ખબર પડી. ગુજરાતના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના દીકરા માટેના ફંક્શનમાં હું ગયો હતો. રાજકોટમાં 'નો મોબાઇલ સન્ડે' મૂવમેન્ટ શરૂ થઈ છે, જેમાં લોકોએ રવિવારે મોબાઇલનો ઉપયોગ નહીં કરવાનો અને આખો દિવસ ફૅમિલી સાથે રહેવાનું નક્કી કર્યું છે. આ મૂવમેન્ટ કોણે શરૂ કરી છે એ તો મને ખબર નથી, પણ એમાં ત્રણસો જેટલી ફૅમિલી જોડાઈ છે અને એ લોકોએ સન્ડેના દિવસે મોબાઇલ સ્વિચ્ડ-ઑફ કરવાનું પણ શરૂ કરી દીધું છે. મોબાઇલનો વપરાશ ઘટ્યો એનો ફાયદો એ ફૅમિલીને ચોખ્ખો દેખાય રહ્યો છે અને એ ફૅમિલીના જે પ્રશ્નો હતા એનાં સૉલ્યુશન પણ મળતાં થઈ ગયાં છે. બસ, આટલું જ નક્કી કરો કે સન્ડે પૂરેપૂરો ફૅમિલી સાથે.

અલ્ટીમેટલી આ જ લોકો છે જે તમે બીમાર પડશો ત્યારે તમારી બાજુમાં આવીને ઊભા રહેશે અને તમારા માથે હાથ ફેરવશે. ફૅમિલી ફર્સ્ટનો રેઝોલ્યુશન લો અને ફૅમિલીને મહત્વ આપતાં શીખો. સન્ડે મોબાઇલ વિનાનો જશે તો બનશે એવું કે દિવસ કેટલો મોટો હોય છે એની ખબર પડશે અને એ પણ સમજાશે કે કરવા જેવાં કેટલાં બધાં કામો છે. સન્ડે એક જ દિવસ, માત્ર એક જ દિવસ મોબાઇલ વિના રહેવાનું હોય તો એ પણ દેખાશે કે દુનિયામાં ઘણુંબધું જોવા જેવું છે અને ઘણું વાંચવા જેવું છે. સમયની મહત્વતા પણ સમજાશે અને એ મહત્વતાની સાથે એ પણ સમજાશે કે તમારી આજુબાજુમાં જે લોકો રહે છે એ બધા પણ કેટલા અગત્યના છે. રેઝોલ્યુશન પર્સનલ લાઇફના લેવાને બદલે જો એ સમાજલક્ષી લેવામાં આવે તો એનાથી ચોક્કસ બેનિફિટ થશે અને સોસાયટી તંદુરસ્ત થશે. જો આ વર્ષે તમારે રેઝોલ્યુશન લેવો હોય તો એ લેજો કે તમે દર મહિને એક ગરીબ બાળકને ચંપલ કે કપડાં લઈ આપશો. નવાં જ લઈ આપવાનાં, ઘરમાં હોય એવાં કે જૂનાં થઈ ગયાં હોય એવાં નહીં આપવાનાં અને ધારો કે એવું કરવું હોય તો કોઈ એક સારો દિવસ પસંદ કરીને તમારા કબાટમાંથી બધાં કપડાં કોઈને દાન કરી દો.

## તંત્રી લેખ...-

**શનિવાર, તા.૧૬ નવેમ્બર ૨૦૨૪**

# બુલડોઝરને બ્રેક

સુપ્રીમ કોર્ટે બુલડોઝર કાર્યવાહી પર દિશાનિર્દેશ જારી કરીને એ સુનિશ્ચિત કરવાનું કામ કર્યું કે અતિક્રમણ, ગેરકાયદે નિર્માણની સાથે સાથે અપરાધની વિરુદ્ધ પણ મનમાફક કાર્યવાહી નહીં થઈ શકે. એવું કરવું જરૂરી હતું, કારણ કે બુલડોઝર કાર્યવાહી અપરાધમાં સંડોવાયેલા તત્ત્વો વિરુદ્ધ પણ થતી હતી અને એ આધાર પર થતી હતી કે તેમણે પોતાનું મકાન, દુકાન કે અન્ય કોઈ ઈમારત ગેરકાયદે રૂપે બનાવી છે. શાસન-પ્રશાસનને એવી કાર્યવાહી કરવામાં એટલા માટે આસાની થતી હતી, કારણ કે મોટાભાગે લોકો પોતાના મકાનોનું નિર્માણ સ્વીકૃત નક્શા કે નક્કી માપદંડોના હિસાબે નથી કરાવતા. બુલડોઝર કાર્યવાહીને એટલે જ જનતાનું સમર્થન મળતું હતું, કારણ કે તેની એ આકાંક્ષા રહે છે કે અપરાધી તત્ત્વોને જલ્દીથી દંડ મળે. આ જ કારણે બુલડોઝર કાર્યવાહીની ચોમેર પ્રશંસા થતી હતી, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે આ પ્રકારની કાર્યવાહીમાં શંકાસ્પદ અપરાધી-આરોપીનાં ઘર-દુકાન ધ્વસ્ત થવાની સજા તેનો પરવાર પણ ભોગવતો હતો. તેથી સુપ્રીમ કોર્ટે એમ કહ્યું કે કોઈ આરોપીની સજા તેના પરિવારને ન આપી શકાય. સુપ્રીમ કોર્ટે બુલડોઝર કાર્યવાહીને લઈને જે દિશાનિર્દેશ જારી કર્યા, તેના આધાર પર એ નિષ્કર્ષ પર પણ ન પહોંચી જવું જોઈએ કે ગેરકાયદે નિર્માણ અને દબાણ કરનારાઓ વિરુદ્ધ બુલડોઝર કાર્યવાહીનો રસ્તો બંધ થવા જઈ રહ્યો છે.

સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશોથી એ સ્પષ્ટ છે કે અનધિકૃત નિર્માણ વિરુદ્ધ નોટિસ મોકલવા અને કેસની સુનાવણી કર્યા બાદ બુલડોઝર કાર્યવાહી સંભવ છે. એને કારણે જ સુપ્રીમ કોર્ટના ચુકાદાની વ્યાખ્યા એ રૂપે પણ કરાઈ રહી છે કે તેનાથી માફિયા તત્ત્વો અને પ્રોફેશનલ અપરાધીઓ પર નિયંત્રણ કરવું આસાન થઈ જશે. જોવાનું છે કે એવું થાય છે કે નહીં? જે પણ હોય, સુપ્રીમ કોર્ટના ચુકાદાની અસર દબાણ હટાવવા અને જમીનો પર કબ્જો રોકવા પર ન પડવી જોઇએ. એ જ રીતે અપરાધી તત્ત્વોનું દુસ્સાહસ પણ ન વધવું જોઇએ. સુપ્રીમ કોર્ટે એ યોગ્ય કહ્યું કે ચુકાદા વિના કોઈને દોષી ન માની લેવામાં આવે અને અપરાધીને દંડ આપવો અદાલતનું કામ છે, પરંતુ પ્રશ્ન એ છે કે શું અદાલતો આ કામ યોગ્ય રીતે કરી શકે છે? સારું થાત કે સુપ્રીમ કોર્ટ એ પ્રશ્ન પર પણ ધ્યાન આપતી, કારણ કે એ કોઈથી છૂપું નથી કે અપરાધી અને માફિયા તત્ત્વોને તેમનાં કરતૂતોની સજા ક્યારેક જ મળે છે. મળે છે તો પણ બહુ જ વિલંબથી. બાહુબલી, ધનબલી પ્રકારના કે પછી રાજકીય વગ ધરાવતા અપરાધી તત્ત્વો મામલે આ સૌથી વધુ જોવા મળે છે કે તેઓ પોતાના વિરુદ્ધ ચાલી રહેલા કેસોને લાંબા ખેંચવામાં સફળ રહે છે. એ પણ બધા જાણે છે કે સંગીન અપરાધમાં સંડોવાયેલા તત્ત્વોને પણ જલ્દી સજા નથી મળી શકતી. આ જ કારણે આમ જનતા બુલડોઝર કાર્યવાહીને ન્યાયની સંજ્ઞા આપે છે. સુપ્રીમ કોર્ટે એ જોવું જોઇએ કે બુલડોઝર કાર્યવાહી 'ન્યાયમાં વિલંબ'ની ઉપજ છે. જો અદાલતો 'તારીખ પે તારીખ'નો ખેલ ન કરતી હોત અને દરેક અપરાધીને તેના અપરાધ બદલ યથાયોગ્ય સજા વહેલી તકે મળી જતી હોત તો બુલડોઝર કાર્યવાહીની ક્યારેય જરૂર જ ન પડી હોત!

# સિંધુ સભ્યતાના જનક આર્યો જ હતા

દેશની ભાવિ પેઢીને ઈતિહાસનું સંતુલિત જ્ઞાન આપવા માટે 'ભારતનો સમગ્ર ઈતિહાસ'ના લગભગ છસો પેજના 'પરિચય'નો પહેલો ખંડ તૈયાર થઈ ગયો છે. તેને એક વિશેષ પ્રોજેક્ટ અંતર્ગત ભારતીય ઈતિહાસ અનુસંધાન પરષદ (આઈઆરસીએચ)એ તૈયાર કર્યો છે. માનવામાં આવે છે કે તેને અનુમોદિત કરવા માટે જલ્દી આ સંબંધે પરિષદની બેઠક થઈ શકે છે. આશા રાખવામાં આવે છે કે આ સંતુલિત ઈતિહાસ જ સ્કૂલો, કોલેજો અને યુનિવર્સિટીઓ તથા એનસીઈઆરટીથી માંડીને રાજ્ય બોર્ડો સુધીના ઈતિહાસના પાઠ્યક્રમનો આધાર બનશે. વસ્તુતઃ આપણે એ સમજવું જોઈએ કે સરસ્વતી સિંધુ નદીના કિનારા પર પલ્લવિત થયેલી ભારતની પ્રાચીનતમ સભ્યતાનો આર્યો સાથે શો સંબંધ હતો? આ એક એવો પ્રશ્ન છે જે છેલ્લા લગભગ સો વર્ષોથી ભારતીય ઈતિહાસમાં સર્વાધિક ચર્ચિત વિષય રહ્યો છે. મૂળ રૂપે તો આ પ્રશ્નનો જવાબ પુરાતાત્વિક ઉત્ખનનો અને તેના અધ્યયનોમાં સમાયેલ છે. છેલ્લા ત્રણ દાયકામાં થયેલ નવીન શોધોએ આ પ્રશ્નના જવાબનો માર્ગ ખોલી આપ્યો છે. માનવ સભ્યતાનો પ્રાચીનતમ ગ્રંથ જે ૠગ્વેદના નામે પ્રસિદ્ધ છે, તે આર્યોનો જ ગ્રંથ છે. ૠગ્વેદના અધ્યયનથી એ સ્પષ્ટ થઈ જાય છે કે આર્યોનો વસવાટ હાલમાં લુપ્ત થઈ ચૂકેલી સરસ્વતી નદી અને સિંધુ નદીના કિનારા પર જ અવસ્થિત હતી. કેટલાય ઈતિહાસકારોનો એવો મત છે કે આર્યોનો સમાજ પૂર્ણ રૂપે ગ્રામીણ સમાજ હતો. પરંતુ તથ્ય એ પણ છે કે ૠગ્વેદમાં ગ્રામ શબ્દથી ક્યાંય વધુ વખત નગર શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ૠગ્વેદના જ છઠ્ઠા મંડલના ૪૬મા સૂક્તમાં એક એવા ઘરની કામના કરવામાં આવી છે જે ઈંટોનું બનેલું હોય. આ પ્રકારે ઘર તો એ કાળમાં માત્ર સરસ્વતી અને સંધુ નદીના કિનારે જ હતાં. આર્ય કોઈ ગ્રામીણ સંસ્કૃતિના વાહક ન હતા, તેમની સભ્યતામાં તો નગર અને ગામ બંનેનું અસ્તિત્વ હતું. આપણે બધા જાણીએ છીએ કે યજ્ઞ પૂજા આર્યોના ધર્મનું એક મુખ્ય અંગ હતું. અહીં એ વાત ઉલ્લેખનીય છે કે આ જ સભ્યતાના સૌથી મોટા પુરાસ્થળ રાખીગઢી (હરિયાણા)થી ગત વર્ષો દરમ્યાન ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગને કેટલીય યજ્ઞવેદીઓ ઉત્ખનનમાં પ્રાપ્ત થઈ હતી. આ યજ્ઞવેદીઓની તિથિ વર્તમાન સમયથી ૪૫૦૦ વર્ષ પહેલાંની છે. આ અવશેષ એ તથ્યને રેખાંકિત કરે છે કે રાખીગઢી અને આ વિશાળ સભ્યતામાં રહેનારા લોકો વૈદિક પરંપરાના અનુયાયી હતા જેનો સંબંધ આર્યો સાથે છે. એ તો સર્વવિદિત છે કે આર્યોએ દ્રુતગામી વાહન તરીકે અશ્વનો ઉપયોગ કર્યો હતો. સરસ્વતી સંધુ સભ્યતાના કેટલાય પુરાસ્થળો પરથી આપણને ઘોડાનાં હાડકાં અને માટીના પાકી મૂર્તિઓ પ્રાપ્ત થઈ છે. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણની ઉત્ખનન વર્ણનો અનુસાર સુરકોટડા, લોથલ, રંગપુર, રાણાઘુંડઈ, શિકારપુર, રાખીગઢી, કુણાલ વગેરે પુરાસ્થળોથી ઘોડાના પુરાવા વિભિન્ન સ્વરૂપે પ્રાપ્ત થયા છે. તેથી એ કહેવું કે સરસ્વતી સિંધુ સભ્યતામાં અશ્વ વિદ્યમાન ન હતા તથા એ આધાર પર તેને એ સભ્યતાના આર્યોથી અલગ કરી દેવા તથ્યપરક નથી. આ સભ્યતામાં અશ્વ ઉપલબ્ધ હતા અને તેના પર્યાપ્ત પુરાતાત્વિક પ્રમાણો આપણી પાસે ઉપલબ્ધ છે. કેટલાક ઈતિહાસકારોનો એ મત હતો કે સરસ્વતી સિંધુ સભ્યતાના પતન બાદ આર્ય મધ્ય એશિયાથી ભારતમાં આવ્યા હતા, જે સંપૂર્ણપણે પૂર્વગ્રહથી ગ્રસ્ત છે. અમેરિકાના બે પ્રસદ્ધ માનવ વિજ્ઞાનીઓએ પોતાની શોધના આધાર પર એ નિષ્કર્ષ કાઢ્યો છે કે ભારતમાં ઉત્તર-પશ્ચિમ ક્ષેત્રમાં વર્તમાનથી ૬૫૦૦ વર્ષપૂર્વથી ૨૮૦૦ વર્ષ પૂર્વ મધ્યે આ ક્ષેત્રમાં કોઈ ડેમોગ્રાફિક ડિસરપ્શન (જનસંખ્યાકીય અડચણ) થઈ જ નથી. તેથી કેટલાક વિદ્વાનોનું એવું કહેવું કે આજથી ૩૫૦૦ વર્ષ પહેલાં આર્ય નામના લોકો મધ્ય એશિયાથી ભારતમાં આવ્યા હતા, વૈજ્ઞાનક રૂપે તથ્યહીન જ છે. એટલું જ નહીં, સિનૌલી (બાગપત)થી ઉત્ખનનમાં પ્રાપ્ત લગભગ ચાર હજાર વર્ષ પહેલાંના લાકડા અને તાંબાથી બનેલા રથે આર્યોના ભારત આગમન કે આક્રમણથી જોડાયેલા મિથકના તાબૂતમાં આખરી ખીલો ઠોકવાનું કામ કર્યું છે. પહેલાં એવું કહેવાતું હતું કે ૩૫૦૦ વર્ષ પહેલાં આર્યો જ ભારતમાં રથ લઈને આવ્યા હતા. તેથી ઉપરોક્ત પુરાતાત્વિક વિવરણ આ મતને બળ પ્રદાન કરે છે કે ભારતની પ્રાચીનતમ સરસ્વતી સિંધુ સભ્યતાના જનક અને તેમાં રહેતા લોકો વૈદિક પરંપરાઓનું અનુસરણ કરનારા આર્ય જ હતા. ભારતીય સમાજના પૂર્વજ આર્યોને એ સભ્યતાથી અલગ રાખવા અને એવું કહેવું કે તેઓ તો મધ્ય એશિયાથી આવ્યા હતા, વૈજ્ઞાનિક અને પુરાતાત્વિક તથ્યોને નકારવા જેવું છે.

**સંપત્તિનો અધિકાર તમામ કાળખંડોમાં સભ્ય સમાજોની આધારશિલા મૂકી રહ્યો છે.**

# સંપત્તિના અધિકાર પર મહત્ત્વપૂર્ણ નિર્ણય

તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટના નવ ન્યાયાધીશોની પીઠે સંપત્તિના અધિકાર પર આપેલ એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં લાંબા સમયથી ચાલી આવતી કાનૂની વિસંગતને સીમિત અર્થમાં જ પણ સુધારી લીધી. આ ચુકાદા પહેલાં વિભિન્ન કાયદા અને નિર્ણયોને કારણે સરકારો પાસે ખાનગી સંપત્તિને 'જાહેર હિત'નો ઉલ્લેખ કરીને અધિગ્રહણ કરવાનો વ્યાપક અધિકાર મળી ગયો હતો. સાથે જ તેમણે જાહેર અને ખાનગી ક્ષેત્રની સંપત્તઓને સામુદાયિક સંસાધનની શ્રેણીમાં મૂકવાનો પણ મનમાન્યો અધિકાર મળ્યો હતો. આ ઐતિહાસક નિર્ણય પ્રોપર્ટી ઓનર્સ એસોસએશન ઓફ મુંબઈ વિરુદ્ધ મહારાષ્ટ્ર સરકારના ૧૯૯૨થી ચાલ્યા આવતા એ કેસમાં આવ્યો છે, જેમાં અરજીકર્તાઓએ મહારાષ્ટ્ર આવાસ અને ક્ષેત્ર વકાસ પ્રાધિકરણ એક્ટ (મ્હાડા)ના ચેપ્ટર આઠને પડકાર્યો હતો. ૧૯૭૬માં પસાર અને ૧૯૮૬માં સંશોધત આ એક્ટ બંધારણના નીત નિર્દેશક સદ્ધાંત ૩૯(બી)નો હવાલો આપીને ખાનગી સંપત્તના સરકારી અધગ્રહણને યોગ્ય ઠેરવી રહ્યો હતો. અનુચ્છેદ ૩૯(બી) સમુદાયના ભૌતિક સંસાધનોની માલિકી અને નિયંત્રણ એ પ્રકારે વિતરિત કરવાની વાત કરે છે, જેમાં લોકહિતની પૂર્તિ સર્વોત્તમ રૂપે થઈ શકે. ઉપરોક્ત કેસમાં મ્હાડા દ્વારા સંપત્તિના અધકારના હનન ઉપરાંત અનુચ્છેદ ૩૯(બી) પર સ્પષ્ટીકરણની માંગ કરી હતી. અરજીકર્તાઓએ સુપ્રીમ કોર્ટને પૂછ્યું હતું કે ખાનગી સંપત્તિ સામુદાયિક સંસાધનના દાયરામાં આવે છે? સાથે જ આ કેસથી બેંચ સમક્ષ એ પ્રશ્ન પણ ઊભો થયો હતો કે શું સમયાંતરે આવેલાં સંશોધનો બાદ પણ અનુચ્છેદ ૩૧(સી)ની પ્રાસંગિકતા બની રહે છે?

એ ઉલ્લેખનીય છે કે ઈન્દિરા ગાંધીના શાસનકાળમાં કરવામાં આવેલ બેંકોના રાષ્ટ્રીયકરણને સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા નરસ્ત કર્યા બાદ ૨૫મા બંધારણીય સંશોધનથી અનુચ્છેદ ૩૧(સી) ને લાવવામાં આવ્યું હતું. આ અનુચ્છેદનું પ્રયોજન એ સુનિશ્ચિત કરવાનું હતું કે અનુચ્છેદ ૩૯(બી) અને ૩૯(સી)ને ન્યાયક સમીક્ષાથી પર રાખી શકાય અને સરકાર દ્વારા સંપત્તઓના અધિગ્રહણ કરવાની સ્થિતિમાં અનુચ્છેદ ૧૪ દ્વારા અપાયેલ સમાનતાના અધિકાર અને અનુચ્છેદ ૧૯(૧) (એફ)માં આપવામાં આવેલ સંપત્તિના મૌલક અધકારને આધાર બનાવીને ન્યાયિક પડકાર ન આપી શકાય. લોકરંજક રાજનીતિ અને વૈચારક ચેષ્ટાથી પ્રેરત આ સંશોધનને કેશવાનંદ ભારતી કેસમાં પડકાર મળ્યો અને સુપ્રીમની ૧૩ જજોની બેંચે પોતાના મહત્ત્વપૂર્ણ ચુકાદામાં અનુચ્છેદ ૩૧(સી)ને કાયદેસર તો ઠેરવી, પરંતુ અધિગ્રહિત સંપત્તઓને ન્યાયિક સમીક્ષાના દાયરામાં રહેવા દીધી. તેના પહેલાં ભૂમિ વિતરણ માટે વધતા દબાણમાં નેહરુ સરકાર દ્વારા લાવવામાં આવેલ પ્રથમ અને ચોથા સંશોધનો પર પણ સર્વોચ્ચ ન્યાયાલયે ગોલકનાથ વિરુદ્ધ પંજાબ રાજ્ય કેસમાં એક મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. તેમાં ધારાસભા દ્વારા સંપત્તિના અધિકાર સહિત અન્ય મૌલિક અધકારોને પ્રભાવિત કરતા સંશોધનો પર રોક લગાવી દેવામાં આવી.

તે તત્કાલીન ભારતીય રાજનીતિ પર છવાયેલા સમાજવાદી પ્રભાવનું જ પરણામ હતું કે જે મોરારજી દેસાઈએ ૧૯૬૯માં બેંકોના રાષ્ટ્રીયકરણના વિરોધમાં ઈન્દિરા કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું હતું, તેમના જ કાર્યકાળમાં ૧૯૭૮માં ૪૪મા બંધારણીય સંશોધનને કારણે સંપત્તિના અધિકારને મૌલિક અધિકારથી બદલીને માત્ર એક કાનૂની અધિકાર બનાવી દેવાયો હતો. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડના નેતૃત્વમાં રચાયેલી બેંચે અનુચ્છેદ ૩૧(સી)ને તો કેશવાનંદ ભારતી નિર્ણયને અનુરૂપ આંશિક રૂપે બહાલ રાખ્યો, પરંતુ ખાનગી સંપત્તના સરકારી નિયંત્રણ પર અંકુશ લગાવી દીધો. પોતાના આદેશમાં ન્યાયાલયે લખ્યું છે કે પ્રત્યેક ખાનગી સંપત્ત સમુદાયનું ભૌતક સંસાધન ન હોઈ શકે. સાથે જ ન્યાયાલયે ૧૯૮૩ના સંજીવ કોક વિરુદ્ધ ભારત કોકિંગ કોલ મામલે જસ્ટિસ ચિનપ્પા રેડ્ડીના નેતૃત્વવાળી પાંચ સદસ્યોની પીઠે એ નિર્ણય પર પણ પ્રતિકૂળ ટિપ્પણી કરી હતી, જેમાં જસ્ટિસ રેડ્ડીની પીઠે ઘોષિત રૂપે સમાજવાદી ઉદ્દેશ્યોની પૂર્તિ માટે જાહેર-ખાનગી ક્ષેત્રના તમામ સાહસોને સાર્વજનિક સંપત્તિ ઘોષિત કરી દીધી હતી. વર્તમાન પીઠે ૧૯૮૩ સહિત અન્ય ચુકાદાને એક વિશેષ આર્થક વિચારથી પ્રેરિત ગણાવીને ન્યાયને વૈચારક ચેષ્ટાઓથી મુક્ત રાખવાની મોટી વાત કહી છે.

સંપત્તિનો અધિકાર તમામ કાળખંડોમાં સભ્ય સમાજોની આધારશિલા મૂકી રહ્યો છે. સંપત્તિના અધિકાર વિના મનુષ્યની સ્વતંત્રતા અકલ્પનીય છે. કોઈપણ કારગત રાજકીય વ્યવસ્થા પાસે એવી અપેક્ષા હોય છે કે તે આ અધિકારની સુરક્ષા કરશે, પરંતુ આ વિષયમાં ભારતીય વિધાયિકાની ભૂમિકા નિરાશાજનક રહી છે. વાંધાજનક રીતે મેળવેલી અને સમરસતામાં અડચણ બનનારી જમીનદારી સંપત્તિઓ છોડી પણ દઈએ તો સમાજવાદી રાજનીતિએ વ્યવસાયથી લઈને મઠ-મંદિરોની ખાનગી સંપત્તિઓને પણ અનેક કાયદા બનાવીને અધિગ્રહિત કરી. સક્રિય રાજનીતિથી ન્યાયપાલિકામાં આવેલા જસ્ટિસ વીઆર કૃષ્ણા અય્યરના સમાજવાદી દષ્ટિકોણથી આપવામાં આવેલા ચુકાદાઓએ પણ કેટલાય સ્તરો પર ન્યાયપાલિકાને પ્રભાવિત કરી અને પરિણામે સંપત્તિનો અધિકાર કચડાતો રહ્યો. સંપત્તિના માલિકને અલગ રાખીને સરકાર કે કબ્જેદાર કોઇ ખાનગી સંપત્તિનો નિર્ણય પરસ્પર કરી લે, એવી કલ્પના કાયદાના રાજ પર પ્રશ્નાર્થ ચિહ્ન લગાવે છે. જોકે ઉપરોક્ત વાદને જ લઈએ તો મ્હાડાનું ચેપ્ટર-૮ તેની અનુમતિ આપતું હતું કે જો સંપત્તિના ૭૦ ટકા કબ્જેદાર સહમતિ આપે તો તે સંપત્તિ તેમના દ્વારા બનાવવામાં આવેલ સહકારી સમિતિના નામે સ્થાનાંતરિત કરી શકાય છે. પાંચ નવેમ્બરના ચુકાદા છતાં હજુ એ સ્થતિ બહાલ નથી થઈ, જેમાં બંધારણ સભાએ લાંબી ચર્ચા બાદ સંપત્તિના અધિકારને મૌલિક અધિકારનું રૂપ આપ્યું હતું, પરંતુ તેનાથઈ સરકારોની મનમાની પર રોક અવશ્ય લાગશે. આ વિષય ન્યાયપાલિકા અને વિધાયિકા વચ્ચે સૌથી લાંબા સંઘર્ષનું કારણ બન્યો. એક નાનકડા કાળખંડને છોડી દઈએ તો સમાજવાદના નામે વિધાયિકા દ્વારા વ્યક્તિગત અધિકારોના હનનનો જે પ્રયાસ અવિરત ચાલ્યો છે, તેને રોકવામાં ન્યાયપાલિકાની ભૂમિકા પ્રશંસનીય રહી છે. આ ક્રમમાં આવેલ હાલના ચુકાદા માટે દેશ ન્યાયપાલિકાનો આભારી રહેશે.

**સરકારો આવે ને જાય પણ ફાઇલોને એક ટેબલથી બીજા ટેબલ સુધી 'અંડર-ટેબલ' ધક્કો મારવો જ પડે.**

# પૈસા ફેંકો તમાશા દેખો !

રાતે ભારે વાવાઝોડું આવવાથી સચિવાલયનાં બગીચામાં જાંબુનું ઝાડ પડી ગયું. સવારે માળીએ જોયું કે ઝાડ નીચે એક માણસ દબાયેલો હતો. માળીએ બૂમાબૂમ કરી એટલે પ્યૂન, ક્લાર્ક, ઓફિસરો ભેગા થયા. 'જુઓ તો જીવે છે કે ગયો?', માળી બોલ્યો. 'જીવું છું', ઊહકારા સાથે પેલા માણસે કહ્યું. 'પણ ઝાડ ખસેડીને આને બચાવવોનું અઘરું કામ છે.' પ્યૂને કહ્યું.

'અઘરું કેમ? સુપ્રિન્ટેન્ડેન્ટસાહેબ ઑર્ડર આપે તો આપણે ઝાડ ખસેડીને ખેંચી કાઢીએ.' બીજા ક્લાર્કે કહ્યું. ક્લાર્કે સુપ્રિન્ટેન્ડેન્ટને વાત કરી તો એમણે ઘટનાની ફાઈલ બનાવીને અંડર-સેક્રેટરીને દેખાડી. અંડર-સેક્રેટરી ડેપ્યુટી-સેક્રેટરી પાસે ગયો ને ડેપ્યુટી પછી જોઈન્ટ-સેક્રેટરી પાસે ગયો. જોઈન્ટ-સેક્રેટરી, ચીફ-સેક્રેટરી પાસે, અને ચીફ-સેક્રેટરી મિનિસ્ટર પાસે પહોંચ્યો. આમ ફાઈલ અડધા દિવસ સુધી ફરતી રહી.

ઝાડ પાસેનાં ટોળાએ સરકારી મંજૂરીની વિના જ ઝાડ ખસેડવાનું શરૂ કર્યું, એટલામાં સુપ્રિટેન્ડન્ટે સૌને અટકાવીને કહ્યું, 'ઝાડને આપણાંથી ના અડાય! એ કૃષિ-ખાતામાં આવે છે!' કૃષિ-ખાતાએ કહ્યું, 'ઝાડ, વાણિજ્ય-ખાતાના બાગમાં પડ્યું છે એટલે એને ખસેડાવાની જવાબદારી અમારી નથી!'બધા મૂંઝાયા ત્યારે ઝાડ નીચે દબાયેલો માણસ બોલ્યો, 'હમને માના કિ તગાફૂલ (ઉપેક્ષા) ન કરોગે લેકિન, ખાક હો જાયેગેં હમ, તુમકો ખબર હોને તક!'

આ સાંભળતા જ માળી બોલ્યો, 'ઓહો, શાયર છો?' પછી તો થોડી જ વારમાં વાત ફેલાઈ ગઈ કે દબાયેલો માણસ શાયર છે! ત્યારે સચિવાલયની સબ-કમિટીએ કહ્યું 'દબાયેલ માણસની ફાઈલ સાથે તો સાંસ્કૃતિક-ખાતાનો મામલો છે.'સાંસ્કૃતિક ખાતામાંથી ફરતી ફરતી ફાઈલ, સાહિત્ય એકેડેમી પાસે પહોંચી. સા.અકા.સેક્રેટરીએ ઝાડમાં દબાયેલાને પૂછ્યું, 'તમારું નામ શું છે?' 'ઓસપ' 'ઓહ! તમે પેલા કવિ ઓસ' છો જેનો 'ઓસનાં ફૂલ' કાવ્ય-સંગ્રહ હમણાં જ આવ્યો?'

કવિએ 'હા' પાડી તો અકાદમીનાં સેક્રેટરીએ પૂછ્યું, 'સાહિત્ય અકાદમીનાં મેમ્બર છો?' 'ના.''ઓહ! આટલા મોટા કવિ ને આમ ગુમનામીનાં અંધાર્યા ખૂણાંમાં પડ્યા છો?'

'ખૂણામાં નહીં, અત્યારે તો ઝાડ નીચે પડ્યો છું. પ્લીઝ બચાવો.''હમણાં વ્યવસ્થા કરું', કહીને સેક્રેટરીએ ફાઈલ સાંસ્કૃતિક ખાતામાં આપી.

બીજા દિવસે સેક્રેટરીએ શાયરને મીઠાઇ ખવડાવીને પત્ર આપતાં કહ્યું, 'અભિનંદન, સાહિત્ય એકેડેમીએ તમને ખાસ સભ્ય બનાવ્યા છે.''પહેલાં મને અહીંથી તો કાઢો!', માણસ બરાડ્યો.

'આ કામ ફોરેસ્ટ ખાતું કરશે. મેં અરજન્ટ લખીને ફાઈલ મોકલી.'જંગલખાતાના માણસો ઝાડ કાપવાના જ હતા એટલામાં ઉપરથી ઓર્ડર આવ્યો કે ૧૦ વરસ પહેલાં ફોરેનનાં કોઇ પ્રધાનમંત્રીએ ઝાડ વાવેલું, જો એ ઝાડ કપાય તો એ દેશ સાથેના આપણા સંબંધો પણ કપાય! માટે આમાં વડા પ્રધાનની મંજૂરી જોઈએ.



પી.એમ.ના સેક્રેટરીએ જણાવ્યુંઃ 'પી.એમ, સવારે જ વિદેશ પ્રવાસેથી આવ્યા છે. સાંજે ૪ વાગે વિદેશખાતું, એમને ફાઈલ દેખાડશે.' સુપ્રિન્ટેન્ડેન્ટે સાંજે ૫ વાગે ખુશખબરી આપીઃ 'વડા પ્રધાને ઝાડ કાપવાની મંજૂરી આપી..હાશ, આજે એક ફાઈલ ખતમ!' -પણ ત્યાં સુધી તો શાયરના જીવનની ફાઈલ પણ ખતમ!.. ઉર્દૂ લેખક કૃશનચંદરની ૭૦ વર્ષ પહેલાંની 'જામુન કા પેડ' વ્યંગ-કથા જેવું જ સરકારી તંત્ર હંમેશથી ચાલ્યું આવે છે.

હમણાં કેન્દ્રીય-મંત્રી નીતિન ગડકરીજીએ પૂનાનાં કોલેજ-ફંક્શનમાં એક ધારદાર નિવેદન આપ્યુંઃ 'સરકારી વિભાગોની ફાઈલો, એના પર મૂકવામાં આવેલા વજન(એટલે કે પૈસા એમ વાંચો) પ્રમાણે આગળ વધે છે. સિસ્ટમમાં કેટલાંક 'ન્યૂટનના બાપ' છે! દેશની સિસ્ટમમાં પૈસાનું વજન મુકાય તો ફાઈલ હલે ને ઝડપથી કામ થાય!'

વાત આજની નથી, સરકારો આવે ને જાય પણ ફાઈલોને એક ટેબલથી બીજા ટેબલ સુધી 'અંડર-ટેબલ' ધક્કો મારવો જ પડે. જેટલો વાંદરામાંથી આપણને માણસ બનવામાં સમય લાગેલો એટલો જ સમય એક ટેબલથી બીજા ટેબલ પર ફાઈલ પહોંચવામાં લાગે, આપણે ત્યાં ફાઈલો ચલાવવી ફૂલટાઇમનો બિઝનેસ છે. જેની સરકારી ખાતાંઓથી લઇને મિનિસ્ટરો સુધી ઓળખાણ હોય એ જ માણસ કેશ ને કોન્ટેક્ટ્સ દ્વારા ફાઈલ ચલાવવાની 'સૂક્ષ્મ કળા' કરી શકે, પણ આ કામમાં સત્તા સાથે સંબંધો સાચવવાની વિદ્યા શીખવી પડે. મંત્રાલયોની 'કુંજગલીમાં કેશ'ની કૂંજી લઇને અદ્રશ્ય બનીને ઘૂસતા-ફરતા તમને આવડવું જોઇએ. .

એક સરકારી ઓફિસમાં નવો ક્લાર્ક આવ્યો. પહેલા જ દિવસે સાહેબે એને જૂની ફાઈલ શોધવા કહ્યું. પુરાતત્ત્વ શાસ્ત્રીઓ જૂનાં અવશેષો શોધે એમ નવા ક્લાર્કે ફાઈલ શોધી કાઢી, પણ ફાઈલને કબાટમાંથી કાઢવા ખેંચી તો એ બહાર જ ના નીકળે! એણે ખૂબ જોર કર્યું. આસપાસની ફાઈલોનો હલાવી જોઇ પણ પેલી ફાઈલ ના હલી તે ના જ હલી.

'શુકન આપ્યાં વિનાં નવી વહુ પણ ઘુંઘટ નથી ખોલતી ને આ તો જૂની ફાઈલ છે. ૫૦૦ રૂ. દેખાડ!' પેલાંએ ૫૦૦ની નોટ દેખાડી, જેવાં ગાંધીજીનાં દર્શન થયા કે કબાટમાંથી ફાઈલ જાતે જ બહાર કૂદી.

સરકારી ખાતાંઓમાં ફાઈલ શોધવાનાં, ફાઈલ પાસ કરવાનાં કે કદી તો ફાઈલ ગાયબ કરવાનાં,૫.અલગ અલગ ભાવ ચાલે. ઘણીવાર લાલ રિબીનોથી બંધાયેલી સરકારી ફાઈલો વરસો સુધી એમનાં પ્રેમીઓનાં ઇંતેજારમાં કુંવારી જ પડી પડી ઉધઇનાં પેટમાં જતી રહે, પણ ઘણી ફાઈલો સરકારી બાબુઓ કે મંત્રીઓનાં સુંવાળા સ્પર્શથી ખીલી ઊઠે. ફાઈલ, મનમાં મલકાઇને વિચારે, 'હાશ, હવે ખાવા-અગાઉ એક ગુજરાતી ફિલોસોફિકલ કવિતા વાંચેલીઃ 'માઈલોના માઈલો, હું મારી અંદરને અંદર..' આમાં 'માઈલ'ને બદલે 'ફાઈલ' શબ્દ મૂકીને ફાઈલોની ફાઈલો, 'અમે અંદરને અંદર!' એમ બને. ફાઈલો' કમાલની કબ્રસ્તાનો છે જ્યાં સરકારી તપાસનાં રિપોર્ટો કે કહેવાતાં ઈમાનદારોની ઈજ્જત દફન હોય છે.

**બાંગ્લાદેશથી ભારતમાં ત્યારથી ઘૂસણખોરી થઈ રહી છે**

# ઘૂસણખોરોની વધતી સમસ્યાનો નિકાલ ક્યારે?

**જ્યારે તે પૂર્વ પાકિસ્તાન હતું. ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાન બાંગ્લાદેશ બની ગયા બાદ ત્યાંથી ઘૂસણખોરી ચાલુ રહી અને હજુ પણ થઈ રહી છે.**

અસમ, બંગાળ અને ત્રિપુરામાં જ્યારે પણ ચૂંટણી આવે છે, ત્યારે અન્ય અનેક મુદ્દાની સાથે બાંગ્લાદેશી ઘૂસણખોરોનો મુદ્દો અવશ્ય ઉઠે છે. આ વખતે એવું ઝારખંડમાં પણ થયું. બાંગ્લાદેશથી થનારી ઘૂસણખોરી વિધાનસભા ચૂંટણીઓમાં મોટો મુદ્દો બન્યો હતો. જ્યાં ભાજપે એના પર ભાર મૂક્યો બાંગ્લાદેશથી બંગાળના રસ્તે આવનારા બાંગ્લાદેશી ન માત્ર ઝારખંડની જનસંખ્યા બદલી રહ્યા છે, બલ્કે આદિવાસી યુવતીઓ સાથે લગદ્ધ કરી રહ્યા છે અને તેમની જમીન પણ હડપી રહ્યા છે, જ્યારે સત્તારૂઢ ઝારખંડ મુક્તિ મોરચાનુ માનીએ તો ભાજપ જે કંઈ કહી રહી છે તે સાચું નથી. ઝામુમો નેતાઓનું કહેવું છે કે જો બાંગ્લાદેશથી ઘૂસણખોરી થઈ રહી છે તો પછી જવાબદાર કેન્દ્ર સરકાર છે, કારણ કે સીમા સુરક્ષા તેની જ જવાબદારી છે. ખબર નહીં ઝારખંડની જનતાએ કોની વાતો માનીને મત આપ્યા, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે બાંગ્લાદેશી ઘૂસણખોરોનો મુદ્દો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ચૂક્યો છે.

બે વર્ષ પહેલાં ઝારખંડ હાઈકોર્ટમાં જમશેદપુરના સૈયદ દાનિયાલ દાનિશ તરફથી દાખલ કરવામાં આવેલ જનહિત અરજીમાં કહેવામાં આવ્યું હતું કે સાહિબગંજ, પાકુડ, ગોડ્ડા, દુમકા, જામતાડા વગેરે જિલ્લામાં આદિવાસી આબાદી ઘટી રહી છે, કારણ કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને આદિવાસીઓની જમીન પર વસાવવામાં આવે છે. વાસ્તવમાં ભાજપ

બાંગ્લાદેશી ઘૂસણખોરોને લઈને જે કંઈ કહી રહી છે, તે લગભગ એ જ છે જે દાનિશની અરજીમાં કહેવામાં આવ્યું છે. આ અરજી પર સુનાવણી કરતાં સપ્ટેમ્બરમાં ઝારખંડ હાઈકોર્ટે આદેશ આપ્યો કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને શોધવા માટે કેન્દ્ર અને રાજયના અધિકારીઓની એક તથ્ય શોધક કમિટી બનાવવામાં આવશે. ઝારખંડ સરકાર પહેલાં તો તેના માટે તૈયાર થઈ ગઈ, પરંતુ પાછળથી ફરી ગઈ અને હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગઈ. ગત દિવસોમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પોતાનો પક્ષ રજૂ કરવાનું કહ્યું છે. ખબર નહીં સુપ્રીમ કોર્ટ કયા નિષ્કર્ષ પર પહોંચશે, પરંતુ આ એક સચ્ચાઈ છે કે બાંગ્લાદેશથી ઘૂસણખોરી થાય છે. જો બંગાળના રસ્તે ઘૂસેલા બાંગ્લાદેશી ઝારખંડ આવીને વસી ગયા હોય તો આશ્ચર્ય નહીં. એમ પણ એ સત્ય છે કે ઝારખંડના આદિવાસી બહુલ વિસ્તારોમાં ડેમોગ્રાફી બદલાઈ ગઈ છે. તે અસમ, ત્રિપુરા અને બંગાળમાં પણ બદલાઈ છે અને હવે તો ટાટા ઈન્સ્ટટ્યિૂટ ઓફ સોશ્યલ સાયન્સિસના રિપોર્ટ અનુસાર મુંબઈમાં પણ બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓને કારણે આબાદીનું સંતુલન બગડી રહ્યું છે. આ રિપોર્ટ અનુસાર જો આ જ હાલ રહ્યા તો ૨૦૫૧ સુધીમાં મુંબઈમાં હિંદુ આબાદી ઘટીને ૫૪ ટકાથી પણ ઓછી થઈ જશે અને બાંગ્લાદેશી ઘૂસણખોરો અને રોહિંગ્યાઓને કારણે મુસ્લિમ આબાદી ૩૦ ટકા થઈ જશે. આ રિપોર્ટ અનુસાર ૨૦૧૧માં મુંબઈમાં હિંદુઓની આબાદી ૬૬ ટકા અને મુસલમાનોની ૨૧ ટકા હતી. આ રિપોર્ટમાં કહેવાયું છે કે કેટલાક રાજકીય સંગઠનો વોટબેંકના રાજકારણ માટે ગેરકાયદે ઘૂસણખોરોનો ઉપયોગ કરે છે. ચૂંટણીને કારણે ભાજપે આ રિપોર્ટનો જોરશોરથી ઉલ્લેખ કરવાનું ચાલુ કરી દીધું છે, પરંતુ શું આટલું પૂરતું છે?

બાંગ્લાદેશથી ભારતમાં ત્યારથી ઘૂસણખોરી થઈ રહી છે, જ્યારે તે પૂર્વ પાકિસ્તાન હતું. ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાન બાંગ્લાદેશ બની ગયા બાદ ત્યાંથી ઘૂસણખોરી ચાલુ રહી અને હજુ પણ થઈ રહી છે. બંગાળ, અસમ, ત્રિપુરાના રસ્તે ગેરકાયદે ભારત આવેલા બાંગ્લાદેશી ઘૂસણખોરો રોજ દેશના વિભિન્ન હિસ્સામાં પકડાય છે. થોડા સમય પહેલાં પુણેમાં ૨૧ બાંગ્લાદેશી ઘૂસણખોરોની ધરપકડ કરવામાં આવી. તેમની પાસે નકલી આધાર, પાન અને વોટર આઈડી પણ હતાં. આ જ રીતે હાલમાં અમદાવાદમાં લગભગ ૫૦ બાંગ્લાદેશીઓની ધરપકડ કરવામાં આવી. તેમાંથી કેટલાયની પાસે નકલી ઓળખપત્રો હતાં. એના પર ચકિત થવાની જરૂર નથી કે ભારતમાં ઘૂસનારા બાંગ્લાદેશી પુણે, અમદાવાદ સુધી કેવી રીતે પહોંચી રહ્યા છે, કારણ કે પૂર્વોત્તરનાં રાજ્યોની સીમામાં ઘૂસીને રોહિંગ્યાઓએ દિલ્હી, જમ્મુ, હૈદરાબાદ સુદ્ધાંમાં પોતાનાં ઠેકાણાં બનાવી લીધાં છે. કહેવું મુશ્કેલ છે કે દેશમાં કેટલા બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરો છે, પરંતુ એ પાકું છે કે તેઓ ઠીકઠાક સંખ્યામાં છે. પ્રશ્ન એ છે કે તેમની ઘૂસણખોરી અટકી કેમ નથી રહી? માત્ર એટલું જ પૂરતું નથી કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને ચૂંટણીનો મુદ્દો બનાવવામાં આવે. આ મુદ્દાનું સમાધાન પણ થવું જોઈએ અને તે પણ પ્રાથમિકતાના આધાર પર.

ભાજપ બંગાળ અને ઝારખંડના મુખ્યમંત્રીઓ પર એ આરોપ લગાવીત રહી છે કે તે બાંગ્લાદેશી ઘૂસણખોરો પર ઉદાર વલણ ધરાવે છે અને તેમને પોતાની વોટબેંક બનાવવાની તાકમાં રહે છે. એવો જ આરોપ રોહિંગ્યાઓને લઈને પણ લાગે છે. એ નિષ્કર્ષ પર પહોંચવાનાં ઘણાં કારણો છે કે બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓની ઘૂસણખોરી કરાવીને તેમને સુનિયોજિત રીતે ભારતીય નાગરિક બનાવવામાં આવે છે, પરંતુ આ સવાલમાં પણ દમ છે કે આખરે કેન્દ્ર સરકાર ઘૂસણખોરી રોકવા માટે શું કરી રહી છે? સીમાઓની સુરક્ષાની સાથે ઘૂસણખોરોની ઓળખ કરવી અને તેમને હાંકી કાઢવા તેનું જ કામ છે. છેલ્લા દસ વર્ષમાં ગૃહમંત્રીથી લઈને વડાપ્રધાન કેટલીય વાર બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરોનો મુદ્દો ઉઠાવી ચૂક્યા છે, પરંતુ તેમની ઘૂસણખોરી રોકવા અને તેમને નિષ્કાસિત કરવા મામલે પરિણામ શૂન્ય રહ્યું છે. ઘૂસણખોરી એક રાષ્ટ્રઘાતી સમસ્યા છે. આ સમસ્યા પર બૂમરાણ મચાવાને બદલે તેનું સમાધાન થાય તે જરૂરી છે. ઘૂસણખોરો એટલે કે ગેરકાયદે આપ્રવાસી પશ્ચમી દેશોમાં પણ એક મોટો મુદ્દો બની ગયા છે, પરંતુ તેઓ તેમને હાંકી કાઢવા મુદ્દે ગંભીર છે. દુર્ભાગ્યે આપણા દેશમાં ઘૂસણખોરો માત્ર ચૂંટણી મુદ્દા સુધી જ સીમિત રહી જાય છે.

# કેન્સરની સારવાર બાદ હવે એની સાઇડ-ઇફેક્ટ્સ મ્યુકોસાઇટીસથી પીડાઇ રહી છે હીના ખાન



ટેલિવિઝન ઍક્ટ્રેસ હીના ખાનને ત્રીજા સ્ટેજનું બ્રેસ્ટ કેન્સર થયુ છે અને એની સારવારની તેને સાઇડ-ઇફેક્ટ્સ થઈ છે. ૩૬ વર્ષની હીનાએ કૅન્સર વિશે થોડા મહિના પહેલા ઇન્સ્ટાગ્રામ પર માહિતી આપી હતી. એની સારવારને લઈને અને પોતાની હેલ્થ વિશે તે સતત માહિતી સોશિયલ મીડિયામાં શૅર કરતી રહે છે. તે હવે મ્યુકોસાઈટીસ નામની બીમારીથી પીડાઇ રહી છે એ વિશે તેણે જણાવ્યું છે. કૅન્સરમાં આપવામાં આવતી કેમોથેરાપી અને રેડિયેશનને કારણે તેને મ્યુકોસાઈટીસ થયુ છે. તેણે પાંચ કેમોથેરાપી લીધી છે અને હજી ત્રણ બાકી છે. એના માટે તે ડૉક્ટરની સલાહ-સૂચનોનું પાલન કરી રહી છે. દર્દથી પીડાતી હોવા છતાં પણ હીના કામમાં ઍક્ટિવ છે.

શું છે આ મ્યુકોસાઈટીસ: મ્યુકોસાઈટીસ આ એક એવી બીમારી છે કે જેમાં પેશન્ટને કૅન્સરની સારવાર દરમ્યાન સાઇડ-ઇફેક્ટ્સના ભાગ રૂપે ભોગવવી પડે છે. એના કારણે મોઢામાં, ગળામાં અથવા આંતરડાના પટલ પર સોજો અને છાલાં પડે છે. એથી પેશન્ટને જમવામાં, પાણી પીવામાં અને બોલવામાં પણ તકલીફ થાય છે. મોંમાં અને ગળામાં બળતરા અને પીડા ઉપડે છે. ગંભીર સ્થિતિમાં આ પટલમાંથી રક્તસ્ત્રાવ શરૂ થઈ જાય છે. આ પાતળો પટલ શરીરના આંતરિક અવયવોની સુરક્ષા કરે છે. મ્યુકોસાઈટીસને કારણે તેની રક્ષા કરવાની ક્ષમતા ઘટી જાય છે. એને કારણે બેક્ટેરિયલ અને ફંગલ ઈન્ફેક્શન વધવાનું જોખમ વધી જાય છે. યોગ્ય સારવારથી એકથી છ અઠવાડિયામાં આરામ મળે છે.

ઉપચાર: મ્યુકોસાઈટીસની કોઈ ચોક્કસ સારવાર નથી, પરંતુ એના લક્ષણોને નિયંત્રિત કરવા અને સંક્રમણથી બચવાના અનેક ઉપચાર છે. એમાં પીડાને ઘટાડવાની દવા આપવામાં આવે છે. એના માટે એન્ટિબાયોટિક્સ, એન્ટિફંગલ અને એન્ટિવાઈરલ દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. દર્દીને વધારે પાણી પીવાની સલાહ આપવામાં આવે છે. જેથી અંદરના જખમ પર જલદી રૂઝ આવી જાય. જમવામાં તકલીફ હોવાથી લિક્વિડ ડાયેટ અને સપ્લિમેન્ટ અપાય છે.ખાસ તકેદારી: ગરમ મસાલેદાર ભોજન ટાળવું, શરાબથી દૂર રહેવું, સખત પદાર્થો જેવા કે ચિપ્સ, ક્રેકર ન ખાવા. લિક્વિડ પદાર્થોનું સેવન વધારે પ્રમાણમાં કરવું. હાઈ પ્રોટીનવાળા ખોરાકને પોતાની ડાયેટમાં સામેલ કરવું




# ગુજરાતી ફિલ્મ 'ઉંબરો મોશન પોસ્ટર રિલીઝ, ૨૪ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં આવશે

ગુજરાતી ફિલ્મ 'ઉંબરો'નું મોશન પોસ્ટર મેકર દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે. આ ફિલ્મનું નિર્દેશન અભિષેક દ્વારા કરવામાં આવ્યું છે, જ્યારે તે સંજય છાબરિયા અને ફાલ્ગુની પટેલ દ્વારા નિર્મિત છે. અને અમિત ભાનુશાલી અને ઈરાદા સ્ટુડિયો દ્વારા સહ-નિર્માતા છે. આ ફિલ્મમાં વંદના પાઠક, કાજલ ઓઝા વૈદ્ય, સુચિતા ત્રિવેદી, દીક્ષા જોષી, તર્જની ભાડલા, તેજલ પંચાસરા, વિનીતા એમ જોશી, આર્જવ ત્રિવેદી, સંજય ગલસર, પાર્લે પટેલ અને કરણ ભાનુશાલી મુખ્ય ભૂમિકામાં છે.

ફિલ્મ 'ઉંબરો'નું મોશન પોસ્ટર સોશિયલ મીડિયા પર રિલીઝ કરવામાં આવ્યું છે, જેમાં લખવામાં આવ્યું છે કે, "હજાર માઈલની સફર એક પગલા થી શરૂ થાય છે." આ મિશન પોસ્ટર ફિલ્મની પ્રેરણાદાયી સફરને પ્રતિબિંબિત કરે છે અને દર્શકોને એક નવી સફર પર લઈ જવાનું વચન આપે છે.

'ઉંબરો' વિશે દર્શકોમાં ઉત્તેજના વધી છે, અને આ ફિલ્મ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. મોશન પોસ્ટર દ્વારા દર્શકોને ટ્રાવેલ મોડમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેના કારણે ફિલ્મ પ્રત્યે અપેક્ષા વધુ વધી છે.



# દિશા પટની ના પિતાને લાગ્યો રૂ. ૨૫ લાખનો ચૂનો, પરત માંગતા મળી મોતની ધમકી

ફિલ્મ અભિનેત્રી દિશા પટાનીના પિતા તથા બરેલીના રિટાયર્ડ સીઓ જગદીશ ચંદ્ર પટાની સાથે ૨૫ લાખ રૂપિયાની ઠગાઈ કરવામાં આવી છે. ઉત્તરાખંડ સરકારમાં તેમને કોઈ જવાબદારી કે કોઈ આયોગમાં મહત્વનો હોદ્દો આપવાની લાલચ આપીને ધીમે ધીમે કરીને ૨૫ લાખ રૂપિયા પડાવી લીધા હતા.ત્રણ મહિનામાં કામ પૂરું ન થાય તો વ્યાજ સહિત રૂપિયા પરત કરવાનો વાયદો કરવામાં આવ્યો હતો. પરંતુ છ મહિના બાદ પણ કંઈ થયું નહોતું. જગદીશ પટાનીને કોઈ પદ મળ્યું નહોતું કે ન તો રકમ પાછી આપવામાં આવી હતી.રકમ પરત માંગતા જગદીશ પટાનીને ધમકી આપવામાં આવી હતી. તેમણે સમગ્ર મામલે બરેલી એસએસપીને ફરિયાદ કરી હતી. એસએસપીના આદેશ પર જૂના અખાડા ઋષિકેશના આચાર્ય જયપ્રકાશ સહિત પાંચ લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. પોલીસ મામલાની તપાસ કરી રહી છે.બોલિવુડની બોલ્ડ અને ગ્લેમરસ અભિનેત્રી દિશા પટાનીએ અવાનવાર તેના હોટ અંદાજથી સોશિયલ મીડિયા પર ધૂમ મચાવે છે. દિશાએ થોડા દિવસ પહેલા તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક બોલ્ડ સેલ્ફી શેર કરી હતી.

# શો-શરાબા : ડિજિટલ સ્ટાર્સ બન્યા મેનસ્ટ્રીમ સ્ટાર્સ!






હમણાં રિલીઝ થયેલી જહોન સીના અને ઓકવાફીના અભિનીત ફિલ્મ 'જેકપોટ'ના અંતમાં એક મજેદાર મેટા હ્યુમર છે.

ઓકવાફીનાનું પાત્ર કેટી એક્ટર બનવા માટે સંઘર્ષ કરે છે, પણ એ દરમિયાન એને મળેલાં એક જેકપોટના કારણે એ મુશ્કેલીમાં મુકાઈ જાય છે. ફિલ્મના અંતે જયારે બધું થાળે પડે છે ત્યારે જહોન સીનાનું પાત્ર નોએલ એને પૂછે છે :

હવે એક્ટર બનવા માટે તું શું પ્રયત્ન કરીશ?' ત્યારે કેટી કહે છે કે 'એક્ટર બનવાની ઈચ્છા હવે નથી રહી. કેમ કે આજકાલ તો કોઈ પણ રેસલર અને યુટ્યુબર પણ એક્ટર બની જાય છે.'

અહી મેટા હ્યુમર એ છે કે જહોન સીના ભૂતપૂર્વ રેસલર છે અને ઓકવાફીના યુટ્યુબરપ!

આજે કોન્ટેન્ટ ક્રિએટર્સ, યુટ્યુબર્સ, સ્ટેન્ડઅપ કોમેડિયન્સ વગેરેને ફિલ્મ્સમાં મહત્ત્વનું સ્થાન મળવાના કેટલાંય ઉદાહરણો આપણી સમક્ષ છે. ભારતીય ઉદાહરણો વિચારીએ તો ભુવન બામ, અનુભવ બસ્સી, રાહુલ જોશી, પ્રાજક્તા કોલી, કુશા કપિલા જેવા અનેક નામ તરત જ યાદ આવી જાય.

ભારતમાં જયારે સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સની શરૂઆત થઈ અને યુટ્યુબ, ટિકટોક અને ઈન્સ્ટાગ્રામ થકી પણ કોન્ટેન્ટ ક્રિએટ કરનારા વધ્યા ત્યારે મનોરંજન ક્ષેત્રે સિનેમાની અનેક નાની-મોટી શાખાઓ વધી એ આપણને ખબર છે. યુટ્યુબ પર વીડિયોઝ બનાવીને અનેક યંગસ્ટર્સ જેમ કે પ્રાજક્તા કોલી, ભુવન બામ,ઈત્યાદિએ લાખો ફોલોઅર્સ થકી પોતાનું નામ બનાવ્યું છે.

એ બદલાવના સમયમાં ડિજિટલ પર હિન્દી સિનેમાના સ્ટાર્સ અને 'મેકર્સ મિર્ઝાપુર' કે 'સેક્રીડ ગેમ્સ' થકી આવ્યા તો આ યુટ્યુબર્સ પણ એ જ ડિજિટલ ક્ષેત્રે પોતાની ઓળખ ઊભી કરીને એક સ્તરે પહોચી ચૂક્યા હતા. એ જ કારણસર એમને પણ ડિજિટલ ક્ષેત્રે સેલિબ્રિટી સ્ટેટસ મળ્યું.

ધીમે-ધીમે આ નવા બનેલા સેલિબ્રિટીઝને મનોરંજન ક્ષેત્રે સૌથી જૂના કે મેનસ્ટ્રીમ ગણાય તે સેલિબ્રિટીઝ કે સ્ટાર્સની સાથે ફિલ્મ્સમાં પણ સ્થાન મળવા લાગ્યું. પ્રાજક્તા કોલીને મિસમેચ્ડ' (૨૦૨૦) અને 'જુગજુગ જિયો' (૨૦૨૨) જેવા શોઝ અને ફિલ્મ્સ મળી, કનન ગિલને સોનાક્ષી સિંહા સાથે ૨૦૧૭માં 'નૂર' ફિલ્મ મળી. સુમુખી સુરેશને 'પુષ્પાવલી' (૨૦૧૭), કુશા કપિલાને 'થેન્ક યુ ફોર કમિંગ' (૨૦૨૩),'દેહાતી લડકે' (૨૦૨૩), 'લાઈફ હિલ ગઈ' (૨૦૨૪), તો અનુભવ બસ્સીને 'તૂ જૂઠી મૈં મક્કાર' (૨૦૨૩) જેવી ફિલ્મ મળી.

તૂ જૂઠી મૈં મક્કાર' ફિલ્મના દિગ્દર્શક લવ રંજને એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે મારે નાયકના દોસ્તના પાત્રમાં નોર્થ સાઈડનો એ લહેકો અને દોસ્ત તરીકે ફિટ બેસે તેવી ઈમેજ હોય તેવા કોઈની જરૂર હતી. અને દોસ્તી પરની અનુભવ બસ્સીની મેં એક સ્ટેન્ડઅપ ક્લિપ પણ જોઈ હતી અને મને એ એકદમ પાત્ર માટે ફિટ લાગ્યો હતો.

આ રીતે સ્ટેન્ડઅપ કોમેડિયન્સ, કોન્ટેન્ટ ક્રિએટર્સ અને યુટ્યુબર્સને આજે ઈન્ટરનેટ યુઝર્સ અને ફિલ્મમેકર્સ સેલિબ્રિટી તરીકે જુએ છે અને ડિજિટલ ઉપરાંત મેનસ્ટ્રીમ હિન્દી સિનેમાનો પણ ભાગ બનાવે છે. સેંકડો ચાહકો ધરાવતો ભુવન બામ નાની કોમેડી ક્લિપ્સથી લઈને ડિઝની પ્લસ હોટસ્ટારની તાજેતરમાં જ જેની બીજી સિઝન રિલીઝ થઈ એ 'તાઝા ખબર' જેવી સફળ વેબ સિરીઝ સુધી પહોંચ્યો છે.

આ ઉપરાંત આ ક્રિએટર્સને મનોરંજન ક્ષેત્રે અન્ય રીતે પણ સાથે લેવામાં આવે છે, જેમ કે ભારતમાં સુપરહીરો ફિલ્મ્સ અત્યંત પ્રચલિત છે અને હોલિવૂડના મેકર્સ માટે વસતિના કારણે પણ ભારત એક મોટું માર્કેટ છે. એથી ત્યાંના એક્ટર્સ અને મેકર્સને ભારતના દર્શકો સાથે જોડવા

માટે વર્ષોથી આશિષ ચંચલાની જેવા યુટ્યુબરનો સહારો લેવામાં આવે છે.હોલિવૂડ જ નહીં, ભારતીય ફિલ્મમેકર્સ પણ એમની ફિલ્મ્સના રિલીઝ સમયે અનેક રીતે ડિજિટલ પ્રમોશન માટે આ કોન્ટેન્ટ ક્રિએટર્સના પ્લેટફોર્મ પર પધારે છે. ઈન્ટરવ્યુઝ અને પોડકાસ્ટસ દ્વારા 'ડિજિટલ કોમેન્ટરી', 'ટીઆરએસ' કે 'ટ્રાયડ એન્ડ રિફ્યુઝડ પ્રોડક્શન્સ' જેવી અનેક યુટ્યુબ ચેનલ્સ પર દર્શકોને નવી ફિલ્મ્સ અને શોઝનું પ્રમોશન જોવા મળી રહે છે. આજે તો 'નેટફ્લિક્સ' જેવા મોટા પ્લેટફોર્મ્સ તેમની મોટાભાગની રિલીઝ માટે તન્મય ભટ્ટ, ઐશ્ર્ચર્યા મોહનરાજ કે આદિત્ય કુલશ્રેષ્ઠ જેવા કોમેડિયન્સ સાથે નિયમિત રિએક્ટ વીડિયોઝ અને ઈન્ટરવ્યુઝ ગોઠવતા રહે છે. ઉપરાંત પ્રમોશનના બીજા અખતરા રૂપે ડાન્સ કવર્સ માટે પણ ફિલ્મ સ્ટાર્સ યુટ્યુબર્સ જોડાય છે.



# મુકેશ ખન્નાએ દેશી સુપર હીરો 'શક્તિમાન'ની જાહેરાત કરી

૯૦ના દસકામાં મોટાં થયેલાં બાળકોનો કોઈ અસલી સુપર હીરો હોય તો એ શક્તિમાન છે, એક એવો સુપર હિરો જે ગોળ ફરતાં ઉડીને મુશ્કેલીમાં મુકાયેલા લોકોને બચાવે છે અને ગુનેગારોને પણ પકડે છે. ૯૦ના દાયકાના બાળકો માટે કોઈ પણ સ્પાઈડરમેન, સુપરમેન કે આયર્નમેન કરતાં શક્તિમાન વધુ જાણીતો સુપર હિરો હતો. હવે આજની પેઢીના બાળકોને પણ આ સુપરહિરોનો પરિચય થાય તે હેતુથી મુકેશ ખન્ના ઘણા લાંબા સમયથી એક ફિલ્મ બનાવવાનું આયોજન કરતા રહ્યા છે. અંતે હવે શનિવારે મુકેશ ખન્નાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર ટીઝર શેર કરીને ખાતરી આપી છે કે અંતે આ ઓરિજીનલ સુપર હિરો મોટા પડદે આવવા તૈયાર છે.

મુકેશ ખન્નાએ શક્તિમાનનો એક નાનો વીડિયો શેર કરીને કૅપ્શનમાં લખ્યું હતું, "તેના પાછા આવવાનો સમય થઈ ગયો છે". આ પોસ્ટ શેર થતાં જ અનેક લોકોએ તેના પર કમેન્ટ કરીને પોતાની ઉત્સુકતા દર્શાવી હતી. આ વીડિયોની કૅપ્શનમાં મુકેશ ખન્નાએ લખ્યું, "આપણો પહેલો ભારતીય સુપર ટીચર-સુપર હિરો. હા! આજે જ્યારે અંધકાર અને દુષ્ટ શક્તિઓ આજના બાળકો પર હાવી થઈ રહી છે..ત્યારે એના પાછા ફરવાનો સમય થઈ ગયો છે. તે એક સંદેશ સાથે પાછો ફરે છે. તે શીખવવા માટે પાછો વે છે. આજની પેઢી તેનું બંને હાથ ખોલીને સ્વાગત કરી રહી છે. હાલ તેનું ટીઝર ભીશ્મ ઈન્ટરનેશનલની યૂટ્યુબ ચૅનલ પર માણો."

આ નાના વીડિયોમાં શક્તિમાન ગોળ ફરતો ઊડીને એક સ્કૂલમાં ઊતરે છે, જ્યાં તે ચંદ્રશેખર આઝાદ, ભગત સિંહ, સુભાષ ચંદ્ર બોઝ સહીતના સ્વતંત્ર સેનાનીઓની તસવીરો જોઈને ગાય છે, "આઝાદી કે દીવાનોં ને જંગ લડી ફિર જાને દી, અંગ અંગ કટ ગયે મગર આંચ વતન પર ન આને દી.." શક્તિમાન સીરિયલ દૂરદર્શન પર ૧૯૯૭માં શરૂ કરવામાં આવી હતી અને ૪૫૦ એપિસોડ સુધી ચાલી હતી.

# અભિનેત્રી પલક તિવારીએ માલદીવ્સમાં માણી મોજ, બોલ્ડ તસવીરો વાઈરલ




માલદીવ્સ: ભારત અને માલદીવ્સ વચ્ચે સંબંધો ફરી સુધારવાના અહેવાલો વચ્ચે હવે બોલીવુડના કલાકારો માલદીવ્સ ભણી હરવાફરવાનું ચાલુ કર્યું છે. ટેલિવિઝનની જાણીતી અભિનેત્રી શ્વેતા તિવારીની લાડલીએ માલદીવ્સમાં વેકેશનની મોજ માણતી તસવીરોએ લોકોમાં જોરદાર ઘેલું લગાવ્યું છે. વડ એવા ટેટા કહેવતના માફક શ્વેતાના માફક દીકરી પણ પોતાની બોલ્ડ અદાનો જાદુ પાથરવામાં સફળ રહી છે. તાજેતરમાં માલદીવ્સના વેકેશન પર ગયા પછી પલક તિવારીએ તસવીરો ઓનલાઈન શેર કરી હતી. પલક તિવારીએ તેના ઈન્સ્ટાગ્રામ પરના એકાઉન્ટ પર માલદીવની તસવીરો શેર કરી હતી.

વાઈરલ ફોટોગ્રાફ પલક બ્લેક બિકિનીમાં પોઝ આપતી જોવા મળી હતી. તેની ફેશન સેન્સ પણ ખૂબ હોટ લાગે છે. પલકે એક્સેસરીઝ અને મેકઅપ વગરનો ફોટો પોસ્ટ કર્યો છે. તેના ખુલ્લા વાળ તેના દેખાવને વધુ બોલ્ડ બનાવ્યો હતો. પોતાની પોસ્ટના કેપ્શનમાં પલકે લખ્યું- માય માલદીવિયન હેવન. અહી તમારી જાણ ખાતર જણાવી દઈએ કે પલક તિવારી શ્વેતા તિવારીની દીકરી છે. તેને ૨૦૨૩માં સલમાન ખાનની ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન'થી બોલીવુડમાં એન્ટ્રી કરી હતી. આ ફિલ્મ એક્શન-કોમેડી હતી અને ૨૦૧૪ ની તમિલ ફિલ્મ 'વીરમ'ની રિમેક હતી. કલાકારોમાં પૂજા હેગડે, વેંકટેશ, ભૂમિકા ચાવલા, જગપતિ બાબુ, વિજેન્દર સિંહ, રાઘવ જુયાલ, જસ્સી ગિલ, સિદ્ધાર્થ નિગમ, શહેનાઝ ગિલ, પલક તિવારી, વિનાલી ભટનાગર અને સતીશ કૌશિક પણ હતા.





## ભારતે ૧૩૫ રનથી ચોથી ટી૨૦ જીતીને સિરીઝ કબજે કરી

# આફ્રિકાની સૌથી મોટી હાર, અર્શદીપે ૩ વિકેટ લીધી

ચોથી ટી-૨૦માં ભારતે સાઉથ આફ્રિકાને ૧૩૫ રનના વિશાળ અંતરથી હરાવ્યું છે. ટી-૨૦માં સાઉથ આફ્રિકાની આ સૌથી મોટી હાર છે. ભારત તરફથી તિલક વર્મા અને સંજુ સેમસને સદી ફટકારીને સ્કોર ૨૮૩ રન સુધી પહોંચાડ્યો હતો. આ સાઉથ આફ્રિકા વિરૂદ્ધ ૨૦નો સર્વોચ્ચ સ્કોર પણ હતો.મોટા ટાર્ગેટની સામે હોમ ટીમ ૧૮.૨ ઓવરમાં ૧૪૮ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ટ્રિસ્ટન સ્ટબ્સે ૪૩ રન, ડેવિડ મિલરે ૩૬ રન અને માર્કો યાન્સેને ૨૯ રન બનાવ્યા હતા. ભારત તરફથી અર્શદીપ સિંહે ૩ અને વરુણ ચક્રવર્તીએ ૨ વિકેટ ઝડપી હતી. ચોથી ટી૨૦ જીતીને ભારતે સિરીઝ પણ ૩-૧થી જીતી લીધી હતી.૨૮૪ રનના ટાર્ગેટ સામે સાઉથ આફ્રિકાની ટીમ ૧૮.૨ ઓવરમાં માત્ર ૧૪૮ રન જ બનાવી શકી હતી. ટીમ ચોથી ટી્૨૦માં ૧૩૫ રનથી હારી ગઈ હતી.્૨૦માં આ તેમની સૌથી મોટી હાર છે. આ પહેલાં ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયાએ ટીમને ૧૧૧ રને હાર આપી હતી. ભારતે બીજી વખત સાઉથ આફ્રિકાને ૧૦૦+ રનથી હરાવ્યું છે. ગત વર્ષે પણ ટીમ ઈન્ડિયાએ સા. આફ્રિકા સામે જોહાનિસબર્ગમાં જ ૧૦૬ રનથી મેચ જીતી હતી.અક્ષર પટેલે ઈનિંગની ૧૮મી ઓવરમાં તેની બીજી વિકેટ લીધી હતી. તેણે ડીપ મિડ-વિકેટ પર કેશવ મહારાજને તિલક વર્માના હાથે કેચ કરાવ્યો. મહારાજ માત્ર ૬ રન બનાવી શક્યા હતા. આ પહેલા અક્ષરે ગેરાલ્ડ કોત્ઝીને પણ પેવેલિયન મોકલી દીધો હતો.વરુણ ચક્રવર્તીએ તેની બીજી વિકેટ ૧૪મી ઓવરમાં લીધી હતી. તેણે એન્ડીલે સિમેલેનને રવિ બિશ્નોઈના હાથે કેચ કરાવ્યો. સિમેલેને ૨ રન બનાવ્યા હતા. આ પહેલા ચક્રવર્તીએ ડેવિડ મિલરને પણ પેવેલિયન મોકલી દીધો હતો. તેણે સિરીઝની ૪ ટી-૨૦માં ૧૨ વિકેટ ઝડપી છે.ટ્રિસ્ટન સ્ટબ્સ ૧૩મી ઓવરના પહેલા બોલ પર LBW આઉટ થયો હતો. રવિ બિશ્નોઈએ તેને પેવેલિયનમાં મોકલ્યો હતો. સ્ટબ્સે ૨૯ બોલમાં ૪૩ રન બનાવ્યા હતા. તેની ઈનિંગમાં ૩ ફોર અને ૨ સિક્સ સામેલ હતી.ડેવિડ મિલર ૧૨મી ઓવરમાં ૩૬ રન બનાવીને આઉટ થયો હતો. તેણે વરુણ ચક્રવર્તીની ઓવરમાં ૨ સિક્સર ફટકારી હતી. ત્યાર બાદ વરુણે તેને છેલ્લા બોલ પર કેચ આઉટ કરાવ્યો હતો. મિલરે ૨૭ બોલમાં ૨ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકાર્યા હતા.સાઉથ આફ્રિકાએ ૯મી ઓવરમાં ૫૦ રન પૂરા કર્યા હતા. ટ્રિસ્ટન સ્ટબ્સે રમણદીપ સિંહ સામે ચોગ્ગો ફટકારીને ટીમની ફિફ્ટી પૂરી કરી. સ્ટબ્સની સાથે ડેવિડ મિલર પણ ક્રિઝ પર હાજર હતો.૨૮૪ રનના ટાર્ગેટને ચેઝ કરવા આવેલી પ્રોટીઝ ટીમની શરૂઆત ખરાબ રહી હતી. ટીમે ૩ ઓવરમાં ૧૦ રનમાં ૪ વિકેટ ગુમાવી દીધી હતી.

### સંજુની બરાબરી કરીને બેક ટુ બેક સદી ફટકારી

જોહાનિસબર્ગઃ તિલક વર્માએ દક્ષિણ આફ્રિકા સામેની ચોથી્ ૨૦ મેચમાં ૪૧ બોલમાં સદી ફટકારીને ઈતિહાસ રચ્યો છે. તિલક વર્માએ ટીમ ઈન્ડિયા માટે સતત બે્ ૨૦ ઈન્ટરનેશનલ મેચમાં સદી ફટકારીને સંજુ સેમસનની બરાબરી કરી લીધી છે. આ પહેલા સંજુ સેમસને ટીમ ઈન્ડિયા માટે સતત બે ટી૨૦ મેચમાં સદી ફટકારવાની સિદ્ધિ પણ હાંસલ કરી હતી. તિલક વર્માએ પણ શ્રેણીની ત્રીજી મેચમાં ૧૦૭ રનની અણનમ ઈનિંગ રમી.અભિષેક વર્માના આઉટ થયા બાદ તિલક વર્મા ત્રીજા નંબર પર બેટિંગ કરવા મેદાનમાં આવ્યો હતો અને શરૂઆતના કેટલાક બોલ સાવધાની સાથે રમ્યા બાદ તેણે પોતાનો ગિયર બદલ્યો હતો અને તે પછી તેણે અટકવાના કોઈ સંકેતો દેખાડ્યા ન હતા. તિલક વર્માએ મેદાનની ચારેય દિશામાં ચોગ્ગા અને છગ્ગા ફટકારીને દક્ષિણ આફ્રિકાના બોલરોને બરાબરના ધોઈ નાખ્યા હતા.

## સંજુએ ફટકારેલો બોલ મહિલાને મોઢા પર વાગ્યોઃધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી ફેન

ચોથી્ ૨૦માં ભારતે દક્ષિણ આફ્રિકાને ૧૩૫ રને હરાવ્યું. આ સાથે ટીમે ચાર મેચોની સિરીઝ ૩-૧થી જીતી લીધી હતી. ભારત તરફથી તિલક વર્મા અને સંજુ સેમસને સદી ફટકારીને સ્કોર ૨૮૩ રન સુધી પહોંચાડ્યો હતો. જવાબમાં આફ્રિકાની ટીમ ૧૪૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

મેચમાં ઘણી મોમેન્ટ્સ જોવા મળી... અભિષેક શર્માએ સ્ટેડિયમની બહાર બોલ માર્યો, મિલરે ૧૧૦ મીટરમાં સિક્સર

ફટકારી, સંજુની સિક્સ ફેનને વાગી, બિશ્નોઈએ જગલિંગ કરતી વખતે કેચ ઝડપ્યો.

ટીમ ઈન્ડિયાના કેપ્ટન સૂર્યકુમાર યાદવે જોહાનિસબર્ગમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. તેઓએ સિરીઝમાં પ્રથમ વખત ટોસ જીત્યો હતો, પરંતુ ટીમે સતત ચોથી ટી૨૦માં જ બેટિંગ કરી હતી. દક્ષિણ આફ્રિકા અને ભારત બંનેએ તેમના પ્લેઈંગ-૧૧માં કોઈ ફેરફાર કર્યો નથી.

મેચની પહેલી જ ઓવરમાં અભિષેક શર્માને જીવતદાન મળ્યું હતું. અહીં ઓવરના ચોથા બોલ પર અભિષેક શર્માએ ફુલ લેન્થ બોલ પર ડ્રાઈવ રમી હતી. બોલ બેટની બહારની ધારને અડીને સ્લિપમાં રહેલા રીઝા હેન્ડ્રિક્સના હાથમાં ગયો. તેણે શૂન્યના સ્કોર પર અભિષેકનો સરળ કેચ છોડ્યો હતો.

આ ઓવરનો છેલ્લો બોલ અભિષેકના હેલ્મેટ પર વાગ્યો. અભિષેક યાનસનના શોર્ટ ઓફ લેન્થ બોલને પુલ કરવા ગયો હતો, પરંતુ બોલ તેના હેલ્મેટ પર વાગ્યો હતો. ફિઝિયો મેદાનમાં આવ્યા અને અભિષેકની તપાસ કરી.

ભારતીય ઈનિંગ્સની પાંચમી ઓવરના પહેલા બોલ પર અભિષેક શર્માએ મેદાનની બહાર બોલને ફટકાર્યો હતો. અહીં અભિષેક આગળ આવ્યો અને એન્ડીલે સિમેલેનના બોલ પર ઈનસાઈડ આઉટ શોટ રમ્યો. બોલ કવર બાઉન્ડ્રી પર સ્ટેડિયમની બહાર ગયો હતો. આ ઓવરમાં અભિષેકે ૩ સિક્સ અને ૧ ફોરની મદદથી ૨૪ રન બનાવ્યા હતા.

પાવરપ્લેની છેલ્લી ઓવર નાખવા આવેલા ગેરાલ્ડ કુટ્ઝી પગમાં હેમસ્ટ્રિંગને કારણે ઓવરમાં એક પણ બોલ ફેંકી શક્યા ન હતા. બોલિંગ રન-અપ દરમિયાન કુટ્ઝીને સ્નાયુમાં ખેંચાણ આવી હતી. જેના કારણે તે મેદાનની બહાર નીકળી ગયો હતો. એન્ડીલે સિમેલેને તેની જગ્યાએ ઓવર નાંખી. તેના સ્થાને અવેજી તરીકે ડોનોવન ફરેરા મેદાનમાં આવ્યો હતો.

સંજુ સેમસને ૧૦મી ઓવરના પહેલા બોલ પર સિક્સર ફટકારીને પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. તેણે ટ્રિસ્ટન સ્ટબ્સને બોલ પર સતત સિક્સર ફટકારી. ઓવરના બીજા બોલ પર તેણે ડીપ મિડ-વિકેટ તરફ સિક્સર ફટકારી. બોલ સ્ટેડિયમમાં બેઠેલી મહિલા ફેન્સના ચહેરા પર વાગ્યો હતો. આ પછી સંજુએ ક્રિઝ પરથી જ ફેન્સની માફી માંગી હતી. આ ઓવરમાં ૨૧ રન આવ્યા હતા. સંજુએ ૨૮ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી.

## ન્યૂઝીલેન્ડનો ઝડપી બોલર ટમ સાઉથી ઈંગ્લેન્ડ સીરિઝ બાદ ટેસ્ટમાંથી નિવૃત્તિ લેશે

### ૧૧૨૪ વિકેટ લેનાર દિગ્ગજ ખેલાડીએ નિવૃત્તિની જાહેરાત કરી, ભારત સામેની ટેસ્ટમાં અપાવી હતી ઐતિહાસિક જીત

ન્યુઝીલેન્ડના દિગ્ગજ ફાસ્ટ બોલર ટિમ સાઉદીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તે ૨૮મી નવેમ્બરથી રમાનારી ઈંગ્લેન્ડ સામેની ૩ મેચની હોમ ટેસ્ટ સિરીઝ બાદ તેની ટેસ્ટ કારકિર્દીને અલવિદા કહેશે. તે તેની છેલ્લી ટેસ્ટ મેચ હેમિલ્ટનમાં ૧૪થી ૧૮ ડિસેમ્બરની વચ્ચે રમશે. ૩૫ વર્ષીય સાઉદીએ પોતાના કરિયરમાં કુલ ૧૧૨૪ વિકેટ લીધી છે. તેણે ન્યૂઝીલેન્ડ માટે અત્યાર સુધીમાં કુલ ૧૦૪ ટેસ્ટ મેચ રમી છે. આ સમયગાળા દરમિયાન તેણે ૩૮૫ બેટ્સમેનોને આઉટ કર્યા છે. ટેસ્ટ ક્રિકેટમાં ન્યૂઝીલેન્ડ માટે સૌથી વધુ વિકેટ લેનારો તે બીજો બોલર છે. સર રિચર્ડ હેડલીએ ૪૩૧ ટેસ્ટ વિકેટ લીધી હતી.

ટિમ સાઉદીએ ૧૯ વર્ષની ઉંમરે ૨૦૦૮માં નેપિયરમાં ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. હવે તે પોતાની છેલ્લી મેચ પણ આ જ ટીમ સામે રમશે. જો કે, તેણે એમ પણ કહ્યું કે, જો ન્યૂઝીલેન્ડની ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ માટે ક્વોલિફાય થશે તો તે જૂન મહિનામાં લોર્ડ્સમાં યોજાનારી મેચ માટે હાજર રહેશે.

ટેસ્ટ ક્રિકેટમાં ટિમ સાઉથીએ ૧૦૪ મેચમાં ૩૮૫ વિકેટ લેવાની સાથે બેટથી ૨૧૮૫ રનનું યોગદાન આપ્યું છે. તે સારી બેટિંગ કરે છે અને અંતે મોટા શોટ્સ રમવા માટે પણ જાણીતો છે. બ્રેન્ડન મેક્કુલમ પછી ટેસ્ટ ક્રિકેટમાં ન્યૂઝીલેન્ડ માટે સૌથી વધુ સિક્સર ફટકારવાનો રેકોર્ડ સાઉથીના નામે છે. તેણે પોતાની ટેસ્ટ કરિયરમાં કુલ ૯૩ સિક્સર ફટકારી છે.



આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ન્યુઝીલેન્ડ માટે સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ ટિમ સાઉથીના નામે છે. તેણે તમામ ફોર્મેટ સહિત કુલ ૭૭૦ વિકેટ લીધી છે. જ્યારે ડેનિયલ વિટોરીના નામે ૬૯૬ વિકેટ છે, જે આ મામલે બીજા ક્રમે છે. આ સિવાય અત્યાર સુધી માત્ર સાઉદી જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૩૦૦ ટેસ્ટ વિકેટ, ૨૦૦ૈં વિકેટ અને ૧૦૦્ ૨૦ આંતરરાષ્ટ્રીય વિકેટ લેવાની સિદ્ધિ હાંસલ કરી શક્યો છે.

ટિમ સાઉદીએ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ટેસ્ટ શ્રેણીમાં ૫૫ વિકેટ ઝડપી છે. ભારત સામે સૌથી વધુ વિકેટ લેનારો તે ન્યુઝીલેન્ડ તરફથી બીજો બોલર છે. સર રિચર્ડ હેડલીએ ભારત સામે ૬૫ વિકેટ લીધી હતી. સાઉદીએ પણ તાજેતરમાં ૩૬ વર્ષ બાદ ભારતમાં ટેસ્ટ મેચ જીતવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે બેંગલુરુ ટેસ્ટમાં ૬૫ રનની ઈનિંગ રમ્યા બાદ રચિન રવિન્દ્ર સાથે ૧૩૭ રનની ભાગીદારી કરી હતી.

સાઉદીની ઈનિંગની મદદથી ન્યૂઝીલેન્ડની ટીમે મેચ જીતી લીધી હતી. તેણે આ મેચમાં ૨ મહત્વની વિકેટ પણ લીધી હતી. કેપ્ટન રોહિત શર્માને પ્રથમ દાવમાં આઉટ કર્યો હતો. બીજી ઈનિંગમાં ૧૫૦ રન બનાવ્યા બાદ ખતરનાક દેખાઈ રહેલા સરફરાઝ ખાનને પોતાનો શિકાર બનાવ્યો હતો. સરફરાઝના આઉટ થયા બાદ જ ભારતીય ટીમ પાટા પરથી ઉતરી ગઈ હતી અને ન્યૂઝીલેન્ડે ૮ વિકેટે મેચ જીતી લીધી હતી. બાદમાં ન્યૂઝીલેન્ડે શ્રેણી ૩-૦થી જીતી લીધી હતી.ન્યૂઝીલેન્ડની ટીમે ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. જેમાં ટોમ લેથમ (કેપ્ટન), ટોમ બ્લંડેલ (વિકેટકીપર), ડેવોન કોનવે, જેકબ ડફી, મેટ હેનરી, મિશેલ સેન્ટનર, ડેરીલ મિચેલ, વિલ ઓરૂર્કે, ગ્લેન ફિલિપ્સ, રચિન રવિન્દ્ર, નાથન સ્મિથ, કેન વિલિયમસન અને વિલ યંગની પસંદગી કરવામાં આવી છે.

## આઈપીએલની હરાજી માટે ૩૬૬ ભારતીયો સહિત ૫૭૪ ખેલાડીઓની યાદી તૈયાર

### ૧૩ વર્ષીય ખેલાડીનું નામ પહેલીવાર સામેલ, પંત - રાહુલની મૂળ કિંમત ૫૨ કરોડ

**મુંબઈ :** BCCIએ શુક્રવારે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની હરાજી માટે ૫૭૪ ખેલાડીઓની અંતિમ યાદી જાહેર કરી. જેમાં ૩૬૬ ભારતીય અને ૨૦૮ વિદેશી ખેલાડીઓ સામેલ છે. ૮૧ ખેલાડીઓની મૂળ કિંમત ૨ કરોડ રૂપિયા છે.

ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર અને ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર કેમરોન ગ્રીનનું નામ હરાજીની યાદીમાં સામેલ કરવામાં આવ્યું નથી. સાઉદી અરેબિયાના જેદ્દાહ શહેરમાં ૨૪ અને ૨૫ નવેમ્બરે હરાજી થશે. ૧૦ ટીમોમાં ૨૦૪ ખેલાડીઓની જગ્યા ખાલી છે, ટીમો ૭૦ વિદેશી ખેલાડીઓને ખરીદી શકે છે.

બિહારનો ૧૩ વર્ષનો વૈભવ સૂર્યવંશી સૌથી યુવા ખેલાડી છે જ્યારે ઈંગ્લેન્ડનો ૪૨ વર્ષનો ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસન સૌથી મોટી ઉંમરનો ખેલાડી છે. જેમ્સની મૂળ કિંમત ૧.૨૫ કરોડ રૂપિયા છે. વૈભવ બિહારમાં ડોમેસ્ટિક ક્રિકેટ રમે છે.

આઈપીએલ મેગા ઓક્શન ૨૪ નવેમ્બરે બપોરે ૩ વાગ્યે શરૂ થશે. હરાજી બીજા દિવસે પણ બપોરે ૩ વાગ્યાથી શરૂ થશે. ૫૭૪ ખેલાડીઓમાંથી, ૨૪૪ કેપ્ડ છે,




જ્યારે ૩૩૦ અનકેપ્ડ છે. કેપ્ડ ખેલાડીઓમાં ૪૮ ભારતીય, ૧૯૩ વિદેશી અને ૩ સહયોગી દેશોના ખેલાડીઓ હશે. અનકેપ્ડ ખેલાડીઓમાં ભારતના ૩૧૮ અને વિદેશના ૧૨ ખેલાડીઓ છે.

હરાજીમાં માર્કી ખેલાડીઓની ૨ યાદી હશે. રિષભ પંત, કાગીસો રબાડા, જોસ બટલર, શ્રેયસ અય્યર, અર્શદીપ સિંહ અને મિશેલ સ્ટાર્કના નામ પ્રથમ યાદીમાં સામેલ છે. બીજી યાદીમાં યુઝવેન્દ્ર ચહલ, લિયામ લિવિંગ્સ્ટન, ડેવિડ મિલર, કેએલ રાહુલ, મોહમ્મદ શમી અને મોહમ્મદ સિરાજનો સમાવેશ થાય છે.

આઈપીએલની મેગા હરાજી દર ૩ વર્ષમાં એકવાર થાય છે. જેના માટે આ વખતે ટીમો વધુમાં વધુ ૬ ખેલાડીઓ જાળવી શકી હતી. ૩૧ ઓક્ટોબર રિટેન્શનની છેલ્લી તારીખ હતી, આ દિવસે ૧૦ ટીમોએ ૪૬ ખેલાડીઓને રિટેન કર્યા હતા. પંજાબ કિંગ્સે સૌથી ઓછા ૨ ખેલાડીઓને જાળવી રાખ્યા હતા. જ્યારે રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સે વધુમાં વધુ ૬-૬ ખેલાડીઓ પોતાની સાથે રાખ્યા હતા.


પજાબ પાસે હરાજીમાં ૧૧૦.૫૦ કરોડ રૂપિયાનું પર્સ બાકી છે. તે પછી બેંગલુરુ પાસે ૮૩ કરોડ રૂપિયા બાકી છે. રાજસ્થાનમાં સૌથી ઓછી રકમ ૪૧ કરોડ બાકી છે. રાજસ્થાન અને બેંગલુરુ પાસે પણ કાર્ડ મેચ કરવાનો કોઈ અધિકાર નથી. જ્યારે પંજાબ પાસે ૪ અને બેંગલુરુ પાસે ૩ છઝખ કાર્ડ બાકી છે.

૬ કરતા ઓછા ખેલાડીઓને રિટેન કરનાર તમામ ટીમોને હરાજીમાં રાઈટ ટુ મેચ એટલે કે ઇ્સ કાર્ડ મળશે. ઇ્સ કાર્ડ વડે ટીમો અગાઉના ખેલાડીને ટીમમાં સામેલ કરી શકશે.

ચાલો એક ઉદાહરણ સાથે ઇ્સ ને સમજીએ, ધારો કે ગ્લેન મેક્સવેલ, જે ઇ્સનો છેલ્લી સિઝનમાં ભાગ હતો, તેને રૈં દ્વારા હરાજીમાં રૂ. ૭ કરોડની બોલી લગાવીને ખરીદ્યો હતો. હવે જો ઇઝ્મ ઈચ્છે તો તેઓ ઇ્સ કાર્ડનો ઉપયોગ કરીને મેક્સવેલને પોતાની સાથે રાખી શકે છે.

જોકે, આ વખતે MI પાસે મેક્સવેલ માટે બિડ વધારવાનો વિકલ્પ પણ હશે. RTM નો ઉપયોગ કર્યા પછી, MI મેક્સવેલ પર ૧૦ કરોડ રૂપિયાની બિડ પણ કરી શકે છે.

હવે જો RCB મેક્સવેલને પોતાની સાથે રાખવા માંગે છે તો તેણે ૧૦ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. આ સાથે તેના આરટીએમ કાર્ડનો ઉપયોગ કરવામાં આવશે. જો RCB ઇનકાર કરશે તો મેક્સવેલ રૂ. ૧૦ કરોડમાં રૈં પાસે જશે.




## રોહિત શર્મા બીજી વખત પિતા બન્યોઃ પત્ની રિતિકાએ પુત્રને જન્મ આપ્યો

### ભારતીય કેપ્ટન ઓસ્ટ્રેલિયામાં પ્રથમ ટેસ્ટ રમી શકે છે

**મુંબઈ :** ટીમ ઈન્ડિયાનો ટેસ્ટ અને વનડે કેપ્ટન રોહિત શર્મા બીજી વખત પિતા બન્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેની પત્ની રિતિકા સજદેહે ૧૫ નવેમ્બરે મોડી રાત્રે પુત્રને જન્મ આપ્યો હતો. જો કે રોહિત કે રિતિકા દ્વારા હજુ સુધી આ વાતની પુષ્ટિ કરવામાં આવી નથી.

રોહિતે પોતાના બાળકના જન્મ માટે ટીમ ઈન્ડિયામાંથી બ્રેક લીધો હતો. તે ટીમ સાથે ઓસ્ટ્રેલિયા પણ પહોંચી શક્યો ન હતો. જો કે પુત્રના જન્મ બાદ માનવામાં આવી રહ્યું છે કે તે ૨૨ નવેમ્બરથી શરૂ થનારી પર્થ ટેસ્ટમાં રમી શકે છે.

રોહિતે ૧૩ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ રિતિકા સજદેહ સાથે લગ્ન કર્યા હતા. ૩૦ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ રિતિકાએ દીકરી સમાયરાને જન્મ આપ્યો હતો. સમાયરા હવે ૫ વર્ષની છે અને તેને એક ભાઈની ખુશી પણ મળી છે. ટીમ ઈન્ડિયાનો બેટ્સમેન કેએલ રાહુલ પણ ટૂંક સમયમાં પિતા બનવા જઈ રહ્યો છે. તેણે ગયા વર્ષે જાન્યુઆરીમાં બોલિવૂડ એક્ટ્રેસ આથિયા શેટ્ટી સાથે લગ્ન કર્યા હતા. રિપોર્ટ્સ અનુસાર રાહુલ જાન્યુઆરી ૨૦૨૫માં પિતા બની શકે છે. આ વર્ષે જાન્યુઆરીમાં વિરાટ કોહલી પણ બીજી વખત પિતા બન્યો હતો. તેમની પત્ની અનુષ્કા શર્માએ પુત્ર અકાયને જન્મ આપ્યો.

# માંગરોળ દૂધ મંડળી મિટીંગમાં મારામારી કરનાર ૪ આરોપીઓને ૩ વર્ષની સજા

## ભોગ બનનાર ફરિયાદીને રૂ.છ લાખનું વળતર ચૂકવી દેવા કોર્ટનો હુકમ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

માંગરોળના લીમોદરાગામમાં દુધ મંડળીની મિટીંગ બાદ થયેલી મારામારીના ગુનામાં ૪ આરોપીઓને સુરત મુખ્ય ન્યાયાધીશ આર.ટી.વચ્છાણીએ કસુરવાર ઠેરવી ૩ વર્ષની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

સુરત જિલ્લાના માંગરોળ સ્થિત લીમોદરાગામના અકબર ફળિયા ખાતે રહેતા પાર્વતી હરકિશન પટેલે ઘર નજીક મંદિર ફળિયામાં રહેતા હસમુખ મોહન પટેલ, જગદીશ ઝીણા પટેલ, પરેશ હરકિશન પટેલ અને ગીરીશ મોહન પટેલ વિરૂદ્ધ ફરિયાદ આપતા જણાવ્યુ હતું કે, ગત.તા.૨૨.૯.૨૦૧૬ના રોજ સ્થાનિક વિસ્તારની દૂધ મંડળીની મિટીંગ થઈ હતી. આ મિટીંગ દરમિયાન જગદીશ પટેલે હરકિશનદાસ પટેલને ધમકી આપતા કહ્યુ હતુ કે, આ દૂધ મંડળીમાં તુ તથા તારો છોકરો કોઈ મગજમારી કરશો તો હાથ-પગ ભાંગી નાંખીશું. આ ધમકી અંગેની વાત હરકિશનદાસે તેમના દિકરા રાહુલને કરી હતી. જેથી ઉશ્કેરાયેલા રાહુલે બીજા દિવસે સવારે જગદીશના ઘરે ગયો હતો. જગદીશ ઘરે ન હતો. જગદીશની માતાને રાહુલે કહ્યુ હતુ કે અમે પણ જગદીશના હાથ પગ ભાંગી નાંખીશું. આ વાતની અદાવત રાખી ૨૫.૯.૨૦૧૬ના રોજ જગદીશ તેના ઓળખીતાઓ હસમુખ, પરેશ અને ગીરીશ પટેલ સાથે લાકડી અને હોકી લઈ રાહુલના ઘરે ધસી આવ્યો હતો. ઘરમાં ઘુસી રાહુલ ઉપર હુમલો કર્યો હતો. ત્યારબાદ રાહુલને સમજાવી દેજે, નહિંતર બંદુકની ગોળી મારી દઈશું અને તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહ્યા હતા. કોસંબા પોલીસે પાર્વતી પટેલની ફરિયાદ લઈ હસમુખ પટેલ, જગદીશ પટેલ,પરેશ પટેલ અને ગીરીશ પટેલ સામે હત્યાની કોશિષ અને મારામારી તેમજ ધમકી સહિતનો ગુનો નોંધ્યો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી.

ફરિયાદ પક્ષ તમામ આરોપી સામે હત્યા,મારામારી અને ધમકીનો ગુનો સાબીત કરી શક્યા ન હતા. પરંતુ આરોપીઓ સામે આઈપીસી ૪૫૨ મુજબનો ગુનો પુરવાર થતા ૩ વર્ષની સાદી કેદની સજા અને આઈપીસી ૩૨૪ મુજબના ગુનામાં ૨ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. તદુપરાંત ભોગબનનાર ફરિયાદીને રૂ.૬ લાખ વળતર પેટે ચુકવવા પણ આદેશ કર્યો હતો.

# ચેક રિર્ટન કેસમાં તેજસ દલાલને બે વર્ષની સાદી કેદની સજા

## સજા ઉપરાંત ચેકની બમણી રકમ ચૂકવવા કોર્ટે કરેલો આદેશ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

દલાલીના વ્યવહાર પેટે આપેલા રૂ.૯.૫૦ લાખના ચેક રિટર્ન કેસમાં કોર્ટે દલાલને કસુરવાર ઠેરવી ૨ વર્ષની સાદી કેદની સજા અને ચેકની બમણી રકમ ચુકવવા પણ આદેશ કર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, હનીપાર્ક અડાજણ ખાતે સુમન ઘાટા નામનો એક ફ્લેટ દલાલ તેજસ કમલેશ દલાલે જગદીશ જેરામ સુરતીને બતાવ્યો હતો. જગદીશ સુરતીને આ ફ્લેટ પસંદ આવ્યો હતો. ત્યારબાદ જગદીશભાઈ આ ફ્લેટ રૂ.૮.૫૦ લાખમાં ખરીદવા માટે નકકી થયા હતા. તેજસ દલાલે આ ફલેટની દલાલી પેટે રૂ.૩૦ હજારની રકમ નકકી કરી હતી. ફરીયાદી જગદીશભાઈએ આરોપી તેજસ દલાલને રૂ.૭.૫૦ લાખ આર.ટી.જી.એસ. અને રૂ.૧ લાખ રોકડેથી આમ, ફલ્લે રૂ.૮.૫૦ લાખ ચુકવ્યા હતા. પરંતુ ફલેટનો દસ્તાવેજ દલાલ દ્વારા ફરીયાદીને દસ્તાવેજ કરી ન આપતા સોદો રદ કરવામાં આવ્યો હતો અને ઉપરોકત રકમ યાને કે રૂ.૮.૫૦ લાખ તથા દલાલી તથા લેટ પેનલ્ટી મળી ફલ્લે રૂ.૯.૫૦ લાખનો ચેક તેજસ દલાલે જગદીશ સુરતીને આપ્યો હતો. જે ચેક રીટર્ન થતાં જગદીશ સુરતીએ આરોપી દલાલ તેજસ સામે કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. આ કેસ ચાલી જતા કોર્ટે આરોપી તેજસ દલાલને ૨ વર્ષની સાદી કેદની સજા અને ચેકની બમણી રકમ ચુકવવા આદેશ કર્યો હતો. ફરિયાદી તરફે એડવોકેટ રાકેશ એ. મૈસરીયા, નૈતિક ડી. ચૌહાણ તથા નિસર્ગ બી.દેસાઈ હાજર રહ્યા હતા.



(તસ્વીરઃ હનીફ મલેક)

સુરતમાં શિયાળાની ઠંડીની શરૂઆત થઈ નથી પણ શિયાળુ પાકનું બજારમાં મોટા પ્રમાણમાં આગમન થયં છે. જથ્થાબંધ બજારમાં રિંગણાનો મોટો જથ્થો ખડકી દેવામાં આવ્યો છે.

# ગુજરાતમાં વહેલી સવારે ઠંડીના ચમકારા ઘણાં શહેરના તાપમાનમાં ઘટાડો થયો

## આવનારા દિવસોમાં જોરદાર ઠંડી પડવાની આગાહી જાહેર

અમદાવાદ, તા.૧૬

ગુજરાતમાં ધીમે ધીમે ઠંડી પડવાની શરૂઆત થઈ રહી છે. જો કે, કેટલાક શહેરોમાં બપોરના સમયે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. પરંતુ ઘણાં વિસ્તારોમાં સાંજ પડતાની સાથે ઠંડી પડવા લાગી છે. નવેમ્બરના ૧૫ દિવસ વીતી ચૂક્યા છે, પરંતુ હજુ પણ અપેક્ષિત ઠંડી શરૂ થઈ નથી. માત્ર સવારે અને રાત્રે જ હળવી ઠંડી હોય છે. જેના કારણે ગુજરાતમાં બેવડી ઋતુનો અહેસાસ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ચાર-પાંચ દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહી થાય.

હવામાન વિભાગે અનુસાર, અમરેલી, નલિયા, વડોદરા અને મહુવામાં લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રીથી નીચે નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં સૌથી વધુ તાપમાન ૩૪.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૯.૯ ડિગ્રી નોંધાયુ હતું.

અમરેલીમાં ૧૭ ડિગ્રી, નલિયામાં ૧૭.૫ ડિગ્રી, મહુવામાં ૧૭.૫ ડિગ્રી, વડોદરામાં ૧૭.૬ ડિગ્રી, કંડલા પોર્ટમાં ૧૮.૨ ડિગ્રી, ડીસામાં ૧૯ ડિગ્રી, પોરબંદરમાં ૧૯ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૯.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કેશોદમાં ૧૯.૪ ડિગ્રી, ભાવનગરમાં ૧૯.૮ ડિગ્રી, અમદાવાદમાં ૧૯.૯ ડિગ્રી, ભુજમાં ૧૯.૯ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં ૨૦ ડિગ્રી, સુરતમાં ૨૩.૧ ડિગ્રી, દેવભૂમિ દ્વારકામાં ૨૩.૪ ડિગ્રી અને ઓખામાં ૨૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર, આગામી દિવસોમાં રેકોર્ડ બ્રેક ઠંડી પડે તેવી શક્યતા છે. જ્યાં સુધી મજબૂત પશ્ચિમી વિક્ષેપ નહી આવે ત્યાં સુધી ઠંડી પડવાની શક્યતા નહીંવત છે. અત્યારે એક પશ્ચિમી વિક્ષેપ આવશે પરંતુ તે મજબૂત નથી. આમ છતાં ૧૭ નવેમ્બરથી ગરમીમાં કઈક અંશે ઘટાડો થવાથી ઠંડીનું જોર વધશે. આ દરમિયાન ઉત્તર ગુજરાતના ભાગોમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રીની આસપાસ જઈ શકે છે.

# નવસારીમાં આતંક મચાવનાર કપીરાજ આખરે પાંજરે પુરાયો

## વન વિભાગે પાંજરામાં પુરાયેલા વાંદરાના આરોગ્યની તપાસ કરી

નવસારી, તા.૧૬

સુપા ગામે છેલ્લા એક મહિનાથી કપિરાજે આતંક મચાવ્યો હતો, જેના કારણે ગ્રામજનો ખુબજ પરેશાન હતા. કપિરાજ લોકોના પાછળ દોડીને હુમલો કરતો અને કેટલાક લોકોને ઘાયલ પણ કરી નાખ્યા હતા. સ્થિતિ વધુ વકરતા ગામજનોને તેમના દૈનિક જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

આખરે, ત્રણ દિવસથી કપિરાજના વધતા હુમલાઓની ફરિયાદ વન વિભાગ સુધી પહોંચી હતી, વન વિભાગે તરત જ કાર્યવાહી કરતા બ્રાહ્મણ ફળિયામાં એક પાંજરું ગોઠવ્યું હતું. આજે વહેલી સવારે કપિરાજ પાંજરામાં પુરાતા ગ્રામજનોને રાહત મળી છે.



વન વિભાગના અધિકારીઓએ કપિરાજને પાંજરામાંથી પોતાની કબજામાં લીધો છે અને તેની આરોગ્યની તપાસ શરૂ કરી છે. તજજ્ઞોની મદદથી કપિરાજને યોગ્ય સ્થળે ખસેડવાની યોજના છે, જેથી તેની અને લોકોની સલામતી બંને સુરક્ષિત રહે. આ ઘટનાએ ત્યાંના લોકોમાં ફરી શાંતિનું માહોલ સર્જ્યું છે, અને વન વિભાગના કાર્યની પ્રશંસા થઈ રહી છે.

**ગુજરાતનાં**

**પહેલા પાનાનું ચાલુ**

ઈન્ટરવ્યુ આગામી સોમવારથી શરૂ કરવામાં આવશે. અમેરિકન એમ્બેસીએ સોશિયલ મીડિયા પોસ્ટ પર જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ માટે હવે નવેમ્બર અને ડિસેમ્બર દરમિયાન સમગ્ર ભારતમાં હજારો એપોઈન્ટમેન્ટ ઉપલબ્ધ છે. પ્રથમ વખત અરજદારોને ઈન્ટરવ્યુ લેવાની તક મળી જાય પછી અમે અગાઉ નામંજૂર થયેલાં અરજદારો માટે પણ સ્લોટ ખોલીશું .આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી અને ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ કવિતા પરીખે જણાવ્યું હતું કે, યુએસએ આ વર્ષે વિદ્યાર્થીઓ માટે રેડ કાર્પેટ પાથર્યું છે. અગાઉનાં વર્ષોમાં, વિદ્યાર્થીઓએ સતત સ્લોટનું નિરીક્ષણ કરવું પડતું હતું, અને વિલંબને કારણે ઘણી વખત તેમની યોજનાઓમાં ફેરફાર કરવો પડતો હતો. આ વર્ષે, ઈન્ટરવ્યૂની તારીખ તાત્કાલિક મેળવી શકાય છે. તેમણે જણાવ્યું કે, માત્ર ટ્યુશન ફી જ યુએસ માટે અબજો ડોલરનો ઉદ્યોગ છે. વિદ્યાર્થીઓ રહેવાની જગ્યાઓ માટે અને અન્ય ઘણી જગ્યાએ નાણાં ખર્ચે છે, જેનાથી યુએસ અર્થતંત્રને વેગ મળે છે.

વિઝા કન્સલટન્ટ મૌલિન જોશીએ જણાવ્યું હતું કે, છેલ્લાં બે વર્ષથી વિઝા માટે લોટરી સિસ્ટમ હતી. કેટલીકવાર, તારીખોની અનુપલબ્ધતાને કારણે વિદ્યાથીઓને છ મહિના સુધીનાં વિલંબ કરવો પડ્યો હતો. આનાથી કેટલાકને તેમનાં ઈન્ટેક શેડ્યૂલને મોકૂફ રાખવાની ફરજ પડી હતી. તેમણે કહ્યું કે, અમે માનીએ છીએ કે વિઝાની સુધારેલી પ્રક્રિયા યુએસ માટે વધુ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી શકે છે. ભારતીય વિદ્યાર્થીઓ માટે યુએસ મનપસંદ સ્થળ છે.

જો કે, નિષ્ણાતો ચેતવણી આપે છે કે વધતો જતો ફુગાવો અને યુએસમાં અભ્યાસ પછી જોબની ઘટતી સંભાવનાઓ કેટલાક વિદ્યાર્થીઓને અમેરિકન શિક્ષણમાં મોટા પ્રમાણમાં રોકાણ કરવાથી રોકી શકે છે.

**મણિપુરના**

**પહેલા પાનાનું ચાલુ**

સોમવારે બંધક બનાવવામાં આવેલા ત્રણ બાળકોમાં એક શિશુ અને અઢી વર્ષના બાળકનો સમાવેશ થાય છે. ત્રણ બંધક મહિલાઓમાં બે નાના બાળકોની માતાનો પણ સમાવેશ થાય છે. તમામ મેઈતેઈ સમુદાયના છે. ત્યાં તપાસ શરૂ કરી છે. સુરક્ષા દળો પણ હિંસાને લઈને એલર્ટ પર છે.

મણિપુર પોલીસના વરિષ્ઠ અધિકારીઓને જીરીબામ જિલ્લામાં બોરોબેકરા ખાતે આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર બાદ રાહત શિબિરમાંથી ગુમ થયેલા છ લોકોને શોધી કાઢવા માટે સર્ચ ઓપરેશન પર દેખરેખ રાખવા માટે જીરીબામ જિલ્લામાં મોકલવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે ત્રણ મહિલાઓ અને ત્રણ બાળકોને શોધવા માટે સુરક્ષા દળોની સાથે આઈજી અને ડીઆઈજી રેન્કના અધિકારીઓ જીરીબામમાં હાજર છે.

તે જ સમયે, શુક્રવારે ચુડાચંદ્રપુરમાં સેંકડો લોકો સુરક્ષા દળો સાથેની અથડામણમાં માર્યા ગયેલા લોકો માટે ન્યાયની માંગ સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ સાથે મણિપુર કોંગ્રેસે મણિપુરના છ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં AFSPA ફરીથી લાગુ કરવાની નિંદા કરી છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ કીશમ મેઘચંદ્રએ તેને સરકારની નિષ્ફળતા ગણાવી છે.

**પાકનાં**

**પહેલા પાનાનું ચાલુ**

મૃતક રાજેશ કુમારના સંબંધીની ફરિયાદ પર પાકિસ્તાન પીનલ કોડની સંબંધિત કલમો હેઠળ અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. કે શુક્રવારે ગુરુદ્વારા જન્મસ્થાન નનકાના સાહિબમાં ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વના મુખ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.ભારતમાંથી ૨,૫૦૦ થી વધુ શીખો અને મોટી સંખ્યામાં સ્થાનિક અને વિદેશી ભક્તોએ પણ તેમાં ભાગ લીધો હતો.

**બાજનૌરમાં**

**પહેલા પાનાનું ચાલુ**

લોકોના સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવતાં મોત નિપજ્યા હતા. મૃતકોમાં ૬૫ વર્ષીય ખુર્શીદ, તેમનો પુત્ર વિશાલ ૨૫ વર્ષ, પુત્રવધૂ ખુશી ૨૨ વર્ષ ઉપરાંત મુમતાઝ, રૂબી અને ૧૦ વર્ષની પુત્રી બુશરાનો સમાવેશ થાય છે.

પરિવારના છ સભ્યો ઉપરાંત થ્રી વ્હીલર ચાલકનું પણ સારવાર માટે બિજનૌર લઈ જવામાં આવતા મૃત્યુ થયું હતું. અકસ્માતમાં ઘાયલ થયેલા શેરકોટના રહેવાસી સોહેલ અલ્વી અને ક્રેટા સવાર અમનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અકસ્માત અંગે માહિતી આપતાં એસપી અભિષેક ઝાએ જણાવ્યું હતું કે, ''ધામપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વહેલી સવારે ક્રેટા વાહન અને ઓટો વચ્ચે અથડામણ થઈ હોવાની માહિતી મળી હતી. ક્રેટા બીજા વાહનને ઓવરટેક કરી રહી હતી અને અચાનક તેનું પ્લેન બદલી નાખ્યું. અને ઓટોમાં મુસાફરી કરી રહેલા સાત લોકો મુરાદાબાદ રેલ્વે સ્ટેશનથી પરત ફરી રહ્યા હતા લોકોના પરિવારજનોને જાણ કરવામાં આવી છે અને તમામ મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે અને પરિવારોને શક્ય તમામ મદદ કરવામાં આવી રહી છે.

**દિલ્હીમાં**

**પહેલા પાનાનું ચાલુ**

હિરેનની તસવીરો પણ શેર કરી છે.આગળ શુંઃ યુપી, પંજાબ, હિમાચલમાં ખૂબ જ ગાઢ ધુમ્મસ રહેશે પંજાબ-ચંદીગઢમાં ધુમ્મસનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજસ્થાનમાં બે દિવસ ગાઢ ધુમ્મસનું એલર્ટ છે. યુપી અને પંજાબમાં ૧૫મી નવેમ્બર સુધી અને હિમાચલમાં ૧૮મી નવેમ્બર સુધી રાત્રિ અને સવારના સમયે ખૂબ જ ગાઢ ધુમ્મસ રહેશે. હરિયાણા, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહાર, ઝારખંડમાં ૧૬ નવેમ્બર સુધી ધુમ્મસ રહેવાની શક્યતા છે.

**સ્વાતંત્ર્ય સંગ્રામના**

**પેજ-૨ પાનાનું ચાલુ**

નિર્માણ કર્યા છે અને બીજા પુલોના કામો ચાલી રહ્યા છે. મહુવા તાલુકો પશુપાલન સાથે સંકળાયેલો હોય આગામી સમયમાં તાલુકામાં વેટરનરી કોલેજનું નિર્માણ થાય તે માટે મંત્રીશ્રીને રજુઆત કરી હતી.

આ અવસરે શિક્ષણની જયોત સમી રેશિડેન્સીયલ સ્કુલના નિર્માણ માટે જમીન આપવાના હકારાત્મક અભિગમ અપનાવવા માટે બારતાડ ગામના સરપંચ શ્રીમતિ સૈઝલબહેનનું મંત્રીના હસ્તે સન્માન કરાયું હતું.

આ અવસરે કૃષિ મંત્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે આદિજાતિની કલ્યાણકારી યોજનાના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરાયું હતું. મંત્રી તથા ધારાસભ્યના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિહારના જમુઈથી 'પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન- પી.એમ. જનમન'ના લાભાર્થીઓ સાથેના ઈ- સંવાદના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ સૌએ નિહાળ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવિનીબેન પટેલ, બાંધકામ સમિતિના ચેરમેન શ્રી રાકેશભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી શિલાબેન, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતિ શિવાની ગોયલ, પ્રાયોજના વહીવટદાર નિધિ શિવાચ, પ્રાંત અધિકારી જીગ્ના પરમાર, અગ્રણી જીગર નાયક, મામલતદાર-તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**ચેક રિટર્ન કેસમાં**

**પેજ-૨ પાનાનું ચાલુ**

સુપ્રીમકોર્ટના જજમેન્ટને ધ્યાને લઈને આરોપીને બચાવ ટ્રાયલ કોર્ટ માન્ય રાખેલ નહી, કાયદેસરના નાણાં બાબતનો તેમજ માલ ખરીદ કરેલ નહી તે બાબતનો બચાવ પણ નામ.કોર્ટેએ ગ્રાહ રાખેલ નથી. અને ટ્રાયલ કોર્ટ ફરીયાદી તર્ફે એડવોકેટ નરેશ નાવડીયા, ભાવેશ નાવડીયા, સંદીપ માંગુકીયાની દલીલો માન્ય રાખી આરોપી દિનેશભાઈ બલદાણીયા ને તકસીરવાર ઠરાવી ૧ (એક) વર્ષની કેદની સજા, અને રકમ રૂા.૩,૭૬,૩૮૨– ચેકની તારીખથી વાર્ષિક ૦૬ ટકા લેખે સાદા વ્યાજ સહિતની તમામ રકમ વળતર તરીકે દિન -૫૦ ચુકવવા આદેશ કરવામાં આવે છે.

**ચીખલી તાલુકાના**

**પેજ-૨ પાનાનું ચાલુ**

પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન અને ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાનનો મુખ્ય સંકલ્પ આદિમજૂથના સમુદાયનો સર્વાંગી વિકાસનો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજના થકી આદિમજૂથના પરિવારના લોકો પોતાના હકની જાણકારી પ્રાપ્ત કરી લાભન્વિત બને અને વિકાસની મુખ્યધારામાં યોગદાન આપે.

બિહાર રાજ્યના જમુઈ ખાતેથી આયોજિત પ્રધાનમંત્રીશ્રીનો આદિમજૂથના લાભાર્થીઓ સાથેનો સંવાદ કાર્યક્રમ તથા ગુજરાતના ડાંગ જિલ્લામાં આયોજિત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન કાર્યક્રમનું લાઈવ પ્રસારણ મહાનુભવો સહિત ઉપસ્થિત સૌ લોકોએ નિહાળ્યું હતું. ત્યારબાદ વાંસદા તાલુકાના સુખાબરી ગામના લાભાર્થી હિનાબેન ભોયાએ પોતાને મળેલ આવાસનું વર્ણન કરી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે જિ.પંચાયત પ્રમુખ શ્રી પરેશભાઈ દેસાઈ , ઈ.જિલ્લા કલેકટર વ જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પ લતા , જિલ્લા પોલોસ અધિક્ષકશ્રી સુશીલ અગ્રવાલ , નિવાસી અધિક કલેકટરશ્રી કેતન જોષી , જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક વી.ડી.ઝાલા , ચીખલી પ્રાંત અધિકારી મિતેશ પટેલ , જિલ્લા સંગઠન પ્રમુખ ભૂરાભાઈ શાહ , તા.પંચાયતના પ્રમુખો, તાલુકા વિકાસ અધિકારી, મામલતદારશ્રીઓ તથા જુદા જુદા તાલુકાઓમાંથી આદિમજૂથના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, નવસારી જિલ્લામાં આદિમજૂથ સમુદાયના ૧૧૩ ગામોમા કુલ ૨૩૫ વસાહતોમા વસતા આદિમજુથ સમુદાયના સર્વાંગી વિકાસ માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે . પીએમ-જનમન અભિયાનના લોકજાગૃતિ ફેલાવવા તથા આદિમજુથના લોકોને લાભ આપવા માટે તા.૨૫મી ડિસેમ્બર, ૨૦૨૩થી આઈ.ઈ.સી. સેચ્યુરેશન કેમ્પેઈન શરૂ કરવામાં આવેલ હતા . જે અંતર્ગત આદિમજુથ સમુદાયોને સરકારશ્રીના જુદા-જુદા વિભાગો દ્વારા ચાલતી વિવિધ યોજનાઓ હેઠળ અત્યાર સુધીમાં કુલ- ૩૩૧ આવાસો, ૬૦૦ વીજ કનેકશન, ૬૮૯ નલ સે જલ હેઠળ જોડાણ, ૨૬૧ પીએમ કીસાન યોજનાનો લાભ, પી.એમ.વિશ્વ કર્મા યોજના હેઠળ ૨૦૩ પીએમ વિશ્વકર્મા કાર્ડ વિગેરે યોજનાઓનો ઘરથી ઘર લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, પી.એમ.જનમન અંતર્ગત સામુદાયિક કામોમાં નવસારી જિલ્લાની કુલ-૧ મલ્ટી પરપઝ સેન્ટર વાંસદા તાલુકાના ગંગપુર ખાતે બનાવવા માટે રૂા. ૬૦ લાખ મંજુર કરવામાં આવેલ. જેમાં આંગણવાડી, કલાસ રૂમ, એ.એન.એમ. સેન્ટર તેમજ ૧૦૦ લોકોનો સમાવેશ થાય તેટલી કેપેસીટીનો હોલ સાથે તૈયાર કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે .

**કાલે એલપી સવાણી**

**પેજ-૨ પાનાનું ચાલુ**

તથા ક્રિટિકલ અને ટ્રોમા કેર વિભાગ, દાંત વિભાગ, રિહેબિલિટેશન, ફિઝીઓથેરાપી તથા હેલ્થ ચેકઅપ જેવા જુદા જુદા વિભાગોની સેવાઓ ઉપલબ્ધ રહેશે. તે ઉપરાંત ૧.૫ ટેસલા એમઆરઆઈ, ૧૨૮ સલાઈસ સીટી સ્કેન, મેમોગ્રાફી, ડીજીટલ એક્ષ-રે, સોનોગ્રાફી, ટીએમટી એકોકાર્ડિઓગ્રાફી તેમજ ૨૪ કલાક કાર્યરત દવાની દુકાન, લેબોરેટરી, એમ્બ્યુલન્સ અને ક્રિટિકલ કેરની સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. મુખ્ય મહેમાન ભારત સરકારના જલ મંત્રી શ્રી. સી. આર. પાટીલ સાથે ગૃહપ્રધાન શ્રી હર્ષ સંઘવી, જંગલ અને પર્યાવરણ ખાતાના પ્રધાન શ્રી મુકેશ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયા, સાંસદ શ્રી. મુકેશ દલાલ, રાજ્યસભાના સભ્ય શ્રી. ગોવિંદભાઈ ધોળકિયા તથા સુરત શહેરના સર્વે ધારાસભ્યો તથા પદ્મશ્રી એવાર્ડ શ્રી પુરસ્કૃત શહેરના મહાનુભાવો, તથા શહેરના અન્ય પ્રતિષ્ઠિત અગ્રણીઓ હાજર રહેશે.

આ પ્રેસ કોન્ફરન્સમાં ડૉ. નિર્મલ ચોરારીયા, શ્રી. વિનોદ ચોરારીયા, ડૉ. કુશલ ચોસરિયા, શ્રી. સૌમ્ય ચોરસરીયા, ડૉ પ્રદીપ પેઠે, ડૉ.વિજય શાહ, તથા શ્રી. જતિન જોશી હાજર રહ્યા હતા.

**દારૂના નશામાં**

**પેજ-૨ પાનાનું ચાલુ**

કારણે તેના સાથી કર્મચારીઓ પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

મોડીરાત્રે દારુના નશામાં ચૂર થઈને વાહનોનો ભુક્કો બોલાવી દેનાર આસિસ્ટન્ટ ઈજનેર સામે સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાઈ છે. અમિત પટેલ (રહે. મંદિરવાળી શેરી, અંબાનગર, ખટોદરા) નોંધાવેલી સત્તાવાર ફરિયાદમાં પોલીસે આરોપીના નામનો ઉલ્લેખ કર્યો નથી જોકે, પોલીસે નિલાંગ ગાયવાલાની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી કરી છે. ઉલ્લેખનીય છેકે, ઉભેલા વાહનોને કતારબંધ ઠોકી દેનાર નિલાંગ ગાયવાલાની કાર એટલી પુરપાટ ઝડપે ચાલતી હતી કે ત્રણ વાહનોને અડફેટે લીધા બાદ તેની કિયા સેલ્ટોસ કાર નં. જીજે ૦૫-આરએ-૯૮૦૧ ડિવાઈડર કુદાવીને સામેના રોડ પર પહોંચી ગઈ હતી. સદનસીબે તેની કાર પલટી નહોતી ખાધી. જોકે અકસ્માત સર્જાતા જ દારુનો નશો ઉતરી ગયો હતો અને લોકો તેના સુધી પહોંચે ત્યાં તો એક સફેદ કલરની મોપેડ પર આવેલો શખ્સ તેને બેસાડીને ફરાર થઈ ગયો હતો. બનાવ સંદર્ભે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**બેંકના ૧૧૧ કર્મચારીઓ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

છે. અંગદાનનો સંકલ્પ લેવા માટે ૯૦૮૧૮૧૨૦૪૭ નંબર પર મીસ્ડકોલ કરો.

નોંધનીય છે કે, સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી ડોનેટ લાઈફ સંસ્થા દ્વારા ૧૨૬૪ અંગો અને ટીશ્યુઓનું દાન કરાવવામાં આવ્યું છે, જેને કારણે દેશ અને વિદેશના કુલ ૧૧૬૨ વ્યકિતઓને નવજીવન મળ્યું છે.

**ફરિયાદ પક્ષની**

**છેલ્લા પાનાનું ચાલુ**

આ કેસની હકીકત જાણવા મળ્યા મુજબ સુરતના એ-ફએસએલમાં ફરજ બજાવતા કર્મચારી સામે પત્નિ દ્વારા પોલીસ કેસ કરવામાં આવ્યો હતો. આ અંગેનો કેસ જેએમએફસીમાં કોર્ટમાં ચાલી રહ્યો છે. દરમિયાન નામદાર કોર્ટ દ્વારા ફરિયાદ પક્ષનાને સમન્સ ઈસ્યુ કરાયો હતો. આ સમન્સની બજવણી માટે જેતે પોલીસ મથકને અપાયો હતો. દરમિયાન સમન્સની બજવણી કરનાર પોલીસકર્મીએ જે-તે સમન્ય વાળી વ્યક્તિ બહારગામ હોવાનો શેરો મારી નામદર કોર્ટમાં રજુ કરાયો હતો. દરમિયાન કેસની તારીખ વખતે નામદાર કોર્ટના ધ્યાને આવ્યું હતું કે, સમન્સવાળી વ્યક્તિનું મૃત્યુ થયું છે. તેમ છતાં સમન્સ બજાવનાર પોલીકર્મીએ બહારગામનો શેરો માર્યો હતો. જેથી નામદાર કોર્ટ દ્વારા સંબંધિત પોલીસકર્મીને આ મુદ્દે ટકોર કરાયો હોવાનું જાણવા મળ્યું છે.

**વલસાડ પારડી**

**છેલ્લા પાનાનું ચાલુ**

પીએમ રિપોર્ટના અભિપ્રાયમાં યુવતી ઉપર રેપ ગુજારવામાં આવ્યો હોવાનો ચોંકાવનારો ખુલાસો થતાં આ મામલે પોલીસ દ્વારા તપાસ શરૂ કરાઈ છે. આદિજાતિ મંત્રી કુંવરજી હળપતિ દ્વારા આ બાબતે એસપી નો સંપર્ક કરી આદિવાસી સમાજની દીકરી ને ન્યાય મળે અને આરોપી ઓ ઝડપથી પકડાઈ તે માટે ઝડપી તપાસ આરંભવા જણાવ્યું છે. આદિવાસી સમાજની દીકરી હોય આરોપી ઓ ઉપર કડક પગલાં લેવાશે તેમ પ્રતાપ દર્પણ પ્રતિનિધિ સાથેની વાતચીત માં મંત્રી કુંવરજી એ જણાવ્યું હતું.

**એસઓજી પોલીસે**

**છેલ્લા પાનાનું ચાલુ**

કરતી એક બાંગ્લાદેશી મહિલાને ઝડપી પાડી તેની વિરૂધ્ધ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો. આ મહિલાને એસઓજીના એએસઆઈ મોહમદ મુનાફ ગુલામરસુલે દિલ્હીગેટ ચાર રસ્તા ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપ પાસેથી ઝડપી પાડી હતી. મહિલાએ તેને એક બાંગ્લાદેશના એજન્ટે ગેરકાયદેસર રીતે બોર્ડર ક્રોસ કરાવી ભારતમાં મોકલી હોવાની કબુલાત કરી હતી. આ મહિલાની પોલીસે વધુ પુછપરછ હાથ ધરી હતી. સુરત શહેર પોલીસ દ્વારા થોડા સમય પહેલા જ ઓપરેશન બાંગ્લાદેશ હાથ ધરીને લિંબાયત, ઉધના, ડિંડોલી સહિતના વિસ્તારોમાં કે જયાં માઈગ્રન્ટ પોપ્યુલેશન વધુ છે ત્યાંથી ગેરકાયદેસર વસવાટ કરતા બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા હતા. દરમિયાન હજી પણ શહેરના કેટલાક વિસ્તારોમાં ગેરકાયદેસર વસવાટ કરતા બાંગ્લાદેશીઓ હોવાનો વધુ એક પુરાવો મળી આવ્યો છે. સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ દ્વારા મુળ બાંગ્લાદેશના જોસર જીલ્લાના કેશવપુર તાલુકાના બરેંગા ગામની વતની રસીદાબેગમ જહાંગીરઅલી શેખ ઉ.વ.૩૬ વેડરોડ અખંડ આનંદ કોલેજની સામે વિશ્રામનગરમાં રહેવા લાગી હતી. તેણીને ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશની બોર્ડર ક્રોસ કરાવી એક એજન્ટે ભારત મોકલી આપી હોવાનું પોલીસને ધ્યાને આવતા તેની ધરપકડ કરી ગુનો નોંધવામાં આવ્યો છે.

**બે ડિગ્રી તાપમાનમાં**

**છેલ્લા પાનાનું ચાલુ**

દરિયાની સપાટી ઉપર હવાનું દબાણ ૧૦૧૩.૬ મિલીબાર નોંધાયું છે. ન્યુનત્તમ તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો થતા સવારના સમયે આશિક ઠંડીની અસર જોવા મળી હતી. હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર આગામી દિવસોમાં ઉત્તર દિશામાંથી પવન ફુંકાવાને કારણે ઠંડીની અસર વધશે.

**મગદલ્લા જમીન**

**છેલ્લા પાનાનું ચાલુ**

આપી હતી. જેનો દસ્તાવેજ બનાવી આપતા પહેલા વધુ કરોડો રૂપિયાની માતબર રકમ કઢાવી લેવા પીના ગુજરાતી,તેના દિકરા ક્રિષ્ણા અને વચેટિયા મુકેશ સવાણીએ પોત પ્રકાશ્યું હતું. મહેશ સવાણીના રાજુ અંબેલાલ દેસાઈ સાથે કોઈ ધંધાકીય કે નાણાકીય વ્યવહાર ન હોવા છતા તેમના નામની વ્યાજે નાણા અંગેની લેવડ દેવડની બોગસ અને બનાવટી ખોટી વેલ્યુએબલ સીક્યુરીટી ઉભી કરી હતી. આ ખોટી ચિઠ્ઠી આધારે ગુજરાતી પિતા-પુત્ર અને વચેટિયા મુકેશ સવાણીએ મહેશ સવાણી અને વેવાઈ જગુ ખેની ઉપર ખોટુ માનસિક દબાણ ઉભુ કરી રૂ.૫.૬૧ કરોડ બળજબરીથી પડાવી લીધા હતા. આખરે મહેશ સવાણીએ સુરત ક્રાઈમ બ્રાંચમાં આ ઠગો વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

પ્રેસનોટ તથા જાહેરખબરો

માટે સંપર્ક કરો

-:: અડાજણ મેઈન કાર્યાલય ::-

એફ-૩, રવિરાજ ફ્લેટ, મહાલક્ષ્મી મંદિર સર્કલ પાસે, અડાજણ, સુરત.

મો.નં.૯૮૨૪૬-૫૫૭૫૫, ૯૮૨૫૫-૩૨૫૦૫

-:: અંકલેશ્વર બ્રાન્ચ કાર્યાલય ::-

નાઝુભાઈ ફડવાલા

મો.૯૮૨૫૧-૫૮૩૯૩

-:: ભરૂચ બ્રાન્ચ કાર્યાલય ::-

ધનંજય ઝવેરી

મો.૯૯૭૮૪-૦૬૯૨૩

-:: કોસંબા બ્રાન્ચ કાર્યાલય ::-

સોહેલભાઈ

મો.૯૯૭૮૪-૨૪૬૮૮

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

શનિવાર, તા.૧૬ નવેમ્બર ૨૦૨૪ મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in

# હાજીર હો... આજે અનિલ રૂંગટા પોલીસ સમક્ષ હાજર થશે

## ફાયર અધિકારીઓની પણ આજે પુછપરછ થશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

સીટી લાઈટ રોડ, પેન્ટલૂમ ની બાજુમાં આવેલ છે ની બાજુમાં આવેલ શિવ પૂજા શોપિંગ સેન્ટર ના ત્રીજા માળે પ્ન ૧૧ જીમ મા ગુંગળામન ને કારણે બનેલી દુર્ઘટનામાં તપાસ કરી રહેલા આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ વિજય મલ્હોત્રા એ પ્રતાપ દર્પણ ના સંવાદદાતા ને જણાવ્યું હતું કે, શિવ પૂજા ની દુર્ઘટના બાબતે આજે ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઈશ્વર પટેલ, ડિવિઝનલ ફાયર ઓફિસર હરીશ ગઢવી ,ફાયર ઓફિસર પ્રકાશ પટેલ અને ફાયર કોલ એટેન્ડ કરનાર ને ઉમરા પોલીસ મથકમાં શનિવારે બપોરે ૧૨ કલાકે પૂછપરછ અને જવાબ લખાવવા માટે બોલાવ્યા છે.. આ ત્રણેય ફાયર ઓફિસરો બપોરે ૧૨ કલાકે ઉમરા પોલીસ મથકમાં જવાબ લખાવવા માટે પહોંચી ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

સુરત સીટી લાઈટ વિસ્તારમાં આવેલા શિવ પૂજા કોમ્પલેક્ષમાં ૬ નવેમ્બર ની સાંજે આગ લાગતા ગુંગળામણને કારણે બે મહિલાઓના કરુણ મોત નીપજવાની ઘટનાના પગલે ઉમરા પોલીસે જીમ સંચાલક અને સ્પા સંચાલકની સાપરાધ મનુષ્યવધના એટલે કે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ ગુનામાં ધરપકડ કરી હતી. આ ગુનામાં આરોપીઓના રિમાન્ડ અદાલતે રદ કર્યા બાદ તેઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા. જોકે ઉમરા પોલીસે સેશન્સ કોર્ટમાં જીમ અને સ્પા સંચાલક સામે રિમાન્ડ રીવીઝન અરજી સોમવારે સાંજે દાખલ કરી હતી અને જેની સુનવણી ગુરુવાર એટલે કે ગતરોજ ? કોર્ટમાં હાથ ધરવામાં આવી હતી. રિમાન્ડરિવિઝન પર સરકારી એડવોકેટ અને બચાવ પક્ષના એડવોકેટ ની દલીલો પૂરી થયા બાદ ત્રણેય આરોપીઓના શનિવાર સાંજ સુધીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા બાદ પોલીસે ત્રણેય આરોપીઓની કસ્ટડી લઈ લીધી હતી. જોકે આજે સવારથી ત્રણેય આરોપીઓની પૂછપરછ શરૂ કરી હતી. પોલીસ રિમાન્ડ દરમિયાન મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાળાએ એવી પણ દલીલ કરી હતી કે ઝડપાયેલા આરોપીઓ બિલ્ડર અને વેચનાર ની સામસામે ક્રોસ ઈન્ટરવેશન કરવામાં આવે. શનિવારના રોજ અનિલ રોંગટા આજે બપોર સુધીમાં પોલીસ સમક્ષ જવાબ લખાવવા હાજર થવાના છે ત્યારે તેમને પણ આરોપીઓ ની સાથે બેસાડી સામસામે ક્રોસ ઈન્ટરવેશન કરવામાં આવશે એવું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. શરૂ થશે. આરોપીઓના વકીલ વિનય શુક્લા અને ઝફર બેલાવાલા દ્વારા દલીલો કરવામાં આવી હતી.

આ કેસની વિગતો એવી છે કે, સીટી લાઈટ વિસ્તારના શિવ પૂજા કોમ્પ્લેક્સ માં અમૃતિયા સ્પા એન્ડ સલુન આવેલું છે. ૬ નવેમ્બર ના રોજ સાંજના સુમારે સ્પા એન્ડ સલૂન માં કોઈક કારણોસર આગ લાગી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયર બ્રિગેડ ના અધિકારીઓ અને લાસ્કરો ઘટના સ્થળે ઘસી જઈને આગની બુજાવી નાખી હતી પરંતુ સિક્કિમની બે મહિલાઓ ૩૦ વર્ષની બીનુંહંગમાં લીંબુ અને મનીષા દલાઈ નું ગુંગળામણ ને કારણે કરુણા મોત નીપજયું હતું. આ ઘટનાના પગલે ઉમરા પોલીસ સ્ટેશનનો પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.. આગ અને ગુંગળામણ ના કારણોની તપાસ કરવા માટે ફોરેન્સિક સાયન્સ

લેબોરેટરી ના સાયન્ટિફિક ઓફિસરો ઘટના સ્થળે પહોંચી ગયા હોવાનું પણ પોલીસે જણાવ્યું હતું.

### અન્ય આરોપીઓ અને મિલ્કત વેચનારા સાથે વીએચપીના પ્રમુખની પુછપરછ કરાશે

## જીમ દુર્ઘટના પ્રકરણમાં પકડાયેલા ત્રણેય આરોપીના આજે રિમાંડ પૂરા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

સીટી લાઈટ રોડ ની પેન્ટલૂમની બાજુમાં આવેલ શિવ પૂજા શોપિંગ સેન્ટર માં ૬ નવેમ્બરના રોજ સાંજના સુમારે બનેલી દુર્ઘટનામાં ઉમરા પોલીસે જીમ સંચાલક શાહ નવાજ, સ્પા સંચાલક દિલશાદ ખાન અને વસીમ ચૌહાણની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી શનિવાર બપોર સુધીના રિમાન્ડ મેળવ્યા હતા. આ રિમાન્ડ આજે બપોરે પૂરા થતા તેઓને ફરી કોર્ટમાં રજૂ કરવામાં આવશે એવું આ ગંભીર ગુનાની તપાસ કરનાર એસીપી વિજય મલ્હોત્રાએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમરા પોલીસે અગાઉ ત્રણ આરોપીઓને છઠ્ઠા એડિશનલ સિનિયર સિવિલ જજ એ એ વાયડા ની કોર્ટમાં રજૂ કરી સાત દિવસના રિમાન્ડ માગ્યા હતા. પરંતુ બંને પક્ષોની દલીલોની રિમાન્ડ ફગાવી દઈ જ્યુડિશિયલ ખાતે મોકલી આપ્યા હતા.



પીપલોદના બિલ્ડરને હનીટ્રેપમાં ફસાવી રૂા.૫ લાખનો તોડ કરનાર ટોળકીને પોલીસે ઝડપી પાડ્યા હતા.

## મગદલ્લા જમીન વિવાદમાં પીના ગુજરાતી સહિત ત્રણ સામે ફોજદારી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

મગદલ્લા ખાતેની જમીન વિવાદમાં પાટીદાર અગ્રણી મહેશ સવાણીના નામની વ્યાજે નાણા અંગેની લેવડ દેવડની બોગસ અન બનાવટી ખોટી વેલ્યુએબલ સિક્યુરીટી ઉભી કરી વેડરોડના ગુજરાતી પિતા-પુત્રએ રૂ.૫.૬૧ કરોડ પડાવી લીધાની ફરિયાદ ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

મૂળ ભાવનગર પાલીતાણાના રાણપરડાગામના વતની અને ભટાર જીવકોર નગર પાસે આશીર્વાદ પેલેસમાં રહેતા મહેશ વલ્લભ સવાણીએ વેડરોડ ગુરુકુલ સ્થિત લક્ષ્મીવાડી સોસાયટીમાં આવેલા શ્રીવિલા બંગ્લોઝમાં રહેતા પ્રવિણ ઉર્ફે પીના શામજી ગુજરાતી, દિકરા ક્રીષ્ણા પ્રવિણ ગુજરાતી અને મુકેશ છગન સવાણી(રહે. વિશ્વકૃપા સોસા.,સુમુલડેરી રોડ) સામે ઠગાઈ અને પૈસા પડાવવાની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી જણાવ્યું હતુ કે, મહેશ સવાણીએ પ્રવિણ ઉર્ફે પીના ગુજરાતી પાસે મગદલ્લાવાળી જમીન ખરીદી હતી. આ જમીન મહેશ સવાણીએ તેમના વેવાઈ જગુ ખેનીને વેચાણથી

અનુસંધાન પાના ૭ પર

### ખોટા દસ્તાવેજોના આધારે પાટીદાર અગ્રણી મહેશ સવાણી પાસેથી આરોપી પીના ગુજરાતી, પુત્ર ક્રિષ્ના ગુજરાતી અને મુકેશ સવાણીએ રૂા.૫.૬૧ કરોડ પડાવી લીધા હતા

### વોરંટ-સમન્સ બજવણીમાં પોલીસની ગોલમાલ

## ફરિયાદપક્ષની વ્યક્તિ મૃત છતા સમન્સ બજવણીમાં બહારગામનો શેરો મરાયો

### કોર્ટના ધ્યાને વાત આવતા સંબંધિત સમન્સ બજવણી કરનાર પોલીસકર્મી તલબ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

કોર્ટના વોરંટ સમન્સ બજવણીમાં કેવી લાલિયાવાડી ચાલી રહી છે. એની એક ઘટના તાજેતરમાં કોર્ટનાં ધ્યાનમાં આવી હતી. ફરિયાદ પક્ષોને ઈસ્યુ થયેલા સમન્સની બજવણી કરનાર પોલીસ કમીએ જે તે સમન્સવાળી વ્યક્તિ બહારગામ હોવાનો શેરો મારી કોર્ટમાં રજુ કરાયાં બાદ જેના નામનો સમન્સ ઈસ્યુ થયો હતો. એ વ્યક્તિ હયાત જ નથી. તેમ છતાં સમન્સ બજાવનાર પોલીસ કર્મીએ બહારગામનો શેરો મારતા કોર્ટદ્વારા સમન્સ બજાવનાર પોલીસ કર્મીને ટકોર કરાયો હોવાનું જાણવા મળ્યું છે.

અનુસંધાન પાના ૭ પર

## વલસાડ પારડી રેપ વિથ હત્યા કેસ : ગુનેગારોને ઝડપથી પકડી પાડવા મંત્રી કુંવરજી હળપતિનો પોલીસને નિર્દેશ

### આદિવાસી દીકરી સાથે બનેલી ઘટનાથી સમાજમાં રોષ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

પારડી ખાતેના મોતિવાડ હાટ બજાર ખાતે રેલવે સ્ટેશન ગરનાળા પાસેથી એક ૨૬ વર્ષીય યુવતીની લાશ મળી આવી હતી. આ બનાવમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ યુવતી ઉપર રેપ કરી તેની હત્યા કરવામાં આવી હોવાનો ખુલાસો થતાં ચકચાર મચી જવા પામી છે ત્યારે આ મામલે આદિજાતિ વિકાસ મંત્રી કુંવરજી હળપતિએ એસપી નો સંપર્ક કરી આરોપીઓ ને શક્ય તેટલા વેહલા ઝડપી પાડી તેમની વિરુદ્ધ કડક કાર્વાહીની માંગ કરી છે. આદિવાસી સમાજની દીકરી ઉપર ગુજારાયેલા રેપ અને હત્યાની ઘટના થી આદિવાસી સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે ઘટનાના ૨૪ કલાક સુધી હજી આરોપી પકડાયા ન હોય મંત્રી કુંવરજી હળપતિ દ્વારા વલસાડ પોલીસ ના એસપી સહિત ઉચ્ચ અધિકારીઓ ને આ બાબતે તાત્કાલિક ધોરણે આરોપીઓ ને પકડી પાડી ભોગબનનાર આદિવાસી સમાજની દીકરીને ન્યાય આપવાની માંગણી કરવામાં આવી છે.

બે દિવસ પેહલા વલસાડનાં પારડી ખાતે રહેતી ૨૬ વર્ષીય યુવતી ટ્યુશન ક્લાસમાં ગયા બાદ મોડી સાંજ સુધી ઘરે પરત ફરી ન હતી. દરમિયાન પરિવારજનોએ તેની શોધ ખોળ કરતા યુવતીની પારડી મોટીવાડ હાટ બજાર નજીક રેલવે સ્ટેશન ગરનાળા પાસે થી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. પોલીસ તપાસ અને ડોક્ટરો ના

અનુસંધાન પાના ૭ પર

## બે ડીગ્રી તાપમાનમાં ઘટાડા સાથે ઠંડક પ્રસરી

### શહેરમાં ૪ કિમીની ઝડપે પવન ફૂંકાયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

શહેરનું ન્યુનત્તમ તાપમાન ૨ ડિગ્રી ઘટવા સાથે સવારના સમયે ઠંડીની થોડી અસર જોવા મળી રહી છે. મહત્તમ તાપમાન પણ આજે એક ડિગ્રી ઘટવાને કારણે બપોરના સમયે બફારા અને ઉકળાટથી થોડે અંશે રાહત રહી હતી.

લઘુત્તમ તાપમાનનો પારો ૨ ડિગ્રી ઘટવા સાથે તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો છે. મહત્તમ તાપમાનનો પારો ગઈકાલ કરતા આજે એક ડિગ્રી ઘટ્યો છે. મહત્તમ તાપમાન ૩૫ સેલ્સિયસ ડિગ્રી નોંધાવા સાથે નોર્થ વેસ્ટમાંથી ૪ કિ.મીની ઝડપે પવન ફુંકાતા મોડી રાત્રિથી વહેલી સવાર સુધી ઠંડીની અસર જોવા મળી હતી. હવામાં ભેજનું પ્રમાણ ૭૬ ટકા

અનુસંધાન પાના ૭ પર

## ધાર્મિક લાગણી દુભાવનાર ચાંદ શેખની ધરપકડ થઈ

### ક્લાસિસ ચલાવતા શિક્ષકે સોશિયલ મીડિયા પર પોતાની માનસિકતા છતી કરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

લિંબાયતમાં ઓમ નગર ખાતે રહેતા સુલેમાન ચાંદ શેખ નામના એક શિક્ષકે કોચિંગ ક્લાસ ના નામનું પેમફ્લેટ બનાવી તેમાં હિન્દુ સંગઠનો અને એકતા નું વાતાવરણ બગડે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. હિન્દુ સંગઠનોની લાગણી દુભાઈ અને વિગ્રહ ફેલાઈ તેવા લખાણો લખીને શોશિયલ મીડિયા ઉપર પોસ્ટ કરવામાં આવ્યા હતા. આ મામલે લિંબાયત પોલીસને સોશિયલ મીડિયાના માધ્યમથી જાણ થતાં પીઆઈ એસ.બી. પઢેરિયા ના માર્ગદર્શન મુજબ પીએસઆઈ ઓડેદરાએ આરોપી ચાંદ શેખની ધરપકડ કરી લીધી હતી. કટ્ટર માનસિકતા ધરાવતા શિશક ચાંદ શેખ ની હાલ પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે. ચાંદ શેખ કોની કોની સાથે સંકળાયેલો છે અને શાંતિ નું વાતાવરણ બગાડવા તેણે ક્યાં ક્યાં ગ્રુપો અને સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી હતી તે મુદ્દે પણ પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવશે.

## એસઓજી પોલીસે ગેરકાયદે વસવાટ કરતી બાંગ્લાદેશી મહિલા ઝડપી પાડી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

સુરત, તા. ૧૬ એસઓજી પોલીસે બાતમીને આધારે વેડરોડ અખંડ આનંદ કોલેજની સામે વિશ્રામનગર સોસાયટીમાં ગેરકાયદેસર રીતે વસવાટ

અનુસંધાન પાના ૭ પર







